MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૧૧-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

મોદી સરકારના નાગરિકતા કાયદાને ટેકો આપનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું

CAAને સમર્થન આપતો પ્રસ્તાવ ગુજરાત વિધાનસભામાં પસાર

ગાંધીનગર

કેન્દ્રના વિવાદી નાગરિક કાયદાને અનુમોદન આપવાનો રાજકિય પ્રસ્તાવ રાજ્યકક્ષાના ગૃમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કર્યો હતો. જેના પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સામસામે તીખી ચડભડ થઈ હતી. કોંગ્રેસે તેનો વિરોધ કરતાં આ પ્રસ્તાવ બહુમતિથી પસાર કરીને વિધાનસભાએ તેને ટેકો આપ્યો હતો. સીએએના સમર્થનમાં બિલ પાસ કરનારું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું છે.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે વિધાનસભાના ગૃહમાં કરેલા સંબોધનમાં ગુજરાતને ગાંધી-સરદારનું શક્તિશાળી, સમૃધ્ધ અને સુરક્ષિત ગણાવીને જનપ્રતિનિધિ એવા ધારાસભ્યોને સલાહ આપી હતી કે એકએક ગુજરાતી વિશ્વમાં ગુજરાતી હોવાનું ગૌરવ લઈ શકે અને ગુજરાત વિશે સ્વાભિમાન ધરાવી શકે તેવા ગુજરાતનું જતન કરવાની જવાબદારી જનતાએ આપ સૌને સોંપી છે. જાહેર જીવનના અનુભવો અને પ્રજા જીવનની અપેક્ષાઓ નજર સમક્ષ રાખી આ સભાગૃહમાં જનપ્રતિનિધિ તરીકે શ્રેષ્ઠ યોગદાન આપવાની જવાબદારી નિભાવશો. રાજ્યપાલના સંબોધનમાં ઉલ્લેખ કરાયો હતો કે ૨૦૧૯ના વર્ષમાં એન્ટી કરપ્શન બ્યૂરો(એસીબી)એ ૨૫૫ કેસો નોંધી કુલ ૪૧૭ સરકારી અધિકારીઓ-કર્મચારીઓ સામે કાર્યવાહી હાથ ધરીને ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે.

૨૦૧૯માં ૪૧૭ સરકારી કર્મચારીઓ સામે ભ્રષ્ટાચારના કેસો નોંધાયા,ધારાસભ્યોને રાજ્યપાલની સલાહઃ પ્રજા હિતમાં જનપ્રતિનિધિ તરીકે શ્રેષ્ઠ યોગદાન આપો



દરમ્યાન, રાજ્યપાલના સંબોધનના વિરામ બાદ મળેલા ગૃહમાં કેન્દ્ર સરકારના બે નિર્ણયોને અનુમોદન આપતા પ્રસ્તાવો રજૂ થયા હતા. જેમાં દલિતો અને આદિવાસીઓને વધુ ૧૦ વર્ષ એટલે કે ૨૦૨૦થી ૨૦૩૦ સુધી રાજકિય અનામતનો લાભ ચાલુ રહે તે અંગેનો વૈધાનિક પ્રસ્તાવ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રજૂ કર્યો હતો. વિપક્ષ કોંગ્રેસ દ્વારા પણ ચર્ચામાં ભાગ લઈને તેને ટેકો આપતાં અનામતનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર થયો હતો.

રાજ્યપાલના સંબોધનના મુખ્ય અંશો આ મુજબ છે...

રોજગારઃ આ વર્ષે ડિસે.૨૦૧૯ના અંત સુધીમાં રોજગાર કચેરીઓ દ્વારા કુલ ૨,૭૪,૭૮૮ ઉમેદવારોને રોજગારી પૂરી પાડી છે.

નાણાંકિયઃ વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૬૭,૪૦૪.૦૯ કરોડનની આવક સરકારને થઈ છે. જે ગયા વર્ષની સરખામણીએ ૧૨.૮૫ ટકાનો ગ્રોથ દર્શાવે છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટીઃ ડિસે. ૨૦૧૯ સુધીમાં સરકારની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાં નિહાળવા માટે કુલ ૩૫,૩૯,૪૩૦ પ્રવાસીઓએ મુલાકા લીધી હતી.

પ્રવાસઃ ગુજરાતની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા વધીને ૨૦૧૮-૧૯માં ૫ કરોડ ૭૫ લાખને વટાવી ગઈ છે. જે અગાઉના વર્ષ કરતાં ૧૪ ટકાનો વધારો સુચવે છે. એક

અનુસંધાન પાના નં. ૮

ભાજપની આવકમાં ૧૩૪ ટકા તો કોંગ્રેસની આવકમાં ૩૬૧ ટકાનો ધરખમ વધારો

દેશ આર્થિક મંદીના ખપ્પરમાંઃ ભાજપ-કોંગ્રેસ માલામાલ

ભાજપની કુલ આવક ૨૪૧૦ કરોડ થઈ જે ૨૦૧૭-૧૮માં ૧૦૨૭ કરોડ હતી,કોંગ્રેસની આવક પણ ચાર ગણી વધીને થઈ રૂ.૯૧૮ કરોડ, આગલા વર્ષ હતી રૂ.૧૯૯ કરોડ

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાતો થયા બાદ હવે રાજકિય પાર્ટીઓનાં ખાતાંની વિગતો પણ બહાર આવી છે. રાજકિય પાર્ટીઓ દ્વારા ચૂંટણી પંચને સોંપેલ ૨૦૧૮-૧૯ ના ઓડિટ રિપોર્ટમાં બધી જ રાષ્ટ્રીય પાર્ટીઓની આવકમાં વધારો થયો છે. ૨૦૧૮-૧૯ માં બીજેપીની કુલ આવક ૨૪૧૦ રૂપિયા થઈ ગઈ હતી જે ૨૦૧૭-૧૮ ની ૧૦૨૭ કરોડ રૂપિયા કરતાં ૧૩૪% વધારે હતી. આ જ રીતે કોંગ્રેસની આવકમાં પણ વધારો જોવા મળ્યો છે, કોંગ્રેસને ૨૦૧૮-૧૯ માં ૯૧૮ રૂપિયાની આવક થઈ છે. જે ગત વર્ષની તુલનામાં ૩૬૧% વધારે છે.

ચૂંટણી પંચને સોંપેલ ૨૦૧૮-૧૯ ના ઓડિટ રિપોર્ટમાં બીજેપીએ તેની આવક સંબંધિઓત માહિતી આપી છે, ભાજપે ચૂંટણી પંચમાં જણાવ્યું કે, ૨૪૧૦ કરોડ રુપિયામાંથી ૧૪૫૦ કરોડ રુપિયા ચૂંટણી બોન્ડ્સ મારફત મળ્યા હતા. ૨૦૧૭-૧૮માં ભાજપને ઈલેક્ટોરલ બોન્ડસથી ૨૧૦ કરોડ રુપિયાની આવક થઈ હોવાનું દર્શાવ્યુ હતું. જ્યારે ભાજને ૨૦૧૮-૧૯માં ૭૯૨.૪ કરોડ રુપિયા ચૂંટણી અને પ્રચારમાં ખર્ચ કર્યા છે. ૨૦૧૭-૧૮માં પાર્ટીએ ૫૬૭ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. બીજેપીએ જણાવ્યું છે કે, ૨૦૧૮-૧૯ માં ૧૦૦૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, જે ગત વર્ષની તુલનામાં ૩૨% વધારે છે. પાર્ટીએ ગયા વર્ષે

અનુસંધાન પાના નં. ૮

સીએએ વિરુદ્ધ દાખલ થયેલ તમામ અરજીઓની સુનાવણી સુપ્રિમ ૨૨ જાન્યુ.એ કરશે

ન્યુ દિલ્હી

કેન્દ્રની મોદી સરકાર દ્વારા જ્યારથી નાગરિકત્વ (સુધારા) અધિનિયમ એટલે કે સીએએ સંસદમાંથી પાસ કરી કાયદેનું રુપ આપવામાં આવ્યું છે, ત્યારેથી સીએએ સામે દેશભરમાં અનેક રાજ્યો અને અનેક સ્થળો પર દેખાવો કરવામાં આવી રહ્યા છે. સીએએ સામે કરવામાં આવી રહેલા દેખાવો શરુઆતી સમયમાં દેશનાં લગભગ વિપક્ષો દ્વારા મોલિક તર્ક સાથે શરુ થયા હતા. સીએએનાં વિરોધમાં અનેક વિપક્ષો, વકિલો, સમાજ સેવકો અને ચિંતકો દ્વારા દેશનાં જુદા જુદા રાજ્યાનાં જુદા જુદા પ્રદેશોમાંથી કાયદા વિરુદ્ધ જે તે રાજ્યોની હાઈકોર્ટમાં યાચીકાઓ દાખલ કરવામાં આવી હતી. સાથે સાથે અનેક સંગઠનો અને પક્ષો દ્વારા દેશની સર્વોચ્ચ અદાલત – સુપ્રીમ કોર્ટમાં પણ સીએએને પડકારતી યાચીકા અને કેસ દાખલ કરવામાં આવ્યા હતા. આ મામલે સુપ્રીમ કોર્ટ દ્વારા આજે શુક્રવારે મહત્વનો આદેશ (ચૂકાદે) સંભળાવવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે અનેક ઉચ્ચ અદાલતો(હાઈકોર્ટ)ને સુપ્રિમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ, નાગરિકત્વ (સુધારા) અધિનિયમ- સીએએને પડકારતી વિવિધ અરજીઓને સ્થાનાંતરિત કરવાની માંગણી કરતી સરકારની અરજી પર નોટિસ ફટકારી છે. કોર્ટે કહ્યું કે, તે ૨૨ જાન્યુઆરીએ સેન્ટ્રલની ટ્રાન્સફર અરજી સાથે સીએએ સંબંધિત તમામ અરજીઓની સુનાવણી કરશે.

વિધાનસભા ગૃહમાં વિપક્ષ દ્વારા સરકાર સામે ભારે હોબાળો, રાજ્યપાલે સંબોધન ટૂંકાવ્યું

મોંઘવારી-હોસ્પિટલોમાં બાળકોના મોત-દુષ્કર્મની ઘટનાઓને લઈને કોંગ્રેસ દ્વારા બેનરો દર્શાવી સૂત્રોચ્ચારો

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાનું આજે એક દિવસીય સત્ર થતાં જ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા ગૃહને સંબોધન શરૂ કરાતાં જ વિપક્ષ કોંગ્રેસ દ્વારા મોંઘવારી, બેરોજગારી, ગુજરાતમાં નવજાત શિશુઓના મોત વગેરે.ના મામલે ચર્ચા કરવાની માંગણી કરતાં જ કોંગ્રેસના સભ્યોએ પૂર્વ આયોજન પ્રમાણે પોતાના ખિસ્સામાંથી બેનરો કાઢીને સરકાર અને રાજ્યપાલ સામે દર્શાવીને હોબાળો મચાવ્યો હતો અને અધ્યક્ષની સામેની જગ્યા વેલમાં બેસી ગયા હતા. જો કે રાજ્યપાલે પાંચ જ મિનિટમાં પોતાનું સંબોધન ટૂંકાવીને બાકીનું સંબોધન વંચાણે લેવું એમ કહીને તરત જ સદનમાંથી રવાના થયા હતા. તે સાથે જ એક દિવસીય સત્ર હંગામેદાર બન્યું હતું.

ભાજપ સરકારે કેન્દ્રના નાગરિકતા કાયદો અને દલિતો-આદિવાસીઓના રાજકિય અનામતને વધુ ૧૦ વર્ષ લંબાવવાના કેન્દ્રના નિરઅમયને અનુમોદન આપવાના કામકાજ માટે આજે એકદિવસિય સત્ર બોલાવ્યું હતું. જો કે ટેકનીકલી તે બજેટ સત્રનો જ એક ભાગ કહી શકાય. કેમ કે બજેટસત્રના પ્રારંભે જેમ રાજ્યપાલનું સંબોધન એક પરંપરા છે તે મુજબ રાજ્યપાલે આજે એક દિવસના સત્રના પ્રારંભે જ સંબોધન કર્યું હતું. હવે ૨૪મી ફેબ્રુઆરીએ સત્ર મળશે અને તેમાં નાણામંત્રી તરીકે નીતિન પટેલ ગુજરાત સરકારનું વર્ષ નાણાંકિય ૨૦૨૦-૨૧નું બજેટ રજૂ કરશે. આજે વિધાનસભામાં હોબાળો અને સૂત્રોચ્ચારો કરવાની રણનીતિ મુજબ જેવું રાજ્યપાલે સંબોધન શરૂ કર્યું કે વિપક્ષના નેતા પરેશ ધાનાણી પોતાના સ્થાન પરથી ઉભા થયા અને રાજ્યપાલને સંબોધીને કહ્યું કે રાજ્યમાં ખેડૂતો, મોંઘવારી, બાળકોના મોત દુષ્કર્મની ઘટનાઓ અંગે

અનુસંધાન પાના નં. ૮

જમ્મૂ-કાશ્મીરમાં ઈન્ટરનેટ-અન્ય પ્રતિબંધો મુદ્દે સુપ્રિમે કેન્દ્ર સરકારને ઝાટકી

ઈન્ટરનેટ પર સરકાર પ્રતિબંધ ન લગાવી શકેઃ સુપ્રિમ કોર્ટ

ઈન્ટરનેટ એ નાગરિકોના મૂળભૂત અભિવ્યક્તિનો અધિકાર છે,સ્વતંત્રતા અનુચ્છેદ ૧૯નો હિસ્સો,રિવ્યૂ કમિટીનું ગઠન કરી ૭ દિવસમાં રિપોર્ટ સોંપવા આદેશ

ન્યુ દિલ્હી

દેશના જમ્મુ-કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કર્યા બાદ ૫ ઓગસ્ટ ૨૦૧૯થી કેન્દ્ર સરકાર દ્વારા લદાયેલા ઈન્ટરનેટ અને અન્ય પ્રતિબંધો અંગે સુપ્રીમ કોર્ટે આજે પોતાનો ચુકાદો આપતી વખતે સ્પષ્ટ કહ્યું હતું કે સરકાર આ રીતે અનિશ્ચિત સમયગાળા માટે ઈન્ટરનેટની સાર્વજનિક અને ખાનગી સેવા બંધ કરી શકે નહીં. એક મહત્ત્વના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું કે ઈન્ટરનેટનો ઉપયોગ અને ઈન્ટરનેટ દ્વારા અભિવ્યક્તિનો અધિકાર એ (બંધારણના અધિકારોમાં અભિવ્યક્તિની કલમ ૧૯ (૧) (એ) નો ભાગ છે, સરકારે ઈન્ટરનેટ સહિત અન્ય પ્રતિબંધાત્મક



સુપ્રીમના આદેશની મોટી બાબતો...

● લોકોને મતભેદ વ્યક્ત કરવાનો પૂરો અધિકાર છે ● સરકારે તેના તમામ આદેશોની ૧ સપ્તાહમાં સમીક્ષા કરવી જોઈએ ● કાશ્મીરમાં સરકારે તેના બિનજરૂરી આદેશો પાછી ખેંચી લેવા જોઈએ. તમામ આવશ્યક સેવાઓ ઈન્ટરનેટ સહિત પુનઃસ્થાપિત કરવામાં આવે.

પગલાઓએની એક સપ્તાહમાં સમીક્ષા કરીને કોર્ટને જાણ કરે.

સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની ખંડપીઠે આ ચુકાદો આપ્યો હતો. ન્યાયાધીશ એન.વી. રમન્નાની અધ્યક્ષતાવાળી બેંચમાં જસ્ટિસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટિસ બી.આર. ગવાઈએ આ મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો હતો. કાશ્મીરમાં આપવામાં આવેલી પ્રતિબંધો સામે સુપ્રીમ કોર્ટમાં અનેક પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કાશ્મીરમાં હિંસાનો એક લાંબો ઈતિહાસ રહેલો છે. આપણે સ્વતંત્રતા અને સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવું પડશે. નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવું પણ જરૂરી છે. સરકાર દ્વારા જરૂર પડે

અનુસંધાન પાના નં. ૮



સાયરસ એપેલેટ ટ્રિબ્યુનલની સત્તા અને તેમના હક્ક સાબિત કરે: સુપ્રિમ

સાઈરસ મિસ્ત્રીને ફટકો: NCLATના આદેશ પર સુપ્રીમ કોર્ટે રોક લગાવી

ન્યુ દિલ્હી

ટાટા સન્સમાંથી હકાલપટ્ટી કરાયેલ સાયરસ મિસ્ત્રીએ લાંબી કાનૂની લડત બાદ અંતે એનસીએલએટીમાં કેસ જીતીને ફરી ચેરમેન પદે મિસ્ત્રીને આપવા માટે ટાટા સમૂહને આદેશ આપ્યો હતો. જોકે ટાટા સન્સ અને રતન ટાટાની સાથે સમગ્ર ટાટા સમૂહની કંપનીઓમાં જેમાં સાયરસ મિસ્ત્રી પાસે ડાયરેકટર પદ હતું,તે બધી જ કંપનીઓએ સુપ્રિમ કોર્ટમાં એનસીએલએટીના આદેશ વિરૂદ્ધ અરજી કરી હતી અને અંતે આજે સુપ્રિમે ટાટા સન્સને રાહત આપી છે.

ટાટા સન્સની તરફેણમાં પ્રારંભિક સુનાવણી કરતા એનસીએલએટીના આદેશને હાલપુરતો સ્થગિત કર્યો છે. ટાટા સન્સની અરજી પર સુપ્રિમે વચગાળાના ચુકાદા તરીકે એનસીએલએટીના આદેશ પર રોક લગાવી છે.

સુપ્રિમ કોર્ટે સાયરસ મિસ્ત્રીના વકીલને કહ્યું છે કે તેઓ એનસીએલએટીના ચુકાદા પર એપેલેટ ટ્રીબ્યુનલની સત્તા અને તેમના ચુકાદા આપવાના હક્ક સાબિત કરે. જોકે આ મુદ્દે સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ શરદ અરવિંદ બોબડેએ પાલૂનજી ગૃપના સાયરસ મિસ્ત્રીને એક નોટિસ ઈશ્યુ કરીને જવાબ રજૂ કરવા આદેશ આપ્યો છે.

ટાટા સન્સ તરફથી હરીશ સાલવે અને અભિશેક મનુ સિંઘવી જેવા દિગ્ગજ વકીલોએ પક્ષ રજૂ કરતા દલીલ કરી કે તેમની પાસે બીજા દેશની નાગરિકતા પણ છે. તેમણે ચેરમેન પદનો ઘણી વખત દુરૂપયોગ કર્યો અને અન્ય સંબંધિત ટોચના પક્ષકારોના મંતવ્ય લીધા વગર અનેક નિર્ણયો કર્યા છે જેની નુકશાની કંપનીએ ભોગવવી પડી છે.

સામે પક્ષે મિસ્ત્રીના વકીલોના સમૂહે દલીલ કરી કે RoCએ ટાટા સમૂહની પેરન્ટ કંપની ટાટા સન્સને પબ્લિકથી પ્રાઈવેટ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી,જે ગેરબંધારણીય છે. આ નિર્ણય માઈનોરિટી શેરહોલ્ડર્સના હક્કની વિરૂદ્ધમાં છે.

વિધાનસભામાં મેવાણીએ સીએએ પ્રસ્તાવને ફાડી નાંખ્યો

ગાંધીનગર

વડગામના અપક્ષ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ શુક્રવારે વિધાનસભામાં બોલવાનો મોકો નહીં મળતા સીએએ પ્રસ્તાવને ગૃહમાં જ ફાડી નાખ્યું હતું. જિગ્નેશ મેવાણીએ કહ્યું કે, વિધાનસભાના ઈતિહાસમાં કાળો દિવસ હતો. ભારતની છાતી પર છેદ કરનારા ભારતના આત્માને જેને આઈડિયા ઓફ ઈન્ડિયા કહીએ તેને ખતમ કરી નાખનારા કાળા કાયદો. આ દેશની સસંદમાં પસાર થયો છે. તેથી હું તેનો વિરોધ કરું છું અને જાહેરમાં પ્રસ્તાવના લીરેલીરા કરુ છું તેમ કહીને પ્રસ્તાવનો એજન્ડા ફાડી નાંખ્યો હતો.

સુપ્રિમ કોર્ટે આપ્યો મહત્ત્વપૂર્ણ આદેશ

હવે ચેક બાઉન્સ કેસમાં ૨૦ ટકા રકમ જમા કરાવવી પડશે

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ આદેશ આપતાં કહ્યું છે કે ચેક બાઉન્સ થવાના કેસમાં દંડિત થયા બાદ અપીલ દાખલ કરવા માટે ચેકની રકમની ૨૦ ટકા રકમ અદાલતમાં જમા કરાવવી ફરજિયાત છે. નિર્ધારિત રકમ જમા કરાવવાની આ જોગવાઈ ૨૦૧૮ પહેલાંના કેસમાં પણ લાગુ પડશે. હવે એવું કહીને નહીં બચી શકાય કે સંશોધન બાદમાં થયું છે અને કેસ તો જૂનો છે.

વર્ષ ૨૦૧૮માં નેગોશિયેબલ ઈન્સ્ટમેન્ટ એકટની કલમ—૧૪૮માં સંશોધન કરવામાં આવ્યું હતું. આ સંશોધન હેઠળ ચેક બાઉન્સના એવા મામલા જેમાં આરોપીને દંડિત કરાઈ ચૂકયા છે તેમાં જો અપીલ દાખલ થાય છે તો તેના માટે ચેકની રકમની ૨૦ટકા રકમ અદાલતમાં જમા કરાવવી ફરજિયાત કરી દેવામાં આવી હતી. જસ્ટિસ અશોક ભૂષણની પીઠે કહ્યું હતું કે એ સ્પષ્ટ છે કે કલમ તમામ મામલામાં લાગુ થશે. જો તેને લાગુ કરવામાં નહીં આવેતો સંશોધનનો આખો હેતુ જ માર્યો જશે.

આ મામલો અંદાજે ૩૬ કરોડ રૂપિયાનો ચેક બાઉન્સ સાથે જોડાયેલો હતો જેમાં એક ફર્મના પાર્ટનરને નિવૃત્ત થવા પર ચૂકવણું કરવામાં આવ્યું હતું.

ભાગીદારે પંચકૂલા મેજિસ્ટ્રેટ અદાલતમાં કેસ નોંધાવ્યો હતો જેણે ફર્મના ડાયરેકટરોને બે વર્ષની સજાની સાથે ચેકમાં લખેલી કુલ રકમના એક ટકા રકમ વ્યાજ સાથે પરત કરવાનો આદેશ આપ્યો હતો. આ નિર્ણયને ફર્મે અપીલ અદાલતમાં પડકાર્યો હતો. સાથે જ સજા ઉપર પણ સ્ટે આપવા અનુરોધ કર્યો હતો.

કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદને પરાજિત કરીશું, દુશ્મનોને માફ નહીં કરીએ

સુલેમાનીને મારીને અમેરિકાને ન્યાય અપાવ્યો,હું નોબેલનો હકદાર : ડોનાલ્ડ ટ્રમ્પ

ઓહિયો

ઈરાન સાથે સતત વધી રહેલા તણાવ વચ્ચે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક વખત ફરીથી ધમકી આપી છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, જ્યાર સુધી હું રાષ્ટ્રપતિ છું ત્યાર સુધી અમેરિકાના દુશ્મનો વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં કોઇ જ હિચકિચાટ કરવામાં આવશે નહીં. અમેરિકન રાષ્ટ્રપતિનું નિવેદન તેવા સમયે આવ્યું છે, જ્યારે પાછલા રાષ્ટ્રના સંબોધનને કોઈ મોટા હુમલાથી પીછે હટ કરવાની સાથે જોડવામાં આવી રહ્યો છે.

આજે એટલે કે, શુક્રવારે ઓહિયોમાં એક રેલીને સંબોધિત કરતાં ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સમર્થકો સામે મોટું નિવેદન આપ્યું. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમેરિકાના દુશ્મનો વિરૂદ્ધ કોઈપણ એક્શન લેવામાં અમે ક્યારેય પણ પાછી પાની કરીશું નહીં. અમે ક્યારેય પણ કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદ વિરૂદ્ધ એક્શન લેવાનુ બંધ કરીશું નહીં.

કુદ્સ ફોર્સના પ્રમુખ મેજર જનરલ કાસિમ સુલેમાનીને મારવા માટે ડ્રોન હુમલાનો આદેશ આપીને 'અમેરિકાના નાગરિકો સાથે ન્યાય' કર્યો છે. તેના માટે હું નોબેલ પુરસ્કાર નો હકદાર છું.

અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે, અત્યાર સુધી આપણે બીજા દેશોને બનાવતા હતા, પરંતુ હવે સમય આવી ગયો છે કે પોતાના દેશને ઉભો કરવામાં આવે. તેમને પોતાની વિરોધી પાર્ટી ડેમોક્રેટ્સ પર પણ શાબ્દિક પ્રહારો કર્યા અને કહ્યું કે, વિપક્ષી પાર્ટી આજે હાઈ ટેક્સ, ખુલ્લી બોર્ડર, ક્રાઈમને પ્રોત્સાહન આપવાનું કામ કરવા માંગે છે.

ઉલ્લેખનિય છે કે, ઈરાન દ્વારા ઈરાકમાં રહેલા અમેરિકન એરબેસ પર કરવામાં આવેલા હુમલા પછી બંને દેશો વચ્ચે તણાવ ચરમ પર છે.

બની શકે કે જાણી જોઈને મિસાઈલ અથડાવવામાં ન આવી હોય, ઈરાન જવાબ આપે

યુક્રેનનું વિમાન મિસાઈલ અથડાવાથી જ ક્રેશ થયું હતું: કેનેડા-બ્રિટનના PMનો દાવો

લંડન

તેહરાન એરપોર્ટ પર બુધવારના રોજ એક પેસેન્જર વિમાન ક્રેશ થયું હતું જેમાં વિમાનમાં સવાર તમામ ૧૭૬ લોકોના મોત નિપજયા હતા. સોશિયલ મીડિયા પર કેટલાક વીડિયો વાયરલ થઈ રહ્યા છે જેમાં જોવા મળી રહ્યું છે કે વિમાનની સાથે મિસાઈલ અથડાઈ હતી અને તેની ગણતરીની સેકન્ડ્સમાં જ વિમાન ક્રેશ થઈ ગયું હતું. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોનસને પણ આ દાવો કર્યો છે. ટ્રુડોએ કહ્યું કે તેમના ખાનગી સૂત્રો પાસેથી મળેલી જાણકારી પ્રમાણે એવું લાગી રહ્યું છે કે વિમાન તેહરાનથી ટેકઓફ કર્યા બાદ વિમાન કોઈ સર્ફેસ-ટુ-એર મિસાઈલ સાથે અથડાયું હતું.

ટ્રુડોએ કહ્યું કે 'બની શકે કે ઈરાને મિસાઈલ જાણી જોઈને વિમાન સાથે ન અથડાવી હોય. પરંતુ કેનેડિયન નાગરિકોના મનમાં કેટલાક પ્રશ્નો ઉદ્ભવ્યા છે જેના જવાબ આપવા જરૂરી છે. યુક્રેન એરલાઈનના દુર્ઘટનાગ્રસ્ત થયેલા વિમાનમાં ૧૭૬ પ્રવાસીઓના મોત નિપજયા હતા. જેમાંથી ૬૩ કેનેડિયન નાગરિક હતા. આ ઉપરાંત ૮૨ ઈરાનના, ૧૧ યૂક્રેનના, ૧૦ સ્વીડન અને ત્રણ જર્મનીના અને ત્રણ બ્રિટનના નાગરિકો પણ આ દુર્ઘટનામાં મોતને ભેટ્યા હતા.'

બીજીતરફ બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોનસને પણ કહ્યું કે 'યુક્રેન એરલાઈન્સનું વિમાન ઈરાનની એક સર્ફેસ-ટુ-એર મિસાઈલ સાથે અથડાવાથી ક્રેશ થઈ ગયું હતું અને આ વાત સાબિત કરવા માટેના ઘણા બધા પુરાવાઓ પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. બની શકે કે મિસાઈલ જાણી જોઈને વિમાન પર છોડવામાં ના આવી હોય પરંતુ મિસાઈલ વિમાન સાથે અથડાઈ છે તે વાત એકદમ સાચી છે. બ્રિટન સતત તમામ પક્ષોને પશ્ચિમી એશિયામાં ચાલી રહેલા તણાવને દૂર કરવા માટેની અપીલ કરી રહ્યું છે.

વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરે તેવી શક્યતા

એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ આવતા અઠવાડિયે ભારત આવશે

ન્યુ દિલ્હી

અમેરિકાની કંપની એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ આવતા અઠવાડિયે ભારતની મુલાકાતે આવવાના છે અને નવી દિલ્હીમાં એ વડા પ્રધાન નરેન્દ્ર મોદી તથા અન્ય ટોચના અધિકારીઓ તથા ભારતના ઉદ્યોગક્ષેત્રના આગેવાનોને પણ મળે એવી ધારણા છે.

બેઝોસ ૧૫-૧૬ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં નિર્ધારિત એક કાર્યક્રમ 'SMBhav'માં હાજરી આપવા ભારત આવી રહ્યા છે. એ કાર્યક્રમ ભારતમાં નાના તથા મધ્યમ સ્તરના ઉદ્યોગો પર ધ્યાન કેન્દ્રિત કરવાને લગતો છે.

ભારતના પ્રવાસ અને વડા પ્રધાન મોદી સાથે મુલાકાત અંગે બેઝોસે પોતે હજી સત્તાવાર રીતે કંઈ કહ્યું નથી.

એમેઝોન કંપની ભારતમાં તેના વ્યાપારમાં નોંધપાત્ર વૃદ્ધિ કરવા ધારે છે. જોકે એમેઝોન અને વોલ્માર્ટની માલિકીની ફ્લિપકાર્ટ સહિત ઈ-કોમર્સ કંપનીઓ સામે ભારતમાં નાના અને મધ્યમ સ્તરના વેપારીઓમાં રોષ પ્રગટે છે, એનાથી પણ એમેઝોન વાકેફ છે. આવી ઈ-કોમર્સ કંપનીઓ ગ્રાહકોને વધારે પડતા ઊંચા ડિસ્કાઉન્ટ ઓફર કરીને અયોગ્ય ધંધાકીય પ્રથા ચલાવે છે એવો ભારતના વેપારીઓનો આરોપ છે. ભારત સરકારે વિદેશી મૂડીરોકાણની સાથે ઈ-કોમર્સ માર્કેટપ્લેસીસ માટેના નિયમોને ગયા વર્ષે વધારે કડક બનાવ્યા હતા.

આ નિયમો અંતર્ગત ઈ-કોમર્સ કંપનીઓ પર અમુક નિયંત્રણો લાદ્યા છે. એને પગલે એમેઝોનને તેનાં જોઈન્ટ વેન્ચર્સમાં પુનર્ઘડતર કરવાની ફરજ પડી છે.

પ્રથમ ક્રમે સુરત, બીજા ક્રમે અમદાવાદ,ત્રીજા ક્રમે ભાવનગર, રાજકોટ ચોથા ક્રમે

રાજ્યમાં મહિલાઓ અસુરક્ષિત...છેલ્લા પાંચ વર્ષમાં ૧૩૧ દુષ્કર્મનાં કેસ નોંધાયા

ગાંધીનગર

ગુજરાતમાં વર્તમાન ભાજપ સરકારના સાશનમાં છેલ્લા ૫ વર્ષમાં સામૂહિક બળાત્કારની ૧૩૧ ઘટનાઓ બની છે.જેમાં અલગ અલગ પોલીસ કેસમાં ૫૦૦ આરોપીઓ પકડાયા છે.જયારે ૧૮થી વધુ ગુન્હેગારો આજે પણ પોલીસ પક્કડ થી દુર હોવાનો સ્વીકાર રાજય સરકારે કર્યો છે.

ગુજરાત વિધાનસભાની કાર્યવાહીમાં ગૃહમાં રજૂ થયેલી અતારાંકિત પ્રશ્નોત્તરીમાં ખંભાળિયા કોંગ્રેસના ધારાસભ્ય વિક્રમભાઈ માડમ એ પ્રશ્ન ઉપસ્થિત કરતા માહિતી માંગી હતી કે ૩૦ જૂન ૨૦૧૯ની સ્થિતિ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં જિલ્લા વાર કેટલા સામુહિક બળાત્કાર ના બનાવો બન્યા છે? અને તે પૈકી કેટલા આરોપીઓ પકડવામાં આવ્યા છે.અને હજુ કેટલા આરોપીઓ પોલીસ પક્કડથી દૂર છે?

વિક્રમભાઈ માડમના પ્રશ્નો લેખિત ઉત્તર આપતા ગૃહ રાજ્યપ્રધાને જણાવ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં રાજયભરમાં અલગ અલગ જિલ્લાઓ માં કુલ ૧૩૧ કે સામૂહિક બળાત્કારના નોંધાયા છે જે પૈકી પોલીસે ૫૦૦ આરોપીઓ પકડી પાડ્યા છે જ્યારે હજુ ૧૮ આરોપીઓ પકડવાના બાકી હોવાનો લેખિત સ્વીકાર કર્યો છે.

સૌથી વધુ ઘટના સુરત ગ્રામ્યમાં નોંધાઈનોંધનીય છે કે શાંતિ સલામતી અને સુરક્ષાના દાવા વચ્ચે વર્તમાન ભાજપ સરકારના કાર્યકાળમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સામુહીક બળાત્કારની સૌથી વધુ ૨૬ ઘટનાઓ સુરત ગ્રામ્ય વિસ્તારમાં બની છે. તો બીજી તરફ સુરત શહેરમાં ૮,જ્યારે બીજા ક્રમે અમદાવાદ શહેરમાં ૧૭ સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે. જોકે રાજકોટ શહેર માં ૩ બનાવો બન્યા હોવાનો લેખિત સ્વીકાર સરકારે કર્યો છે. ઉપરાંત ત્રીજા ક્રમે ભાવનગર શહેર જિલ્લામાં ૧૧ બનાવો બન્યા છે.

તો બીજી તરફ છેલ્લા પાંચ વર્ષ માં બનેલા અલગ અલગ બનાવોમાં પોલીસે ૫૦૦ આરોપીઓને પકડયા છે. સૌથી વધુ ૮૫ આરોપીઓ ભાવનગર શહેર જિલ્લામાં થી પકડવામાં આવ્યા છે. જયારે ૭૩ આરોપીઓ અમદાવાદ શહેર જિલ્લામાં બનેલી સામુહિક બળાત્કારની ઘટનાઓ મામલે પકડ્યા છે.

જ્યારે રાજકોટ શહેરમાં માં બનેલી ઘટનાઓ માં ૯ આરોપીઓ પકડવામાં આવ્યા છે. જો કે રાજયમાં બનેલી સામુહિક બળાત્કાર ની અલગ અલગ ઘટનાઓમાં સંડોવાયેલા ૧૮ આરોપીઓ ને પકડવાના બાકી હોવાનો લેખિત સ્વીકાર ભાજપ સરકારે કર્યો છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગન રેડ્ડી સીબીઆઈ કોર્ટ સમક્ષ હાજર થયા

હૈદરાબાદ

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી વાય એસ જગન મોહન રેડ્ડી શુક્રવારે હૈદરાબાદમાં સીબીઆઈની વિશેષ કોર્ટ સમક્ષ હાજર થયા છે. કંપનીઓને રોકાણના બદલામાં લાભ આપવાના કેસમાં કોર્ટ જગન રેડ્ડીની તપાસ કરશે.

૩૦ મે ૨૦૧૯ના મુખ્યમંત્રી પદ ગ્રહણ કર્યા બાદ જગન રેડ્ડી પ્રથમ વખત સીબીઆઈ કોર્ટ સમક્ષ હાજર થયા છે. ૩ જાન્યુઆરીના વિશેષ કોર્ટે જગન મોહનને ટ્રાયલ માટે કોર્ટ સમક્ષ હાજર થવા જણાવ્યું હતું અને કોર્ટમાં ગેરહાજર રહેવાની અરજી ફગાવી દીધી હતી. જગન મોહન રેડ્ડી ઉપરાંત તેના નિકટના વાએસઆર કોંગ્રેસના રાજયસભાના સભ્ય વી વિજયસાંઈ રેડ્ડી પણ આ કેસમાં આરોપી હોવાથી તેઓ કોર્ટ સમક્ષ હાજર રહ્યા છે.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી વિશેષ કોર્ટમાં હાજર થયા હોવાથી કોર્ટમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યયો છે. રોકાણ સામે કેટલાક લાભો મેળવવા બદલ વાયએસઆર કોંગ્રેસના અધ્યક્ષ રેડ્ડી સામે ૧૧ જેટલા કેસમાં ચાર્જશીટ ફાઈલ કરાઈ છે.

વિવિધ કંપનીઓ દ્વારા જગન મોહનની કંપનીઓમાં રોકાણ કરવાના બદલામાં કેટલાક લાભો આપવાના આ કેસો જગન રેડ્ડીના પિતા વાય એસ રાજશેખર રેડ્ડીના ૨૦૦૪-૨૦૦૯ના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળના છે. આ કેસમાં સંખ્યાબંધ મંત્રીઓ તેમજ સરકારી અધિકારીઓની પણ સંડોવણી હોવાનું જણાય છે.

આફ્રિકી દેશ નાઈઝરમાં સૈન્ય શિબિર પર આતંકી હુમલો: ૬૩ આતંકી કુલ ૮૮ના મોત

નાઈઝર

આફ્રિકી દેશ નાઈઝરમાં લેસ હુમલાખોરોએ સૈન્ય શિબિર પર હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. જેમાં ૬૩ આતંકીના અને ૨૫ લોકના મોત થયા હતા.

આ અંગે રક્ષા મંત્રાલયના પ્રવક્તા કર્નલ સુલેમાની ગાજોબીએ ટેલિવિઝન પર કહ્યું હતું કે, "માલીની સીમા સાથે જોડાયેલા સંવેદનશીલ વિસ્તારમાં હુમલો થયો હતો. જેની જવાબી કાર્યવાહી માટે નાઈઝર વાયુસેનાની મદદ લેવામાં આવી હતી. આતંકીઓને સીમા બહાર તગેડી મૂકાયા છે. જેથી નગરજનોને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. ઉલ્લેખનીય છે કે, આ હુમલો પશ્ચિમી તિલાબેરીના ચિનેગાર ક્ષેત્રમાં થયો હતો. જે બુર્કિના ફાસોની સીમા સાથે જોડાયેલો છે.

ભાજપના ફાયરબ્રાન્ડ નેતા ઉમા ભારતીનું વિવાદાસ્પદ નિવેદન

રાહુલ જિણા અને પ્રિયંકા જિણા સીએએ મુદ્દે મુસ્લિમોમાં ભય ફેલાવી રહ્યા છે

ન્યુ દિલ્હી

ભારતીય જનતા પાર્ટીના વરીષ્ઠ નેતા ઉમા ભારતીએ રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને તેમની માતા સોનિયા ગાંધી પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે આરોપ લગાવ્યો છે કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી નાગરિકતા કાયદાના મામલે મુસ્લિમ સમાજમાં ભય ફેલાવી રહ્યા છે. જિણા તો હવે રહ્યા નથી પરંતુ રાહુલ જિણા અને પ્રિયંકા જિણા છે જે પરિસ્થિતિને ડામાડોળ કરી રહ્યા છે અને મુસ્લિમોમાં નાગરિકતા કાયદાના મુદ્દા પર ભય ફેલાવી રહ્યા છે.

ઉમા ભારતીએ કોંગ્રેસ પાર્ટીના વચગાળાના અધ્યક્ષ અને રાહુલ તથા પ્રિયંકા ગાંધીના માતા સોનિયા ગાંધી પર પ્રહાર કરતા કહ્યું કે, 'શું અમારામાંથી કોઈએ ક્યારેય કહ્યું કે સોનિયા ગાંધીના પિતા મુસોલિનીની સેનામાં એક સૈનિક હતા?' ઉમા ભારતીએ બુધવારના રોજ જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટીમાં થયેલી હિંસા પર એક નિવેદન આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે દેશમાં કેટલાક વિચારકો એવા છે કે જેઓ એવા સાંપ જેવા હોય છે કે તેઓ સંખ્યામાં ભલે બહું ઓછા હોય પણ ખૂબ જ ઝેરી હોય છે. અમે આવી પરિસ્થિતિને ઝેર મુક્ત કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. અમારે કેટલીક પરિસ્થિતિઓને થાળે પાડવી પડશે અને અમે તેવું કરીને જ રહીશું.

ઘરના સંયુક્ત માલિકોના આવકવેરા રિટર્ન અંગેનો આદેશ પાછો ખેંચાયો

ન્યુ દિલ્હી

આવકવેરા વિભાગે પોતાનો અઠવાડિયા પહેલાંનો આદેશ પાછો ખેંચીને એક ઘરના (સિંગલ હાઉસ પ્રોપર્ટી)ના સંયુક્ત માલિકોને સરળ ફૉર્મ-વન (સહજ) કે ફૉર્મ-ફૉર્મ (સુગમ) દ્વારા ઇક્મ ટૅક્સ રિટર્ન ભરવાની ગુરુવારે પરવાનગી આપી હતી. અગાઉ, આવકવેરા વિભાગે જે વ્યક્તિ ઘરની સંયુક્ત માલિક હોય અને વર્ષનું વીજળીનું બિલ રૂપિયા એક લાખ ચૂકવ્યું હોય અથવા વિદેશપ્રવાસનો ખર્ચ રૂપિયા બે લાખ કર્યો હોય તેઓને આવકવેરા રિટર્નના સરળ ફૉર્મ્સ વાપરીને આવકવેરો નહિ ભરવા ત્રીજી જાન્યુઆરીએ સૂચના આપી હતી, પરંતુ હવે આ આદેશ પાછો ખેંચાયો છે. સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટ ટૅક્સીસે નિવેદનમાં જણાવ્યું હતું કે આવકવેરાના જાહેરનામા બાદ વ્યક્તિગત કરદાતાઓને પડનારી મુશ્કેલી અંગે અનેક લોકોએ રજૂઆત કરી હતી. તેણે જણાવ્યું હતું કે અનેક ફરિયાદ મળતા આ મુદ્દે વધુ ચર્ચાવિચારણા કરાઈ હતી અને ઘરના સંયુક્ત માલિકોને સરળ ફૉર્મ-વન (સહજ) કે ફૉર્મ-ફૉર (સુગમ) દ્વારા ઇક્મ ટૅક્સ રિટર્ન ભરવાની ગુરુવારથી પરવાનગી આપી હતી. સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટ ટૅક્સીસે નિવેદનમાં જણાવ્યું હતું કે આવકવેરા ધારાના પરિશિષ્ઠ ૧૩૯ (૧)માંના એક કે વધુ માપદંડને અનુરૂપ હોય એવી વ્યક્તિને પોતાનું આવકવેરાનું રિટર્ન ફૉર્મ-વન દ્વારા ભરવાની પરવાનગી આપી છે.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને



જીતો
MARUTI ALTO





ફ્રી ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

ગળા કાપ સ્પર્ધાથી લાભ

ઈન્ટરનેન્ટની દુનિયાની સૌથી મહત્વપૂર્ણ બાબત તેની ગતિશીલતા છે. તેમાં તમામ જે નવી ચીજો હોય છે તે ઝડપથી જુની થઈ જાય છે. આમાં નવી નવી સંભાવનાના દ્વાર હમેંશા ખુલતા રહે છે. સોશિયલ મિડિયાના પ્લેટફોર્મ દરરોજ નવા રંગ રૂપમાં આવી રહ્યા છે. તેમાં નવા નવા ફિચર્સ ઉમેરવામાં આવી રહ્યા છે. આ કવાયતનો મુખ્ય હેતુ વધુને વધુ લોકોને પોતાના મંચ તરફ આકર્ષિત કરવાનો હોય છે. આનુ કારણ ઈન્ટરનેટના માધ્યમથી થઈ રહેલી જંગી આવક પણ છે. સંખ્યાબળના કારણે આવક વધે છે. વિડિયો તેમાં એક મોટી ભૂમિકા અદા કરે છે. આનો એક મોટો હિસ્સો ગુગલની કંપની યુટ્યુબના હિસ્સામાં આવે છે. આની બિલકુલ વિરુદ્ધમાં હવે ફોટો શેયરિંગ માટે લોકપ્રિય ફેસબુકની કંપની ઈન્સ્ટાગ્રામની લોકપ્રિયતા પણ હવે વધી રહી છે. ઈન્સ્ટાગ્રામે પણ ધીમે ધીમે વિડિયોલાઈનમાં એન્ટ્રી કરી દીધી છે. યુવા પેઢીમાં તેની લોકપ્રિયતા સતત વધી રહી છે. ઈન્ટરનેટ પર બાદશાહતને લઈને જારી રહેલી આ લડાઈના કારણે સામાન્ય લોકોને વધારે ફાયદો થઈ રહ્યો છે અને આગામી દિવસોમાં પણ વધારે ફાયદો થનાર છે. આ હલચલના કેન્દ્રમાં પણ ફેસબુક અને ગુગલ જ છે. ગુગલ એકબાજુ યુટ્યુબ મારફતે વિડિયો બજારના એક મોટા હિસ્સ પર પ્રભુત્વ જમાવે છે. જ્યારે બીજી બાજુ તેને ટક્કર આપવા માટે ફેબબુક ઈન્સ્ટાગ્રામમાં નવા નવા સુધારા કરે છે અને નવા નવા ફિચર્સ ઉમેરે છે. વિડિયો બજારમાં આને કારણે મોટા ફેરફાર થવાના સંકેતો દેખાઈ રહ્યા છે. ફોટો અને વિડિયો શેયરિંગ એપ ઈન્સ્ટાગ્રામ કંપનીને વર્ષશ ૨૦૧૨માં ફેસબુકે એક અબજ ડોલરમાં ખરીદી લીધી લીધી હતી. આની કિંમત આજે વધીને ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. બ્લુમબર્ગ ઈન્ટેલિજન્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ઈન્સ્ટાગ્રામના હાલમાં એક અબજ એક્ટિવ યુજર છે. જેની સંખ્યા ટુંક સમયમાં વધીને બે અબજ સુધી પહોંચી જશે. આગામી પાંચ વર્ષના ગાળામાં જ તેના ગ્રાહકોની સંખ્યા ફેસબુક જેટલી પહોંચી જાય તેવી શક્યતા છે. અન્ય સોશિયલ મિડિયા સાઈટ્સની જેમ ઈન્સ્ટાગ્રામ પણ પોતાના ઈન્ટરફેસને સતત બદલે છે. જેમ કે ફોટોગ્રાફિક્સ ફિલટર્સ, ,સ્ટોરીઝ, નાના વિડિયો, ઈમોજી, હેશટૈગ જેવી બાબતોનો સમાવેશ થાય છે. ભવિષ્યની રણનિતીને ધ્યાનમાં લઈને ઈન્સ્ટાગ્રામે એક નવ શરૂઆત કરી છે. તે છે આઈજી ટીવી. આના મારફતે કોઈ પણ યુઝર એક કલાક સુધીના લાંબા વિડિયો અપલોડ કરી શકે છે. લાંબા વિડિયોનો અર્થ છે કે યુઝર વધારે સમય સુધી ઈન્સ્ટાગ્રામ પર સક્રિય રહેશે. સ્વાભાવિક છે કે આ લક્ષ્ય આર્થિક અએને વ્યવહારિક દ્રષ્ટિકોણથી એપ તૈયાર કરનાર દરેક કંપની હાંસલ કરવા માટે ઈચ્છુક હોય છે. આનો સીધો ફાયદો ફેસબુકને મળશે. હજુ સુધી લોકો યુટ્યુબના પોતાના વિડિયોને ફેસબુકના પ્લેટફોર્મનો ઉપયોગ કરીને લોકપ્રિય બનાવી રહ્યા હતા.

ગુગલ અને ફેસબુક વચ્ચે જુદા જુદા ફિચર મામલે તીવ્ર સ્પર્ધાથી લોકોને ફાયદો થશે

દિલ્હી પોલીસે હુમલાખોરોની તસ્વીર જાહેર કરી
જેએનયુ હિંસામાં યુનિયન પ્રેસિડેન્ટ આઈશી સહિત નવ વિદ્યાર્થીઓ હિંસામાં સામેલ

ન્યુ દિલ્હી

જવાહરલાલ નહેરુ યૂનિવર્સિટી(JNU)માં રવિવારે રાત્રે હિંસાના મામલે દિલ્હી પોલીસે શુકવારે હુમલાખોરોની તસવીર જાહેર કરી છે. તેમાં JNU વિદ્યાર્થી સંઘની અધ્યક્ષ આઈશી ઘોષ સહિત ૯ હુમલાખોરોના નામ છે. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું કે, જે વિદ્યાર્થીઓની ઓળખ થઈ છે તેમાં ચુનચુન કુમાર, પંકજ મિશ્રા, યોગેન્દ્ર ભારદ્વાજ, પ્રિયા રંજન, વિકાસ પટેલ, ડોલન, આઈશી ઘોષ સહિતના નામ છે.

જવાહરલાલ નહેરું યૂનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ પર હુમલા કરનારા બુકાનીધારી હુમલાખોરોની ઓળખ દિલ્હી પોલીસે કરી લીધી છે. દિલ્હી પોલીસે કેટલાક બુકાનીધારી હુમલાખોરોની ઓળખ કરી છે. દિલ્હી પોલીસ આ મામલે પ્રેસ કોન્ફરન્સ કરી રહી છે અને આગળની તપાસ હાથ ધરી રહી છે. દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાંચના ડીસીપી જોય ટિર્કીએ કહ્યું કે, જેએનયુમાં હિંસા મામલાની તપાસને લઈને ઘણા પ્રકારની ખોટી જાણકારી ફેલાવવામાં આવી રહી છે. એક જાન્યુઆરી થી લઈને પાંચ જાન્યુઆરી સુધી રજિસ્ટ્રેશન થવાનું હતું. જો કે, SFI, AISA, AISF અને DSF વિદ્યાર્થી સંગઠનોને રજિસ્ટ્રેશન કરવાથી રોકવામાં આવ્યા. રજિસ્ટ્રેશન કરનારા વિદ્યાર્થીઓને ધમકાવવામાં આવી રહ્યાં હતા. આ બાદ વિવાદ સતત વધતો રહ્યો અને પાંચ જાન્યુઆરીએ પેરિયાર અને સાબરમતિ હોસ્ટેલના કેટલાંક રૂમોમાં હુમલો કરવામાં આવ્યો. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચના ડીસીપી જોય ટિર્કીએ કહ્યું કે, જેએનયુમાં હિંસા કરવા માટે વ્હોટ્સએપ ગૃપ પણ બનાવવામાં આવ્યા. બુકાનીધારીઓ જાણતા હતા કે, તેમને ક્યાં ક્યાં રૂમોમાં જવાનું છે. હિંસાની ઝઝૂફ ફૂટેજ મળ્યા નથી. પરંતુ અમે વાયરલ વીડિયા દ્વારા આરોપીઓની ઓળખ કરી છે. તેને લઈને અમે ૩૦-૩૨ સાક્ષીઓ સાથે પણ વાતચીત કરી છે.

પહેલા કૃષિ- પશુપાલનને આર્થિક રીતે લાભકારક બનાવવાની જરૂર
ગૌ કેન્દ્રિત રાજનીતિ આત્મઘાતી છે

ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ ગાયના મુદ્દા પર તીખી પ્રતિક્રિયા આપનાર ભગવા નેતા તરીકે રહ્યા છે. પરંતુ હવે આ જ ગૌરક્ષા તેમના માટે સમસ્યારૂપ બની રહી છે. જે રીતે ઉત્તરપ્રદેશમાં યોગી સરકાર સત્તામાં આવ્યા બાદ બિનઉપયોગી ગૌવંશ અને બીજા રખડતા પશુ ખેતી અને ખેડુતો માટે સમસ્યારૂપ બની રહ્યા છે તે જોતા યોગીની સમસ્યા વધી રહી છે. રખડતા ઢોર અને બિન ઉપયોગી ગોવંશના કારણે પરેશાન થયેલા પ્રદેશના ખેડુતો હવે એક સાથે આવી રહ્યા છે અને યોગી સરકારની સામે મુશ્કેલી ઉભી કરી રહ્યા છે. એકબાજુ ખેતરોમાં પરસેવા અને પૈસા વહાવડાનર ખેડુતોને પોતાની કૃષિ પેદાશો માટે વાજબી કિંમત મંડીમાં મળી રહી નથી. જે ગંભીર સમસ્યા બનેલી છે. ૧૯ મેટ્રિક ટન બટાકા વેચીને માત્ર ૪૯૦ રૂપિયાનો નફો મેળવનાર ખેડુતનો દાખલો તમામની સામે છે. બીજી બાજ ખેડુતોને હવે રાતે જાગી જાગીને રખડતા ઢોરને લઈને સાવધાન રહેવાની ફરજ પડી શકે છે. સ્થિતી એટલી હદ સુધી વિસ્ફોટક બની ચુકી છે કે અલીગઢ, ફિરોજપુર અને આગરા જેવા જિલ્લામાં તો ખેડુતો પરેશાન થઈને આવારા પ્રાણીઓને ખદેડી મુકીને સરકારી આરોગ્ય કેન્દ્રોમાં પુરી દેવાની ઘટના સપાટી પર આવી છે. શહેરી ક્ષેત્રોમાં માર્ગ પર જેમ તેમ ઢોર રખડતા જોઈ શકાય છે. આવા ગૌવંશના કારણે સામાન્ય દિવસોમાં અકસ્માત સર્જે છે. રખડતા ઢોરને સરકારી આરોગ્ય કેન્દ્રોમાં પુરી દેવાની ઘટના એક બે જ બની રહી છે તેમ કહીને સરકાર આ સ્થિતીને નજર અંદાજ કરી શકે તેમ નથી. કારણ કે હાલમાં યોજાયેલી પાંચ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને નુકસાન થયુ હતુ. ભાજપના સ્ટાર પ્રચારકને હાલમાં પરિણામથી નિરાશા હાથ લાગી છે. મુખ્યપ્રધાન યોગી



ગો કલ્યાણ પેટાકરવેરા અને ગૌ-સંરક્ષણ કેન્દ્ર જેવા ઉપાયથી રખડતા ઢોરઅને અન્ય પ્રાણીઓની સમસ્યાનો ઉકેલ આવી શકશે નહીં

આદિત્યનાથ સારી રીતે જાણે છે કે ચૂંટણી મોસમમાં ખેડુતોના પાકને નુકસાન કરી રહેલા ઢોરઅને ગૌવંશના કારણે જે સમસ્યા ઉભી થઈ છે તે જો દુર કરવામાં નહીં આવે તો ગૌ કેન્દ્રિત આક્રમક નીતિ યોગી માટે પણ સમસ્યા ઉભી કરી શકે છે. આવારા પશુઓના કારણે ઘેરા બની રહેલા સંકટને ધ્યાનમાલઈને નવા વર્ષના પ્રથમ સપ્તાહમાં યોગીએ ઉતાવળમાં નિર્ણય કર્યો હતો કે રાજ્યભરમાં નિરાશ્રિત ગાયો માટે અસ્થાયી આશ્રય સ્થાન ચાલુ કરવામાં આવશે.ઉત્તરપ્રદેશ સરકારે હાલમાં સમગ્ર રાજ્યમાં ગૌશાળા બનાવવા માટે ગૌ કલ્યાણ સેસ લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. આ હેઠળ હવે ૦.૫ ટકા સેસ શરાબ ઉપરાંત એવી તમામ ચીજો પર લાગુ કરવામાં આવનાર છે જે પેદાશો કરવેરાની હદમાં આવે છે. આટલા જ પેટા ટેક્સ સરકારી એજન્સીઓ દ્વારા વસુલ કરવામાં આવતા ટોલ ટેક્સ પર જુદી જુદી સરકારી યુનિટોના નફા પર લાગુ થનાર છે. મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ગયા મંગળવારના દિવસે મળેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણય કરવામાં આવ્યા બાદ તેને લઈને જુદી જુદી પ્રતિક્રિયા આવી રહી છે. કેબિનેટની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણય મુજબ રાજ્ય સરકાર દરેક જિલ્લાના ગ્રામીણ અને નગરીય ક્ષેત્રમાં લઘુતમ ૧૦૦૦ પશુ માટે આશ્રય સ્થળ પર બનાવનાર છે. નિર્માણ કાર્ય માટે મનરેગા ઉપરાંત ધારાસભ્ય અને સાંસદ નિધીમાંથી પણ પૈસા આપવામાં આવનાર છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યભરમાંથી એવી ફરિયાદ ઉઠી રહી છે કે આવારા પ્રાણીઓ પાકને નુકસાન કરી રહ્યા છે. સાથે સાથે તેમના કારણે માર્ગ દુર્ઘટના વધી રહી છે. જાહેરમાં ફરતા પ્રાણીઓથી પરેશાન થઈને પશ્ચિમ ઉત્તરપ્રદેશના લોકો તો હવે તેમને સ્કુલ અને પોલીસ સ્ટેશનમાં બંધ કરવા માટે વાત કરી રહ્યા છે. આ સમસ્યા એકાએક પશુના વેચાણની પ્રક્રિયા રોકાઈ જવાના કારણે સર્જાઈ ગઈ છે. સામાન્ય રીતે ખેડુતો ખેડુતો કેટલીક બાબતોને લઈને પરેશાન દેખાઈ રહ્યા હતા. હવે ખેતીના કામમાં મશીનરીનો ઉપયોગ સતત વધી રહ્યો છે જેથી પ્રાણીઓનો ઉપયોગ સતત ઘટી રહ્યો છે. યોગી સરકારના આ નિર્ણયને લઈને જુદી જુદી પ્રતિક્રિયા આવી રહી છે. ગૌવંશની સંખ્યાને મર્યાદિત કર્યા વગર તેમને ચોક્કસ વિસ્તારમાં રાખવાની બાબત યોગ્ય સાબિત થઈ શકે નહીં. પશુ ચિકિત્સક અને કૃષિ વૈજ્ઞાનિકોને પણ આ સંબંધમાં જરૂરી સુચન કરવા માટે કહેવામાં આવી શકે છે. આને લઈને દુરગામી યોજના પર કામ કરવાની તાકીદની જરૂરીયાત દેખાઈ રહી છે. કાયમી રીતે સમસ્યાને ઉકેલી દેવાની જરૂર છે. યોગીની સામે કેટલાક પડકારો રહેલા છે.

મજબુત રાજકીય ઈચ્છાશક્તિ સાથે જ સેવાઓને સુધારી શકાય...
તબીબી સેવાઓ સ્વસ્થ બને તે જરૂરી

બજેટ આડે હવે ગણતરીના દિવસ બાકી રહ્યા છે ત્યારે આરોગ્યને લઈને પણ પ્રશ્નો થઈ રહ્યા છે. ભારતમાં આરોગ્યની સુવિધા હજુ પણ અપેક્ષા કરતા ખુબ નબળી રહેલી છે. તેમાં ખુબ ધ્યાન આપવાની જરૂર છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે જો રાજકીય ઈચ્છાશક્તિ હોય તો દરેક નાગરિકને સારી આરોગ્યની સુવિધા આપી શકાય છે. દરેક નાગરિકને સારા આરોગ્ય માટે મફત નિયમિત મેડિકલ ચેકઅપ અને સુલભ ઉપચાર માટે કાનુની અધિકાર આપી શકાય છે. ભારતમાં પ્રતિ વ્યક્તિ તબીબોની સંખ્યા ખુબ ઓછી હોવાના કારણે તબીબો દરેક દર્દીને સરેરાશ બે મિનિટ આપી શકે છે. જ્યારે અમેરિકા, સ્વીડન, નોર્વે જેવા દેશોમાં આધુનિક તપાસ સાધન બાદ પણ સરેરાશ ૨૦ મિનિટ પ્રતિ દર્દીને આપવામાં આવે છે. આ પ્રકારના અંતરને જોઈને કહી શકાય છે કે ભારતમાં આરોગ્યસેવાને સ્વસ્થ બનાવવા માટે મજબુત ઈચ્છાશક્તિની જરૂર દેખાઈ રહી છે. અમારે દેશમાં જો એક જ જિલ્લામાં સેંકડો બાળકો ઉપચાર કરી શકાય તેવા રોગના કારણે મૃત્યુ પામે છે. જટિલ રોગથી ગ્રસ્ત ૯૯ ટકાથી વધારે રોગી મોટા અને નિષ્ણાંત તબીબ સુધી પહોંચી શકતા નથી., સામાન્ય સરકારી હોસ્પિટલમાં લાંબી લાઈનના કારણે રોગીને લઈને પૂર્ણ માહિતી મેળવ્યા વગર જ તબીબ દવા લખીને આગામી દર્દીને બોલાવી લે છે. લોકોને તેમના ઘરની બહાર સામાન્ય રીતે પ્રાથમિક રીતે આરોગ્ય કેન્દ્રની સુવિધા મળી રહી નથી. જો આ પ્રકારની સ્થિતી હોય તો કહી શકાય છે કે રોગીથી પહેલા તબીબી વ્યવસ્થાના આરોગ્યને સુધારી લેવાની જરૂર છે. આરોગ્ય સેવાની આ નાજુક સ્થિતીનુ મુખ્ય કારણ દેશમાં આરોગ્ય સેવા માટે કરવામાં આવતી ઓછી બજેટ



ભારતમાં પ્રતિ વ્યક્તિ તબીબોની સંખ્યા ખુબ ઓછી હોવાના કારણે તબીબ એક દર્દીને સરેરાશ માત્ર બે મિનિટ આપી શકે છે

ફાળવણી પણ છે. આને તબક્કાવાર રીતે ચાર ગણી કરવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. અમારા બંધારણમાં દરેક વ્યક્તિને સ્વસ્થ જીવનના અધિકાર તો આપવામાં આવ્યા છે પરંતુ આ અધિકાર એ વખતે સાર્થક થશે જ્યારે સરકાર દરેક વ્યક્તિને સુગમ, સુલભ અને સરળ રીતે પૂર્ણ આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવે. જો કોઈ વ્યક્તિને આ સુવિધા મળતી નથી તો તે હોસ્પિટલ અથવા તો સરકારની સામે કેસ કરીને તેમને દોષિત જાહેર કરી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. આરોગ્યના અધિકારને કોઈ પણ મુળભુત અધિકારથી ઓછા મહત્વપૂર્ણ ગણી શકાય તેમ નથી. જો કોઈ દેશમાં યોગ્ય તબીબી સારવાર વગર લોકો તડફી રહ્યા છે તો ત્યાંની સરકારને પોતાને કલ્યાણકારી સરકાર તરીકે ગણાવવાનો કોઈ અધિકાર નથી. આરોગ્ય સેવાના સુધારા માટે સરકારને ચાર સ્તર પર કામ કરવાની જરૂર છે. પહેલા ચરણના ભાગરૂપે યોગ્ય પોષણની સુવિધા તમામને મળે તે જરૂરી છે. ખાસ કરીને બાળકો અને સગર્ભાવસ્થામાં રહેલી માતાને પોષણની વ્યવસ્થા થવી જોઈએ. બીજા તબક્કામાં રોગના રક્ષણ માટે સઘન સ્વચ્છતા અભિયાન જેના ભાગરૂપે હાલમાં ચાલી રહેલા અભિયાનને અનેક ગણા સ્તર પર વધારે તીવ્ર કરવાની જરૂર છે. ત્રીજા તબક્કાના ભાગરૂપે રોગની શરૂઆતમાં ઓળખ કરીને તેની સારવાર કરવાની જરૂર હોય છે. નિયમિત રૂટીન તપાસ કરવામાં આવે તે જરૂરી છે. ચોથા તબક્કાના ભાગરૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામાન્ય જિલ્લા હોસ્પિટલ અને સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ મોટા પ્રમાણમાં રહે તે જરૂરી છે. આવી હોસ્પિટલમાં મોટા પાયે બને અને તેમના યોગ્ય મેનેજમેન્ટની વ્યવસ્થા પણ થવી જોઈએ. રાજસ્થાન અને કેટલાક આવા પ્રદેશમાં પ્રાઈવેટ પ્રેકટીસને મંજુરી હોવાના કારણે સરકારી નિષ્ણાંત તબીબોની પાસે હોસ્પિટલમાં સમય પણ ઓછો રહે છે. પ્રાથમિક તબીબી સારવાર માટે મહિલા ક્લિનિકની જેમ જ નાના નાના ડિસ્પેન્સરીને અનેક ગણી વધારી દેવાની જરૂર છે. એમ કહેવામાં આવે છે કે તબીબો ગામમાં જવા માટે તૈયાર નથી. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે ગામોમાં મુળભુત માળખા ન હોવાના કારણે તબીબોને લાગે છે કે ત્યાં તેની કુશળતાનો યોગ્ય ઉપયોગ કરી શકાશે નહીં. સુપર સ્પેશિયાલિસ્ટ સેવા માટે હાલમાં અમેસ અને કેટલીક પીજીઆઈ તબીબી સંસ્થાઓ છે. તેમની ઉપયોગિતાને ધ્યાનમાં લઈને દરેક રાજ્યમાં કમ સે કમ મોટી અને સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ રહે તે જરૂરી છે.

કેટલાક જીવલેણ રોગને રોકવામાં પણ મદદરૂપ સાબિત થાય છે
ફીશ ઓઈલ અનેક રીતે લાભકારક છે

ફીશ ઓઈલના ઘણા ફાયદા છે તે બાબત અગાઉ પણ સાબિત થઈ ચુકી છે. હવે ફરી આ વાતને અભ્યાસમાં સમર્થન મળ્યું છે. ફીશ ઓઈલ માત્ર આરોગ્ય માટે જ યોગ્ય નથી બલકે વાળ, સ્કીન માટે પણ ફીશ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. આ ઉપરાંત જુદા જુદા રોગને રોકવામાં પણ ફીશ ઓઈલની ભુમિકા છે. ફીશ ઓઈલના ફાયદાઓને લઈને વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. સ્વસ્થ હાર્ટને જાળવી રાખવા કોઈપણ વ્યક્તિને વધારે પ્રમાણમાં ફીશ ઓઈલ ધરાવનાર ભોજન ઉપયોગમાં લેવાની જરૂર છે. હાર્ટના રોગના ખતરાને ઘટાડવામાં તેમા રહેલા ઉમેગા-૩ તત્વો ઉપયોગી છે. આ ઉપરાંત તે એલડીએલ કોલેસ્ટ્રોલના પ્રમાણને પણ ઘટાડે છે. સાથે સાથે એચડીએલનું પ્રમાણ વધારે છે. એનડીએલ કોલેસ્ટ્રોલને ખરાબ કોલેસ્ટ્રોલ તરીકે ગણવામાં આવે છે. તે સારા કોલેસ્ટ્રોલના પ્રમાણને વધારે છે. ફીશ ઓઈલ હાર્ટ સ્ટ્રોકને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ફીશ ઓઈલ હાઈપર ટેન્શનની સારવારમાં પણ ઉપયોગી બની શકે છે. આ ઉપરાંત સ્લીમ રહેવમાં પણ મદદરૂપ બને છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે વજન ઘટાડવામાં તેની ભુમિકા છે. નિયમિત પ્રમાણમાં ફીશ ઓઈલને ઉપયોગમાં લેવામાં આવે તો ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે. અસ્થમાં જેવી શ્વાસની તકલીફ ધરાવતા લોકોને ફીશ ઓઈલ ખાવાથી ફાયદો થાય છે. સંશોધકોએ કહ્યું છે કે હાઈફીશ ડાઈટ ઉપર રહેલા બાળકોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. જુદા જુદા ગ્રુપમાં બાળકોને વિભાજિત કરીને તેમના ઉપર નજર રાખવામાં આવી હતી. હાઈફીશ ડાઈટ ઉપર થોડાક બાળકોને રાખાવમાં આવ્યા હતા. જ્યારે અન્ય બાળકોને નિયમિત ડાઈટ ઉપર રાખવામાં આવ્યા હતા. પરિણામમાં જાણવા મળ્યું કે વધુ ફીશ ખાનાર બાળકો અસ્થમાના ઓછા શિકાર દેખાયા હતા અને તેઓ વધુ સારી રીતે શ્વાસ લઈ શકતા હતા. ફીશ ઓઈલના અન્ય ઘણા ફાયદા છે. ઓમેગા-૩ ફીશ ઓઈલ કેન્સરના સૌથી સામાન્ય સ્વરૂપ પૈકીના ત્રણ સ્વરૂપોને રોકે છે. જેમાં સ્થન કેન્સર અને પ્રોસ્ટેટ કેન્સરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ખતરનાક સેલોને પણ મારી નાખે છે. ફીશ ઓઈલથી વાળની ખૂબસુરતી અને ચમક વધે છે. ઓમેગામાં એવા તત્વો હોય છે જે વાળના ગ્રોથને વધારે છે તથા હેરલોસને અટકાવે છે. ફીશમાં મોટા પ્રમાણમાં પ્રોટીન તત્વો હોય છે.

ફીશ ઓઈલ ડ્રાય સ્કીનની સ્થિતિને પણ સુધારે છે. સગર્ભાવસ્થામાં રહેલી મહિલાઓ માટે પણ તે ઉપયોગી છે. ફિશ ઓઈલ અનેક રીતે ઉપયોગી છે.

અનન્યાના સેક્સી લેટેક્સ ડ્રેસની લાખો ચાહકોમાં ચર્ચા રહી છે...

વર્ષ ૨૦૨૦માં અનન્યા પાન્ડે છવાશે



અનન્યા બોલિવુડમાં ભલે અત્યારે પ્રવેશી છે પરંતુ ફેશન, સ્ટાઈલ અને ડ્રેસિંગના મામલે તે પહેલાથી જ ચાહકોમાં ચર્ચામાં રહી ચુકી છે

બોલિવુડની ન્યુકમર અભિનેત્રી અનન્યા પાન્ડે માટે વર્ષ ૨૦૧૯માં કેટલીક સારી સફળતા આવી હતી. અનન્યા પાન્ડેએ સ્ટુડન્ડ ઓફ ધ યર -૨ મારફતે પોતાના કેરિયરની શરૂઆત કરી હતી. એ જ વર્ષે ડિસેમ્બરમાં તેની બીજી ફિલ્મ પતિ, પત્નિ ઔર વો પણ રજૂ કરવામાં આવી હતી. જે ચાહકોમાં ખુબ લોકપ્રિય રહી હતી. અનન્યા પાન્ડે બોલિવુડમાં ભલે હાલમાં પ્રવેશી ચુકી છે પરંતુ ફેશન, સ્ટાઈલ અને ડ્રેસિગના મામલે તે પહેલાથીજ લાખો કરોડો ચાહકોની વચ્ચે લોકપ્રિય રહી છે. આ વર્ષ અનન્યા પાન્ડેએ પોતાની બેસ્ટ ફ્રેન્ડ અને શાહરૂખ ખાનની પુત્રી સુહાના ખાનની સાથે નવા વર્ષની પાર્ટી ઉજવી હતી. આ દરમિયાન અનન્યાની બાર્બી પિન્ક શોર્ટ ડ્રેસની ચર્ચા ચાહકોમાં રહી છે. અનન્યાની બબલગમ પિંક કલરની લેટેક્સ મેટેરિયલની ડ્રેસની ચર્ચા રહી છે. સ્વીવલેસ તેમજ ખુબ જ શાઈની શોર્ટ ડ્રેસની ચર્ચા જોવા મળે છે. આ બોડી હગિંગ ડ્રેસમાં અનન્યા પૂર્ણ રીતે પાર્ટી રેડી નજરે પડી રહી હતી. અનન્યાની આ ડ્રેસને જોઈને લોકોમા ચર્ચા હતી કે તે ખુબ મોંઘી બ્રાન્ડેડ મોંઘી ડ્રેસ હશે. પરંતુ સામાન્ય લોકોને જાણીને હેરાની થશે કે આ ડ્રેસની કિંમત આપના બજેટમાં રહી છે. સાથે સાથે આ ડ્રેસ પૂર્ણ રીતે અફોર્ડેબલ તરીકે છે. હકીકતમા અનન્યાની આ ડ્રેસ ઓહ પોલી બ્રાન્ડની છે. તેની કિંમત માત્ર ૪૪ ડોલરની એટલે કે ૩૧૦૦ રૂપિયાની રહેલી છે. લેટેક્સ મટિરિયલની પોતાની આ પિન્ક શોર્ટડ્રેસમાં અનન્યાએ ન્યુડ કલરના સ્ટેરેપી હિલ્સની સાથે ટીમ અપ કરીને ચાહકોમાં ચર્ચા જગાવી હતી. તેના સ્ટેલેટોજ સ્ટાઈલના હિલ્સ પણ એકમદ સસ્તા રહ્યા છે. આ હિલ્સ પબ્લિક ડિઝાયર બ્રાન્ડના છે. તેની કિંમત ૩૦ પાઉન્ડની અથવા તો ૨૯૦૦ રૂપિયાની છે. તમામ યુવતિઓ ઈચ્છે તો પોતાની આગામી પાર્ટી માટે અનન્યાના આ અફોર્ડેબલ લુકને સરળતાથી સ્ટાઈલ કરી શકે છે. તેની કેરિયરની વાત કરવામાં આવે તો બોલિવુડમાં વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા ચંકી પાન્ડેની પુત્રી અનન્યા હાલમાં ૨૧ વર્ષની છે. વર્ષ ૨૦૧૯માં તે એક્ટિંગની દુનિયામાં પ્રવેશી ગઈ હતી. ૩૦મી ઓક્ટોબર ૧૯૯૮ના દિવસે અનન્યા પાન્ડેનો જન્મ થયો હતો. તે ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કુલમાંથી વર્ષ ૨૦૧૭માં ગ્રેજુએટ થઈ હતી. તે વેનિટી ફેર લે બાલ ઈવેન્ટમાં વર્ષ ૨૦૧૭માં પેરિસમાં જોડાઈ હતી. પાન્ડેએ વર્ષ ૨૦૧૯માં તારા સુતારિયા અને ટાઈગર શ્રોફની સાથે સ્ટુડન્ડ ઓફ ધ યર-૨ મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરી હતી. આ ફિલ્મ ધર્મા પ્રોડક્શન દ્વારા તૈયાર કરવામાં આવી હતી. પાન્ડેએ ત્યારબાદ પતિ પત્નિ ઔર વો ફિલ્મમાં ભૂમિકા અદા કરી હતી. જે વર્ષ ૧૯૭૮માં રજૂ કરવામાં આવેલી ફિલ્મની રીમેક હતી. આ ફિલ્મમાં સંજીવ કુમારની ખાસ ભૂમિકા હતી. ફિલ્મમાં કાર્તિક આર્યન અને ભૂમિની પણ ભૂમિકા હતી. અનન્યા પાન્ડે પાસે હજુ પણ કેટલીક ફિલ્મો રહેલી છે. જેમાં ખાલી પિલી ફિલ્મનો સમાવેશ થાય છે. જેમાં તેની સાથે ઈશાન ખટ્ટર કામ કરી રહ્યો છે. આ ઉપરાંત પણ તે સુકન બત્રાની એક ફિલ્મમાં કામ કરી રહી છે. જેનુ નામ હજુ જાહેર કરવામાં આવ્યુ નથી. આ રોમેન્ટિક ડ્રામાં ફિલ્મમાં દિપિકા પણ કામ કરનાર છે. અનન્યા પાન્ડે વર્ષ ૨૦૧૯માં સફળ રહ્યા બાદ હવે વર્ષ ૨૦૨૦માં પણ જુદા જુદા પ્રોજેક્ટ હાથમા હોવાના કારણે ચર્ચામાં રહી શકે છે. તેની પાસે સતત સારી ફિલ્મો આવી રહી છે. યુવા પેઢીમાં તે પોતાની સ્થિતીને મજબુત બનાવી રહી છે. બોલિવુડમાં સ્ટાર કિડ્સની બોલબાલા દેખાઈ રહી છે. જેમાં શ્રીદેવીની પુત્રી જાન્હવી કપુર, સેફ અલી ખાનની પુત્રી સારા અલી ખાન અને ચંકી પાન્ડેની પુત્રી અનન્યા પાન્ડેનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૦માં આ ત્રણેય વચ્ચે મુખ્ય સ્પર્ધા રહેનાર છે. તમામ ત્રણેય લોકપ્રિયતાની સીઢી ચઢી રહી છે. આ ત્રણેય ઉપરાંત બોલિવુડમાં યુવા અભિનેત્રી તેમની છાપ મજબુત કરી રહી છે. જેમાં કિયારા અડવાણીનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૦માં સૌથી વધારે બાજી કોણ મારે છે તેની ચર્ચા ચોક્કસપણે રહેનાર છે. સારા અને જાન્હવી પાસે પણ ખુબ ફિલ્મો રહેલી છે. ત્રણેય સ્ટાર કિડ્સ તેમની વચ્ચે કોઈ સ્પર્ધા હોવાનો ઈન્કાર કરે છે પરંતુ બોલિવુડમાં તેમની વચ્ચે સ્પર્ધા થાય તે જરૂરી છે. નિર્માતા નિર્દેશકો પણ તેમના પર નજર રાખી રહ્યા છે.

સ્વાદિષ્ટ વાનગી કઈ રીતે બની શકે છે

સ્પીનાચ ચિકપી કબાબ શુ છે

ખુબ જ સ્વાદિષ્ટ સ્પીનાચ ચિકપી કબાબને સરળ રીતે બનાવી શકાય છે. યુવા પેઢીને આ વાનગી ખુબ જ પસંદ પડે છે. આની સામગ્રીની વાત કરવામાં આવે તો સરળતાથી બજારમાં ઉપલબ્ધ લઈ શકે છે. આની સામગ્રીની વાત કરવામાં આવે તો એક બાઉલ પાલક પ્યુરી, એક બાઉલ બાફેલા કાબુલી ચણા, ૧-૨ બાઉલ બાફેલા બટાકા, બે નંગ લીલા મરચા, બ્રેન્ડ ક્રમ્સ અથવા તો ખાખરાનો ભુકો, તલ પાઉનડર, મિઠુ , એક ચમચી મરી પાઉડર, બે ચમચી લિમ્બુ રસ, બે ચમચી બટર, બે ચમચી ઓલીવ ઓઈલ અને એક ચમચી ચાટ મસાલો જરૂરી હોય છે. આને સ્વાદ મુજબ બનાવી શકાય છે. તેને બનાવવાની રીતની વાત કરવામાં આવે તો એક બાઉલમાં કાબુલી ચણા અને બટાકા મેશ કરીને માવો તૈયાર કરવામાં આવે છે. સૌથી પહેલા માવો તૈયાર કરવામાં આવ્યા બાદ તેને એક પેનમા બટર ગરમ કરીને તેમાં પાલક પ્યુરીને બધુ પાણી બળી જાય ત્યાં સુધી હલાવતા રહેવુ પડે છે. એકદમ થીક પેસ્ટ બની જાય ત્યારબાદ તેમાં બટાકાના માવામાં ઉમેરી દેવામાં આવે છે. ત્યારબાદ તેમાં મિઠુ, મરી પાઉડર, લિંબુ રસ, તલ પાઉડર, બારીક સમારેલા લીલા મરચા ઉમેરી બરોબર મિક્સ કરવામાં આવે છેય. હવે માવામાંથી એક સરખા ગોળા વાળીને પ્રેસ કરીને કબાબનો શેઈપ આપી શકાય છે. એક પ્લેટમાં બ્રેડક્રમ્સ અથવા તો ખાખરાનો ભુખો પાથરીને કબાબને ૧૫-૨૦ મિનિટ સુધી ફ્રીજમાં મુકી દેવામાં આવે છે. ત્યારબાદ ઓલીવ ઓઈલ લગાવી પેનમાં શેલો ફ્રાય કરી લેવાની જરૂર હોય છે. કબાબને પ્લેટમાં લઈને ચટણી સાથે તેને સર્વ કરવામાં આવે છે. જે એક શાનદાર સ્વાદિષ્ટ વાનગી તરીકે રહે છે.

ગાજરની વાનગી તમામને પસંદ પડી શકે છે

મિની કેરટ કેક કઈ રીતે બને



મિની કેરટ કેક પણ તમામ લોકોને ઠંડીના દિવસોમાં પસંદ પડી શકે છે. આને બનાવી લેવાની બાબત પણ બિલકુલ સરળ છે. બનાવવાની રીતની વાત કરવામાં આવે તો સૌથી પહેલા તો ગાજરને છાળ કાઢીને છીણી લેવાની જરૂર હોય છે. ત્યારબાદ એક પેનમાં ઘી ગરમ થાય પછી છીણેલા ગાજરને ૧૦ મિનિટ શેકવાની જરૂર હોય છે. ત્યારબાદ તેમાં દુધ ઉમેરી દેવામાં આવે છે. ત્યારબાદ તેને સતત હલાવતા રહેવાની જરૂર હોય છે. ગાજર એકમદ નરમ બની જાય ત્યારે તેમાં મોળા મેવા, કાજુ પાઉડર મિક્સ કરીને ૧૦ મિનિટ સુધી ધીમા ગેસ પર રાખવામાં આવે છે. ત્યારબાદ તેમાં કન્ડેન્સ મિલ્ક અને સ્વીટ બ્રેડક્રમ્સ ઉમેરીને બરોબર મિક્સ કરવામાં આવે છે. ત્યારબાદ ગેસને બંધ કરી દેવાની જરૂર હોય છે. આ પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ એક પ્લેટમાં રાઉન્ડ કેક ટીમ મુકીને બનાવેલા મિશ્રણને તેમાં સેટ કરી દેવામાં આવે છે. ત્યારબાદ પ્લેટને એક કલાક માટે ફ્રીજમાં મુકી દેવામાં આવે છે. એક કલાક સુધી ફ્રીજમાં પ્લેટને રાખ્યા બાદ તેને બહાર કાઢી લેવામાં આવે છે. પ્લેટને બહાર લઈને ટીમ અનમોલ્ડ કરીને ઉપર આઈસિંગ સુગર ડસ્ટ કરીને કેરટ કેક સર્વ કરી શકાય છે. આ ખુબજ શાનદાર રેશીપી તરીકે છે. તમામ મહેમાનોની સાથે સાથે બાળકોને પણ તે ખુબ પસંદ પડી શકે છે. સામગ્રીની વાત કરવામાં આવે તો તેમાં એક કિલોગ્રામ ગાજર, ૧૦૦ ગ્રામ મોળા મેવા, બે ચમચી ઘી, ૫૦ ગ્રામ કન્ડેન્સ મિલ્ક, એક બાઉલ સ્વીટ બ્રેડક્રમ્સની જરૂર હોય છે. એક ટેસ્ટ સ્પુન ઇઈસિંગ સુગર, કાજુ પાઉડર તેમજ ૧૦૦ ગ્રામ દુધની જરૂર હોય છે. આ તમામ સામગ્રીની મદદથી શાનદાર સ્વાદિષ્ટ મિની કેરટ કેક બનાવી શકાય છે.

કિયારા જેવી ફિગર મેળવવા યુવતિઓના સપના

કિયારાના ફેશ લુકની ચર્ચા



કિયારા અડવાણીએ સામાન્ય રીતે તો બોલિવુડમાં એમએસ ધોની ધ અનટોલ્ડ સ્ટોરી મારફતે ચાહકોના દિલોદિમાગમાં વસી ગઈ હતી. જો કે કબીર સિંહ ફિલ્મ મારફતે કિયારા રાતોરાત સુપરસ્ટાર બની ગઈ છે. તેની આ ફિલ્મની કરોડો ફિલ્મી ચાહકોએ નોંધ લીધી છે. તેની એક્ટિંગ કુશળતાથી તમામ લોકો પ્રભાવિત પણ થયા છે. હાલમાં તેની પાસે સાતથી આઠ ફિલ્મો હાથમાં રહેલી છે.છેલ્લે તે ગુડ ન્યુઝ નામની ફિલ્મમાં નજરે પડી હતી. તેના ફેશ લુકની ચર્ચા હવે બોલિવુડની સાથે સાથે દેશભરમાં જોવા મળી રહી છે. તેના જેવા પરફેક્ટ ફિગરને હાંસલ કરવા માટે પણ તમામ યુવતિઓ સપના જોઈ રહી છે. કિયારાની ખુબસુરતી માટે તેની અથાગ મહેનત પણ જવાબદાર રહેલી છે. તે અથાગ મહેનતની સાથે સાથે ડાયટ પ્લાન જોરદાર રીતે પાળે છે. કિયારાના ફિટનેસ ફંડાને ધ્યાનમાં લેવામાં આવે તો કેટલીક બાબતોને જાણી શકાય છે. કિયારા પુલઅપ્સની સાથે સાથે ફંક્શનલ ટ્રેનિંગને ખુબ એન્જોય કરે છે. તે રનિંગ, એરોબિકસ દ્વારા પણ પોતાના વજનને કાબુમાં રાખવા માટેના પ્રયાસ કરતી રહે છે. તે જીમમાં ખુબ સમય ગાળે છે. નેચર રનિંગમાં પણ વિશ્વાસ રાખે છે. તે કસરત માટે કેટલીક વખત ડાન્સ પણ કરે છે. કિયારા ફ્રુટ જ્યુસ લેવા કરતા ફ્રુટસ તથા લીલા શાકભાજી ખાવાનુ વધારે પસંદ કરે છે. તે વધારે તેલવાળો ખોરાક ક્યારેય લેતી નથી. ખાંડ પણ તે દિવસમાં બે ચમચી જેટલી લે છે. તેના ડાયટમાં ૫૫ ટકા પ્રોટીન હોય છે. બાકીના કાર્બોહાઈડ્રેટસ, ફેટ જેવી ચીજો હોય છે. તેનુ કહેવુ છે કે કેટલાક લોકો ચહેરાને ચમકદાર રાખવા માટે પેસ મસાજ કરાવે છે. જો કે આના માટે નેચરલ વસ્તુઓનો ઉપયોગ થયો હોય તેવી ચીજોનો ધ્યાન રાખવાની જરૂર હોય છે. વિટામિન સી યુક્ત મસાજ ચહેરા પર એક અલગ ચમક આપે છે. કિયારા ઉઠતાની સાથે જ લિમ્બુનુ હુફાળુ પાણી પીવે છે. તેનુ કહેવુ છે કે લિમ્બુ મેટાબોલિઝમને યોગ્ય બનાવે છે. તે નાસ્તામાં સ્ટ્રોબરી , સંતરા તેમજ સફરજન જેવા ફળનો ઉપયોગ કરે છે. તે દુધ, દહી, ઈંડાનો ઉપયોગ ચોક્કસપણે નાસ્તામાં કરે છે. રાત્રે સાત વાગ્યા સુધી તે બોજન લઈ લે છે. બપોરના ભોજનમાં મલ્ટીગ્રેઈન રોટલી સાથે ફણગારેલી દાળ, ભીડા, અથવા તો કોઈ શાક લેતી હોય છે. દિવસ દરમિયાન તે હુંફાળુ પાણી પીતી રહે છે. જેથી શરીર ડિટોક્સ થતુ રહે છે.

ભાગદોડની લાઈફસ્ટાઈલથી માઠી અસર...

કિડની ખરાબ થવાના કેસો

આધુનિક સમયમાં લાઈફ સ્ટાઈલમાં ઝડપથી ફેરફાર થઈ રહ્યો છે. બીજી બિમારીઓની સાથે સાથે કીડની ખરાબ થવાના મામલા પણ વધી રહ્યા છે. એક વખત કિડનીની બિમારી થઈ ગયા બાદ લોકો લાઈફથી હતાશ થઈ જાય છે. વાસ્તવિકતા એ છે કે જો યોગ્ય રીતે સારવાર કરવામાં આવે અને સાવધાની રાખવામાં આવે તો કિડની ખરાબ થયા બાદ પણ લાંબા સમય સુધી જીવી શકાય છે. અનેક જાણીતા તબીબોએ આ સંદર્ભમાં તેમની પ્રતિક્રિયાઓ આપી છે. કિડનીને ખરાબ કરતા કેટલાક પરિબળોને લઈને સાવધાન રહેવાની જરૂર છે. દરરોજ સાત-આઠ ગ્લાસથી ઓછું પાણી પીવાની સ્થિતિમાં કિડની ખરાબ થવાનો ખતરો રહે છે. આ ઉપરાંત વધારે પ્રમાણમાં મીઠું ભોજનમાં લેવાની બાબત પણ જોખમી છે. હાઈ બીપીની સારવારમાં લાપરવાઈ કરવાની બાબત પણ જોખમી સાબિત થઈ શકે છે. વધુ પ્રમાણમાં પેનકીલર લેવાથી પણ ખતરો રહે છે. કોઈને પણ દવાઓને લઈને પણ પ્રયોગો કરવા જોઈએ નહીં. કેટલીક દવાઓ ખાસ કરીને આયુર્વેદિક અને વિદેશી દવાઓમાં લેડ અને પ્રોટેશિયનનું પ્રમાણ વધારે પ્રમાણમાં રહે છે જે કિડની માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે. કિડનીની બિમારીથી બચવા માટે પણ કેટલીક સલાહ ઉપર ધ્યાન આપવાની જરૂર છે. પૂરતા પ્રમાણમાં ફળ અને કાચી શાકભાજી ઉપર વધારે ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. દ્રાક્ષની પણ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા રહે છે.મેગ્નેશિયનમની પણ મહત્વપૂર્ણ ભૂમિકા રહે છે. મેગ્નેશિયમવાળી ચીજો વધારે પ્રમાણમાં લેવી જોઈએ. ભોજનમાં મીઠું, સોડિયમ અને પ્રોટીનનું પ્રમાણ ઘટાડી દેવું જોઈએ. ૩૫ વર્ષની વય બાદ વર્ષમાં એક વખત બ્લડપ્રેશર અને સુગરની ચકાસણી ચોક્કસપણે કરાવવી જોઈએ. બ્લડપ્રેશર અને ડાયાબિટીસના લક્ષણ મળી ગયા બાદ અન્ય તબીબી ચકાસણી કરાવવી જોઈએ. પોષક તત્ત્વોથી ભરપૂર હોય તેવા ભોજનની સુવિધા હમેશા રાખવી જોઈએ. નિયમિત રીતે કસરત અને વજન ઉપર નિયંત્રણથી પણ કિડનીની આશંકાઓને પણ ઘટાડી શકાય છે. કિડનીની બિમારી ધરાવતા દર્દીઓને ચોક્કસ પ્રકારના ભોજનને ટાળવાની પણ સલાહ આપવામાં આવે છે. પ્રોટીન, કેલેરી, વિટામીન, સોડિયમ અને અન્ય ચીજો યોગ્ય પ્રમાણમાં લેવી જોઈએ. કિડનીની હાલતને ધ્યાનમાં લઈને વધુ પ્રમાણમાં કિડનીને મજબૂત રાખી શકે તેવી ચીજો રાખવી જોઈએ. પ્રવાહી પદાર્થોનો ઉપયોગ વધારે કરવો જોઈએ.

અરહાન ખાનની એક્સ ગર્લફ્રેંડ અમૃતા ધનોઆ સેક્સ રેકેટમાં ઝડપાઈ

મુંબઈ

બિગ બોસ કંટેસ્ટેન્ટ અરહાન ખાનની એક્સ ગર્લફ્રેંડ અમૃતા ધનોઆ વધુ એક વખત ખબરોમાં આવી ગઈ છે. મુંબઈ પોલીસે શુક્રવાર રાત્રે અમૃતાને ગોરેગાંવ ઈસ્ટની એક હોટલથી તેની ધરપકડ કરી છે. પોલીસ રેડમાં અમૃતાની મુંબઈના ફાઈવસ્ટાર હોટલથી ધરપકડ કરવામાં આવી છે. આ મામલામાં અમૃતા સિવાય વધુ એક સ્ટ્રગલિંગ એક્ટ્રેસ ઋચા સિંહની પણ ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે એક ટીમ મળ્યા બાદ આ હોટલમાં રેડ કરી હતી. ડીસીપીને આ અંગે બાતમી મળતા જ તેના પર એક્શન લીધુ. પોલીસે નકલી કસ્ટમર બનીને રેકેટ ચલાવનારાથી સંપર્ક કર્યો હતો. અમૃતાને પોલીસ રેડમાં એરેસ્ટ કરવામાં આવી. પોલીસના સિનીયર પીઆઈએ જણાવ્યું કે, જે બંન્ને અભિનેત્રીઓની ધરપકડ કરવામાં આવી છે તે બંન્ને સેક્સ રેકેટનો ભાગ હતી. બંન્ને અભિનેત્રીઓને સેક્શન ૩૭૦ (૩), આઈપીસી ૩૪ અને સેક્શન ૪,૫ (અનૈતિક ટ્રાફિકિંગ એક્ટ નિવારણ) અંતર્ગત તેમની ધરપકડ કરવામાં આવી છે.



પોલીસે બે એસ્કોર્ટસને પણ બચાવી અને જાણકારી મળી કે તે બંન્ને અમૃતા અને ઋચા સાથે કોઓર્ડિનેટ કરી રહી હતી, જે હોટલની આસપાસના વિસ્તારમાં હતી. જ્યારે અમૃતાને રેડ વિશે જાણકારી મળી તો તેને ઘટનાસ્થળથી ભાગવાની કોશિશ કરી પરંતુ પોલીસે તેની ધરપકડ કરી લીધી.

સ્પિનના જાદુગર વોર્નની ટોપીએ તોડ્યો રેકોર્ડ, ૩.૪.૯૨ કરોડમાં વેચાઈ

સિડની

વિશ્વના મહાન લેગ સ્પિનર અને પૂર્વ ઓસ્ટ્રેલિયન શેન વોર્ને તેના ટેસ્ટ કરિયર દરમ્યાન પહેરેલી કેપ 'બેગી ગ્રીન' ની હરાજી ૧ મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલર એટલે કે ૪.૯૨ કરોડ રૂપિયામાં થઈ છે. આ સાથે જ 'બેગી ગ્રીન કેપ'એ એક વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું છે, હવે તે ક્રિકેટ ઈતિહાસમાં વેચાયેલી સૌથી મોંઘી અને યાદગાર વસ્તુ બની ગઈ છે. ઓસ્ટ્રેલિયાના જંગલોમાં લાગેલી આગથી અસરગ્રસ્તોને મદદ કરવા વોર્નને તેની ટેસ્ટ ડેબ્યૂ મેચ ગ્રીન કેપની હરાજી કરવાનો નિર્ણય લીધો હતો.

૫૦ વર્ષીય શેન વોર્ને ટ્વીટ કરીને જે લોકોએ હરાજીમાં બોલી લગાવી હતી તેમનો આભાર માન્યો છે. શેનની આ કેપ માટેની હરાજીની પ્રક્રિયા ૬ જાન્યુઆરીથી શરુ થઈ હતી જે ૧૦ જાન્યુઆરીએ સવાર સુધી ચાલી. ગણતરીના કલાકોમાં જ કેપની કિંમત ૧.૫ કરોડને પાર પહોંચી ગઈ હતી. આ કેપની રકમ સીધી રેડ ક્રોસ બુશફાયર અપીલને જતી રહેશે.

ગાંધીનગર રેલવે સ્ટેશન નજીક હોટલનું ઉદ્ઘાટન,ભાજપ માળખામાં ધરખમ ફેરફારના એંધાણ

અમિત શાહ ગુજરાતમાં: સાયબર ક્રાઈમની ગુનાખોરી રોકવાની એપ્સનું લોકોર્પણ કરશે

ગાંધીનગર

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ તેમના વતન ગુજરાત આવી ગયા છે. ૧૧ જાન્યુઆરીએ કેટલાક લોકાર્પણ કાર્યક્રમોમાં તેઓ હાજરી આપવાના છે. ગુજરાતમાં સરકાર સામે એક બાદ એક ખુલી રહેલા મોરચા તેમજ સમસ્યાઓની વચ્ચે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહની ગુજરાત મુલાકાત સૂચક માનવામાં આવી રહી છે.

રાજનૈતિક વર્તુળોમાં ચર્ચાઓ ચાલી રહી છે કે, ગુજરાતના પ્રદેશ માળખામાં ધરમૂળ ફેરફાર આવવના એંધાણ છે. છેલ્લા કેટલાક વખતથી ગુજરાતના મંત્રીઓ પણ તેમના નિવેદનમાં વારંવાર અમુક પ્રકારના સંકેતો આપતા હોવાની ચર્ચાઓનું બજાર પણ ગરમ છે. ત્યારે અમિત શાહની ગુજરાત મુલાકાત એ અમદાવાદના ભાજપ માળખાના આવનારા ફેરફારનું કારણ હોવાની અટકળો લગાવાઈ રહી છે.

ગૃહપ્રધાનના કાર્યક્રમો પર નજર કરીએ તો તેઓ રાત્રે અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા. ૧૧ જાન્યુઆરીએ સાયબર ક્રાઈમની ગુન્હાખોરી રોકવાની એપ્સના લોકોર્પણમાં તેઓ હાજરી આપશે. બપોરે ૧૨ કલાકે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં આવતા ૧૧ રેલવે સ્ટેશનની સુવિધાની સમીક્ષા ગૃહપ્રધાન કરશે.

આ ઉપરાંત રેલવેના ધ્વજનું લોકાર્પણ કરશે. ૧ કલાકે મુખ્યપ્રધાને બનાવેલા સીએમ ડેસ્કબોર્ડની મુલાકાત લેશે અને સાથે જ રાજ્યના વિવિધ વિભાગોનું મોનિટરીંગ કરતા ડેસ્કબોર્ડની મુલાકાત લેશે. ૩ કલાકે જીટીયુના પદવીદાન સમારોહમાં હાજરી આપશે અને સાંજે ૬.૦૦ કલાકે ઘાટલોડિયામાં સ્નેહમિલન કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યારબાદ ૧૨ જાન્યુઆરીના રોજ દિલ્હી જવા માટે રવાના થશે.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ સરકારી કાર્યક્રમોની સાથે પ્રદેશ ભાજપના સંગઠનનો કોયડો પણ ઉકેલશે. જો કે મહત્વની વાત તો એ છે કે, ગુજરાત ભાજપ, શહેર પ્રમુખ કે જિલ્લા પ્રમુખ નક્કી કરી શકી નથી. ત્યારે ગૃહપ્રધાન અમિત શાહ તેમના બપોરના સમય દરમિયાન મુખ્યપ્રધાન નિવાસસ્થાન પર પ્રદેશના નેતાઓ સાથે આ કામગીરી બાબતે મનોમંથન કરશે.

ગાંધીનગર રેલવે સ્ટેશન નજીક હોટલનું પણ ઉદ્ઘાટન કરશે. ઉપરાંત નારણપુરામાં સીએએના સમર્થનમાં ભાજપનો કાર્યક્રમ છે. જેમાં ૫ લાખથી વધુ લોકોના હસ્તાક્ષર વાળો પત્ર અર્પણ કરાશે. સાથે જ ગૃહમંત્રી અમિત શાહ સોસાયટીઓના આગેવાનો સાથે ભોજન પણ કરશે. આ દરમિયાન કૌશિક પટેલ, આઈ.કે જાડેજા સહિતના આગેવાનો હાજર રહેશે.

મોડાસા દુષ્કર્મ કેસ : દીકરીની અંતિમવિધિના બીજા દિવસે ન્યાયની માંગ સાથે રેલી

હિંમતનગર

ગયા રવિવારે સાયરાની કોલેજિયન યુવતીની લટકતી લાશ મળી હતી. આ મામલે ૪ શખ્સ સામે દુષ્કર્મ અને હત્યા સહિત એટ્રોસિટીનો ગુનો નોંધાયો છે. યુવતીની અંતિમવિધિ કરાઈ હતી. ત્યારે સાબરકાંઠાના ઈડરમાં જસ્ટિસ ફોર કાજલની માંગ સાથે અનુસૂચિત જાતિના લોકોએ મોટી સંખ્યામાં રેલી યોજી હતી. આરોપીઓને ફાંસી આપોના નારા લગાવી રેલી બાદ આરોપીઓને સખત સજાની માંગ સાથે આવેદન આપવામાં આવ્યું હતું. યુવતીના હત્યારા અને દુષ્કર્મીઓને સજા કરાવવા માટે અરવલ્લી, અમદાવાદ અને સાબરકાંઠામાં કેન્ડલ માર્ચ અને રેલીઓ યોજાઈ છે.

ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાયરાની દીકરીના ન્યાય માટે રેલી નીકળી હતી. ઈડરિયા ગઢ તરફથી જૈનાચાર્ય રજન માર્ગથી રેલી નીકળી હતી. રેલીમાં મોટી સંખ્યામાં અનુસૂચિત જાતિના લોકો જોડાયા હતા. બેનરો સાથે આરોપીઓને ફાંસી આપોના નારા સાથે રેલી યોજાઈ હતી.

યુવતીએ જાતે જ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું પીએમમાં પ્રાથમિક તારણ

યુવતીના મોત મામલે યુવતીએ આપઘાત કર્યો હોવાનું પીએમમાં પ્રાથમિક તારણ નીકળ્યું છે. મૃતક પર ગેંગરેપ થયો હોવાની શક્યતા પણ તેમાં નકારી દેવાઈ છે. એક અહેવાલ અનુસાર, યુવતીએ જાતે જ ઝાડ પર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ લાગી રહ્યું છે. પોલીસ હવે મૃતકના વજાયનલ સ્વેબ અને બ્લડના ફોરેન્સિક રિપોર્ટની રાહ જોઈ રહી છે. જેમાં તેના પર ખરેખર ગેંગરેપ થયો હતો કે તેમ તેની ચોક્કસ ખબર પડી જશે. યુવતી મોડાસાની એક કોલેજમાં ત્રીજા વર્ષમાં ભણતી હતી, અને ૫ જાન્યુઆરીના રોજ તે એક ઝાડ પર ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. મૃતક ૧ જાન્યુઆરીથી ગુમ હતી.

રિતેશ દેશમુખે ટ્વિટ કરી રોષ ઠાલવ્યો : 'ગુનેગારોને જાહેરમાં ફાંસી આપો'

જસ્ટિસ ફોર કાજલના હેસ ટેગ સાથે સોશિયલ મીડિયામાં લોકો ન્યાયની માંગ કરી રહ્યા છે. ત્યારે બોલિવુડ અભિનેતા રિતેશ દેશમુખે ટ્વિટ કરીને લખ્યું છે કે, ૧૯ વર્ષીય યુવતીનું અપહરણ, ગેંગ રેપ, મર્ડર અને ઝાડ પર લટકાવી દીધી. તે કયા ધર્મની હતી તે ભૂલી જાવ. તેની જ્ઞાતિ પણ ભૂલો. માત્ર એટલું યાદ રાખો કે તે એક યુવાન છોકરી જેને તેની આખી જિંદગી માટે સપના અને આકાંક્ષાઓ હતી. ગુનેગારોને જાહેરમાં ફાંસી આપો.

ઓખા બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરી બોટ સર્વિસને બંધ કરાઈ

દેવભૂમિ દ્વારકા

ઓખા બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરી બોટ સર્વિસને બંધ કરવામાં આવી છે. વાતાવરણ ખરાબ હોવાથી ગુજરાત મેરીટાઈમ બોર્ડની કચેરી દ્વારા આ નીર્ણયને લેવામાં આવયો હતો.

યાત્રાધામ દ્વારકાથી ૩૦ કિલોમીટર દૂર આવેલ ભગવાન દ્વારકાધીશના મંદિરે જવા માટે ઓખાથી દરિયાઈ માર્ગે લાકડાની હોડીમાં બેસીને બેટ દ્વારકા જઈ શકાય છે .

વાતાવરણ ખૂબ જ ખરાબ હોવાથી ભારે પવનના કારણે ફેરી બોટ સર્વિસને સવારે ૮ થી ૧૧ સુધી બંધ કરવામાં આવી હતી.ઓખા બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરી બોટ સર્વિસને બંધ કરવામાં આવી, ગુજરાત મેરીટાઈમ બોર્ડની કચેરીનો નિર્ણયઓખા ખાતે આવેલ ગુજરાત મેરીટાઈમ બોર્ડની કચેરી દ્વારા યાત્રાળુઓ અને બોટ ખલાસીઓની સલામતી માટે લેવામાં આવ્યો છે. આ નિર્ણય પોષી પૂનમ અને નાતાલનું વેકેશનની રજાઓને કારણે અહીં આવતા યાત્રાળુઓ બેટ-દ્વારકાના દર્શન કર્યા વગર જ પરત ગયા હતા.

ગાંધીજીની પ્રતિમા ખંડિત કેસમાં ઉદ્યોગપતિ ધોળકિયાને ૧૩મી સુધીમાં હાજર થવા સમન્સ

અમરેલી

લાઠી તાલુકાના દુધાળા ગામમાં હરિકૃષ્ણ સરોવરમાં ઉભી કરેલી મહાત્મા ગાંધીની પ્રતિમા ખંડિત થઈ હતી. જેમાં ધોળકિયા ફાઉન્ડેશનના માણસોની ઓડિયોક્લિપ વાઈરલ થતા લાઠી પોલીસે તેમની સામે જાણવા જોગ ફરિયાદ દાખલ કરી હતી. હવે લાઠી પોલીસે સુરતના ઉદ્યોગપતિ સવજી ધોળકિયાને ૧૩ જાન્યુઆરી સુધીમાં હાજર થવા સમન્સ પાઠવ્યું છે. ૨ જાન્યુઆરીની રાતે જ પ્રતિમા ટ્રેક્ટરની ટક્કરથી ખંડિત થયાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. બાદમાં ધોળકિયા ફાઉન્ડેશનના માણસોની ઓડિયોક્લિપ વાઈરલ થતા શંકાની સોય સવજી ધોળકિયા સુધી પહોંચતા લાઠી પોલીસે સમન્સ પાઠવ્યું છે. આ કેસમાં સંડોવાયેલા કોઈ પણ વ્યક્તિને પોલીસ છોડશે નહીં તેવી ખાતરી આપી હતી. ૪ જાન્યુઆરીએ આ બનાવ બહાર આવ્યો હતો.

ખેડૂતો અને ઓઈલ મિલરો માટે સારા સમાચાર... પામતેલ પર લગામ મુકાઈ

ગાંધીનગર

સૌરાષ્ટ્ર ઓઈલમીલ એસોસિએશન અને દેશના ઓઈલ એસોસિએશનો દ્વારા કેન્દ્ર સરકારને અનેકવાર રજુઆતો કરવામા આવી હતી કે, પામલેતની આયાતો ઘટાડવામા આવે તો જ સ્થાનીક તેલની માંગમા વધારો થશે.

તાજેતરમા કેન્દ્રીય વાણીજ્યમંત્રી પીયુશ ગોયલ દ્વારા મહત્વપુર્ણ નીર્ણય લેવામા આવ્યો છે તેને સૌરાષ્ટ્ર ઓઈલમીલ એસોસિએશનના પ્રમુખે આવકારીને અભીનંદનનો પત્ર લખ્યો છે. અત્યાર સુધી આયાતકાર ગમે તેટલા પામતેલની આયાત કરી શક્તા હતા હવે સરકારે આ બાબતે મર્યાદાઓ નક્કી કરી છે. આપણા દેશમા પહેલા ૧૬૫ લાખ ટન ગત વર્ષે આયાત કરવામા આવી હતી. ચાલુ વર્ષે ૧૨૦ લાખટન આયાત થશે. પામતેલીની મર્યાદીત આયાત થતા દેશમા સ્થાનીક તેલોની માંગમા વધારો થશે. ભારતમાં મલેશીયા અને ઈન્ડોનેશિયામાંથી પામોલિનની આયાત થઈ રહી છે.

સૌમાના પ્રમુખનુ કહેવુ છે કે, દેશમા ૪૫ થી ૫૦ ટકા જેટલુ પામોલીન તેલ ખવાય છે. પોમાલીન તેલ અન્ય તેલ કરતા સસ્તુ હોય છે તેના કારણે તેનો વપરાશ લોકો વધુ કરે છે. મોટા ભાગની હોટેલ અને ફરસાણમા પોમાલીન તેલ વપરાય છે. જો કે પામતેલ આરોગ્ય માટે પણ ખુબ જ હાનીકારક છે.

રૂપાણીનાં રાજકોટમાં તંત્રની નિષ્ફળતા... છેલ્લા ૫ વર્ષમાં ગર્ભમાં જ ૨૫૫૯ બાળકોનાં મોત

રાજકોટ

હાલમાં જ રાજકોટમાં હોસ્પિટલમાં એક જ મહિનામાં ૧૦૦થી વધારે બાળકોનાં મોતને લઈ ભારે હોબાળો મચી ગયો હતો. અને બાળકોનાં આ મોતને લઈ ગુજરાતમાં રાજકારણ ખાસ્સું ગરમાયું હતું. તેવામાં હવે રાજકોટથી વધુ એક ચોંકાવનારી વિગત સામે આવી છે. રાજકોટમાં જન્મ બાદ જ નહીં પણ જન્મ પહેલાં પણ બાળકોને બચાવવામાં તંત્ર નિષ્ફળ નિવડ્યું છે. રાજકોટમાં છેલ્લાં ૫ વર્ષમાં ૨૫૫૯ બાળકોનાં મોત થયા હોવાનું સામે આવ્યું છે.

રાજકોટમાં જન્મતાં બાળકોને બચાવવામાં તંત્ર નાકામ સાબિત થયું જ છે, પણ સાથે જ ગર્ભમાં રહેલ બાળકોને સાચવવામાં પણ તંત્ર વામણું પુરવાર થયું છે. સમયસર તપાસ છતાં ગર્ભમાં બાળકોનાં મોતનો આંકડો ચોંકાવનારો છે. છેલ્લા ૫ વર્ષમાં ગર્ભમાં જ ૨૫૫૯ બાળકોનાં મોત થયા છે. વર્ષ ૨૦૧૯માં ગર્ભમાં ૫૪૪ બાળકોનાં મોત થયા હતા. આ આંકડો સામે આવતાં સગર્ભા મહિલા અંગે અનેક સરકારી યોજનાઓની પોલ ખુલી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, દર ૧૫ અને ૩૦ દિવસે સગર્ભા માતાની તપાસ થાય છે.

સવાલ એ છે માતા સગર્ભા થયા બાદ સરકાર દ્વારા તેમની તમામ તપાસ કરવામાં આવે છે. દર ૧૫ અને ૩૦ દિવસે સગર્ભા માતાની તપાસ થાય છે. તો ગર્ભમાં બાળકો નાં મોત કેમ? કે પછી આરોગ્ય વિભાગ કામગીરી ફક્ત કાગળ પર છે.

ઉત્તરાયણમાં ધાબાનું એડવાન્સ બુકિંગ શરૂ... બે દિવસનું ભાડું અધધધ ૨૫ હજાર રૂ...!!

અમદાવાદ

અમદાવાદ શહેરની પોળોમાં ઉત્તરાયણનો માહોલ જ કંઈક ઓર હોય છે. એ કાઈપોના અવાજો વચ્ચે પોળોમાં ઉત્તરાયણ માણવાનો અમદાવાદીઓમાં જાણે એક ટ્રેન્ડ જામ્યો છે. પોળના ધાબાના ભાડામાં પણ દર વર્ષે વધારો થતો રહ્યો છે. પતંગરસિયાઓ માટે પોળનાં ધાબા હોટ ફેવરિટ બન્યાં છે. કેટલાક પતંગ રસિયાઓએ તો ઉત્તરાયણમાં પોળમાં ધાબુ ભાડે જોઈએ તો તેવી જાહેરાત આપીને મનગમતા ધાબાઓની પસંદગી કરી છે. બે દિવસનું ભાડું રૂ.૧૫-૨૦ હજાર હતું, જે આ વર્ષે વધીને ૨૫ હજાર થયું છે. પતંગરસિયાઓ આટલુ ભાડુ ચૂકવીને પણ પોળની ઉત્તરાયણ માણવા આતુર બન્યા છે.

ખાડિયાના કોર્પોરેટર મયુર દવેએ કહ્યું કે, ચાલુ વર્ષે ખાડિયા અને પોળ વિસ્તારમાં ધાબાની ડિમાન્ડ વધી છે. ગત વર્ષ કરતા આ વખતે ડિમાન્ડ સાથે ભાવમાં પણ વધારો જોવા મળ્યો છે. ગત વર્ષે ૨૦૦થી ૨૫૦ ધાબાનું બુકીંગ થયુ હતું. પરંતુ આ વખતે જાન્યુઆરીની શરૂઆતથી જ ધાબાનું (અગાશી) બુકીંગ થઇ ગયું છે. ગત વર્ષે નાના ધાબાના ૫ હજાર અને મોટા ધાબાના ૧૦ હજાર ભાડા હતા. પરંતુ આ વખતે ડિમાન્ડ વધતા ભાડામાં વધારો થયો છે. ૧૫ હજારના ૨૦ હજાર કરાયા છે.

ઉત્તરાયણ પર્વ પર બહાર ગામથી લોકો અહીં આવે છે. જેના પગલે અહીં સ્થાનિક રોજગારી પણ વધે છે. આ વર્ષે ધાબાના ભાડામાં પાંચથી સાત હજારનો વધારો થયો છે. આટલું ભાડું હોવા છતાંય ધાબા ભાડે મળતાં નથી. ધાબાંના માલિકો જાતે જ કેટરિંગ સર્વિસ સાથેના પેકેજ પૂરાં પાડે છે, જેમાં સવારનો બ્રેકફાસ્ટ, લન્ચ અને હાઈ-ટીનો સમાવેશ થાય છે.

ઓનલાઈન ખરીદી કરતા રહો સાવધાન..!! એક જ દિવસમાં ૪૦ ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

જો તમે ઓનલાઈન ખરીદી, ક્રેડિટકાર્ડ, ડેબિટ કાર્ડ કે પેટીએમનો ઉપયોગ કરો છો તો ચેતી જજો. કારણકે શહેરમાં એક જ દિવસમાં આ પ્રકારની ઓનલાઈન વેબસાઈટથી લોકો છેતરાયા હોવાની ૪૦થી વધુ ફરિયાદો નોંધાઈ છે. જેમાં કોઈ ગિફ્ટ વાઉચરની લાલચમાં તો કેટલાક કેશબેકની લાલચમાં તો કેટલાક ઓનલાઈન સસ્તા ભાવેની ખરીદીમાં છેતરાયા હોવાનું સામે આવ્યુ છે. ઉલ્લેખનીય છે કે મહાત્મા મંદિર ખાતે શનિવારે સાયબર આશ્વસ્ત અને વિશ્વાસ પ્રોજેક્ટના શુભારંભ પહેલા જ અચાનક શહેરમાં ૪૦થી વધુ છેતરપિંડીની ફરિયાદો નોંધાતા સાયબર ક્રાઈમ વધ્યો હોવાનું પુરવા થયું છે. શહેરના વિવિધ પોલીસસ્ટેશનોમાં ૪૦થી વધુ સાયબર ક્રાઈમની ફરિયાદો નોંધાવા પામી છે. જે ફરિયાદોની વાત કરવા જઈએ તો અનેક પ્રકારની માહિતીઓ સામે આવી છે. સાયબર ક્રાઈમ દ્વારા અવેરનેસ ફેલાવવામાં આવતી હોવા છતાંય લોકો તે બાબતે ધ્યાન નથી રાખતા અને પોતાની કમાણી ઠગબાજોને હવાલે આસાનીથી કરી દેતા હોય છે. એક યુવકે ફોનપે કંપનીના કર્મીની ઓળખ આપનાર પર વિશ્વાસ કરતા કેશબેકની લાલચમાં ૬૩૦૦ ગુમાવ્યા. ઓએલએક્સ પર વોશિંગ મશીન વેચવા મૂકનાર યુવકે વધુ રૂપિયા મેળવવાની લ્હાયમાં ૩૫૦૦ રૂપિયા ગુમાવ્યા. ફ્લાઈટમાં લગેજ લઈ જવાની સ્કીમની લાલચમાં ફરવા જનાર યુવકે ૧.૩૮ લાખ રૂપિયા ગુમાવ્યા

એનિમલ હેલ્પલાઈન પર ફોન કરનાર શિક્ષકે ઠગના કહેવાથી એનિમલ પેલીંકનું ફોર્મ ભરતા ગુગલ પેથી ૭૪ હજાર ભરી દીધા પેટીએમનું કેવાયસી કરવાના બહાને ઠગ શખ્સે ૬૯ હજાર રૂપિયા પડાવી લીધા. ઓએલએક્સ પર બુરખા વેચવા માટેની જાહેરાત મૂકનાર વેપારીને ઠગ સખ્સે બારકોડ મોકલી ચાર હજાર રૂપિયા પડાવી લીધા- ભારતીય સેનામાં હોવાનું કહી શખ્સે વેપારીની કાર ખરીદવાનું કહી ૬૫ હજાર પડાવી લીધા

આ તમામ ઘટનાઓની વાત કરીએ તો લોકોએ ઠગબાજોને લાખો રૂપિયા ખુશીખુશી પોતાની ભુલને કારણે આપી દીધા હોવાનું પોલીસ માની રહી છે. આજકાલ લોકો ગુગલ પે, પેટીએમ જેવી એપ્લીકેશન વધુ વાપરે છે. અને તેમાં સિક્યોરિટી વધુ ન હોવાથી લોકો પોતાના રૂપિયા ગુમાવે છે. ઠગટોળકીઓ પણ આ જ એપ્લીકેશનો પર વધુ ફોકસ કરતી હોય છે. ઠગબાજોને તેમાંથી આસાનીથી ડેટા અને લોકોનો સંપર્ક મળી જતો હોવાથી તે માધ્યમો દ્વારા વધુ ઠગાઈ આચરે છે.

રાજ્યમાં ઠંડીનો ચમકારો... નલિયા ૪.૨ ડીગ્રી સાથે ઠંડુગાર

ભુજ

રાજ્યમાં શિયાળો સોળે કળાએ ખીલ્યો છે. કોલ્ડવેવના કારણે રાજ્યના અનેક શહેરોમાં તાપમાનનો પારો ગગડ્યો છે. રાજ્યમાં વહેલી સવારે સૂસવાટા બોલાવતા પવાનોના કારણે શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં તાપણા જોવા મળ્યા હતા.રાજ્યમાં વહેલી સવારે ૪.૨ ડિગ્રી તાપમાન સાથે નલિયા ઠંડુગાર બન્યું હતું. રાજ્યમાં અનેક ઠેકાણે તાપમાનનો પારો ગગડી અને સિંગલ ડિજીટમાં પહોંચ્યો હતો.

રાજ્યના હવામાન વિભાગના આંકડા મુજબ શુક્રવારે સવારે રાજ્યમાં સૌથી નીચું તાપમાન નલિયામાં અને ડીસામાં નોંધાયું હતું. નલિયામાં ૪.૨ ડિગ્રી, ડીસામાં ૬.૧, અમદાવાદમાં ૧૦.૧, વડોદરામાં ૧૦.૨, રાજકોટમાં ૯.૯ ડિગ્રી, કેશોદ જૂનાગઢમાં ૯.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

રાજ્યના અન્ય શહેરોના તાપમાનમાં કચ્છના ભૂજમાં ૮.૬ ડિગ્રી, કંડલા એરપોર્ટ પર ૮.૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હું. જ્યારે દરિયાકાંઠાના શહેરોમાં પણ શીત લહેરની અસર જોવા મળી હતી. રાજ્યના દરિયા કાંઠાના વિસ્તારોમાં પોરબંદરનું લઘુત્તમ તાપમાન ૧૨.૬ ડિગ્રી, વેરાવળ ૧૩.૯ ડિગ્રી, દ્વારકા ૧૪.૦૦ ડિગ્રી, ઓખા ૧૬.૦૮ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

બજારોમાં ૧૦ રૂપિયાનાં સિક્કા બાદ હવે પની નોટ પણ અછૂત બની ગઈ..!!

રાજકોટ

રાજકોટમાં ચલણી નોટો અને પરચૂરણને લઈને ભાતજાતની સમસ્યા સમયાંતરે ઊભી થતી રહેછે. દસ રૂપિયાના સિક્કા રાજકોટની બજારમાં લાંબા સમયથી કોઈ સ્વીકારતું નથી ત્યાં હવે પાંચ રૂપિયાવાળી નોટ લેવાનો પણ અનેક વેપારીઓ- ફેરિયાઓએ ઈકાર કરવા માંડતા શહેરીજનોને નવો પ્રશ્ન થઈ પડ્યો છે કે આ નાની નોટો ક્યાં વાપરવી, અને તેના વિકલ્પે નાના ચૂકવણાં કઈ રીતે કરવા!અઢી-ત્રણ દાયકા અગાઉ રાજકોટ- સૌરાષ્ટ્રમાં રદ્દી ચલણી નોટોનું દૂષણ વ્યાપ્ત બન્યું હતું અને વર્ષો સુધી લોકો પ્લાસ્ટિક કોથળીમાં પેક કરાયેલી ફાટેલી નોટો પણ સ્વીકારતા રહ્યા હતા. એ વખતે રિઝર્વ બેંક ચિલ્લરની પૂરતી સપ્લાય નહીં કરતી હોવાથી બજારોમાં સિક્કાઓની એવી તો અછત હતી કે સો રૂપિયાનું પરચૂરણ એજન્ટો પાસેથી મેળવવા 'પ્રીમિયમ' સહીત સવા-સો રૂપિયા ચૂકવવા પડતા હતા. પ્લાસ્ટીક કોથળીવાળી નોટ્સ અમદાવાદ સહીત ગુજરાતમાં કે અન્ય રાજ્યોમાં પણ કોઈ હાથમાં લેતું જ નહીં એટલે બહારગામ જતા સૌરાષ્ટ્રવાસીઓને વળી નવી તકલીફ થઈ પડતી હતી. માંડ એ સમસ્યામાંથી મુક્તિ મળી ત્યાં છેલ્લા એકાદ વર્ષથી રાજકોટની બજારોમાં ૧૦ રૂપિયાવાળા સિક્કા અછૂત બની ગયા! ગુજરાત સાઈડ કે રાજ્ય બહાર જાવ અને ત્યાંથી ૧૦-૧૦વાળા સિક્કા આવી પડ્યા હોય તો રાજકોટમાં એ વાપરવા ક્યાં, તે પ્રશ્ન ઊભો થયો. આટલું ઓછું હોય એમ, છેલ્લા બે મહિનાથી હવે પાંચ રૂપિયાના મૂલ્યની નોટો બંધ થવાની હોવાની વાત ફેલાઈ, અને શાકભાજીના ફેરિયાઓએ એ સ્વીકારવાનું બંધ કર્યું. કેટલાંક ટી-સ્ટોલ પર પણ 'પાંચની નોટ નહીં ચાલે' એવા જવાબ મળી જાય છે. આને લીધે નાની આર્થિક લેણદેણમાં મોટો અવરોધ ઊભો થયો છે. એક અને બે રૂપિયાવાળા કેટલાક સિક્કાઓ ગજવામાં રાખવા! અનેક લારી-ગલ્લાઓ પર ફેરિયા- ગ્રાહકો વચ્ચે ઘર્ષણ થતું રહે છે.

બ્રાહ્મણ સમાજ સુરતનું ૨૯મું જીવનસાથી પસંદગી સંમેલન

નામોની નોંધણી માટે ફોર્મ ભરી શકાશે

સુરત

તા.૨૯ માર્ચ ૨૦૨૦ના રવિવારના રોજ સવારે ૮.૩૦ થી સુરત મ્યુનિસિપલ કોમ્યુનિટિ હોલ, દિવાળી બાગ સોસાયટી પાસે ઋષભ ટાવર સામે અડાજણ પાટીયા, રાંદેર રોડ સુરત મુકામે ભરાશે. જેમાં ઉમેદવારી નોંધાવવા માટેના ફોર્મ નીચેની જગ્યાએથી મળશે. ભરેલા ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા.૫-૩-૨૦૨૦ છે.

સમાજનું કાર્યાલય, યુજી-૨૨ સંઘવી ટાવર, ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ રોડ, સુરત ઓફિસ સમય સોમવારથી શનિવાર બપોરે ૩.૩૦ થી ૫.૩૦ ટે.નં.૦૨૬૧-૨૭૮૨૬૩૭, મો.નં.૮૧૪૧૮૮૮૦૬૬., તરૂણભાઈ દવે, ચાન્સેલર બિલ્ડિંગ, બીજો માળ, કૃષિ મંગલ હોલ સામે, મજુરાગેટ, રિંગરોડ, સુરત ફોન નં.૦૨૬૧-૨૬૬૮૬૫૫, સમય સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦, રાજેશ જાની, આમલીરાન, સંસ્કૃત પાઠશાળાની સામે, અંબાજી રોડ, સુરત ફોન નં.૦૨૬૧-૨૪૨૮૦૧૬, મો.નં.૯૮૨૫૮૦૨૬૦૦, નરેશભાઈ જાની, શિવમ બુક સ્ટોલ, સરગમ શોપિંગ સેન્ટર, દુકાન નં.૧, ઈચ્છાનાથ રોડ, સુરત ફોન નં.૦૨૬૧-૨૨૨૯૨૬૪, મો.નં.૯૮૯૮૧૩૩૦૪૦, કિશોરભાઈ એલ. શુકલ ૧૦ મહાવીર નગર સોસાયટી, સાંઈબાબા પેટ્રોલ પંપ સામે, અમરોલી રોડ, કતારગામ સુરત-૪, મો.નં.૯૮૨૫૮૭૦૨૧૮., સૂર્યકાંતભાઈ પુરોહિત, ૪૭ પુષ્પક કો.ઓ. હા.સોસાયટી, આઈ.એન. ટેકરાવાલા સ્કૂલ પાસે, રાંદેર રોડ સુરત મો.નં.૯૮૭૯૧ ૦૪૪૧૫.

કરૂણા અભિયાન-૨૦૨૦

ઘાયલ પક્ષીને તાત્કાલિક સારવાર માટે હેલ્પલાઈન નંબરનો સંપર્ક કરવો

વલસાડ

રાજય સરકાર દ્વારા ઉત્તરાયણ તહેવાર નિમિત્તે ૧૦ જાન્યુઆરી-૨૦૨૦ થી ૨૦ જાન્યુઆરી-૨૦૨૦ સુધી કરૂણા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારને આવરી લઇ સરકારના તમામ વિભાગો, સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, દ.ગુ.વી.કંપની લી તથા સ્વૈચ્છિક સંસ્થાઓ મળી સમગ્ર કાર્યક્રમને સારી રીતે સફળતા પૂર્વક પૂર્ણ કરવા માટે વલસાડ કલેકટરેની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સુચના આપી હીત. જે અન્વયે ઉક્ત સમયગાળા દરમિયાન સમગ્ર વલસાડ જિલ્લામાં જાહેર જનતાને કોઇ વિસ્તારમાં ઘાયલ પક્ષી જણાય તો હેલ્પલાઈન નંબર અથવા એન.જી.ઓના સંપર્ક નંબર ઉપર જાણ કરવા નાયબ વન સંરક્ષક અધિકારી, સામાજિક વનીકરણ વિભાગ વલસાડ દ્વારા જણાવાયું છે.

વલસાડ તાલુકા માટે જીવદયા ગૃપ ન.પા.વલસાડ-૯૩૭૫૮ ૨૮૧૦૧, વલસાડ પ્રાણી કુરતા નિવારણ સંસ્થા-૯૨૨૮૨ ૦૧૨૬૬, રેસ્કયુ ફાઉન્ડેશન-૯૦૩૩૫ ૬૧૧૦૮, ડબ્લ્યુ.ડબ્લ્યુ.એફ-૭૯૯૦૮ ૧૮૩૦૯, વી.એસ.પી.સી.ઈ-૭૯૮૪૨ ૮૮૩૪૯, વાઈલ્ડ લાઈફ વેલ્ફેર ફાઉન્ડેશન-નવસારી-૭૯૯૦૯ ૭૭૩૩૬.

પારડી/વાપી તાલુકા માટે પોલીસ સમન્વય ગૃપ, વાપી-૯૯૯૮૫ ૦૮૮૧૩, પોલીસ સમન્વય ગૃપ, ચણોદ-૯૪૨૮૯ ૧૦૦૦૦, પીપલ્સ ફોર એનીમલ્સ, વાપી-૯૩૨૭૬ ૬૫૬૪૩, વર્ધમાન સેવા મંડળ-૯૮૨૪૧ ૩૭૯૭૦, ફેન્ડસ ઓફ એનીમલ વેલ્ફેર ટ્રસ્ટ-૭૬૯૮૫ ૩૯૯૪૯, ઈન્ડિયા ડિઝાસ્ટર રેસ્કયુ રીલોન્ડ કોર્પ-૯૮૯૮૨ ૩૯૧૫૭, ટીન્કુ મેમોરીયલ ટ્રસ્ટ, વાપી-૯૮૨૫૦ ૫૫૨૨૧, શ્રી અજીત સેવા ટ્રસ્ટ-૯૮૨૫૧ ૧૫૫૨૫.

ઉમરગામ તાલુકા માટે શ્રી સ્નેહલ શાહ-૯૩૨૭૬ ૬૫૬૪૩, ભારતીય જીવ જંતુ કલ્યાણ બોર્ડ-૯૮૯૮૩ ૯૪૭૮૫, જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટ-૯૯૯૮૭ ૫૮૧૨૩, શ્રી હિંસા નિવારણ સંઘ, સરીગામ-૯૮૭૯૬ ૮૪૧૭૩.

ધરમપુર તાલુકા માટે પીપલ્સ ફોર એનીમલ-૯૭૨૬૫ ૨૯૮૭૭, વાઈલ્ડ લાઈફ વેલ્ફેર ફાઉન્ડેશન, નવસારી-૭૯૯૦૯ ૭૭૩૩૬. અને કપરાડા તાલુકા માટે જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટ-૯૮૨૫૧ ૭૯૫૩૬, શ્રી દેવજીભાઈ એસ.ગાવઢા-૯૯૭૯૯ ૫૬૪૨૦ તથા રાજય હેલ્પ લાઈન નંબર-૧૯૬૨ અને જિલ્લા હેલ્પ લાઈન નંબર-૦૨૬૩૨-૨૪૨૫૧૦ હેલ્પલાઈન નંબરનો સંપર્ક કરવા નાયબ વન સંરક્ષક અધિકારી, સામાજિક વનીકરણ વિભાગ વલસાડ દ્વારા જણાવાયું છે.

વારી એનર્જીસ કંપનીને ગુજરાતની શ્રેષ્ઠ સોલર મોડ્યુલની ઓળખ

વારીને વર્ષ ૨૦૧૯માં શ્રેષ્ઠ કંપનીનો એવોર્ડ

સુરત

વારી એનર્જીઝ દેશની સૌથી જૂની સોલાર પીવી મોડ્યુલ ઉત્પાદન કંપનીઓમાં ટોચનું સ્થાન ધરાવે છે. વારીએ વર્ષ ૨૦૦૭માં મોડ્યુલ ઉત્પાદનની શરૂઆત માત્ર ૩૦ મેગાવોટથી કરી હતી અને આજે એ દેશના સૌથી વધુ મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા ધરાવતી કંપનીઓમાંનું એક છે, જેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૨ ગિગાવોટની છે. ખરેખર વારી કંપનીની વિકાસ ગાથા અદ્ભૂત અને અસાધારણ છે.

નવીનીકરણ દ્વારા ઉર્જિત અને સતત સુધારીકરણ તરફ અગ્રેસર થતી વારી કંપની ૩૦થી વધુ દેશોમાં ૨.૫ ગિગાવોટથી વધારે સોલાર મોડ્યુલનું વિતરણ કરી ચૂકી છે. તાજેતરમાં અમદાવાદમાં ઈક્યૂ મેગેઝીન દ્વારા આયોજિત સૂર્યકોન કોન્ફરન્સમાં રાજકીય ધોરણે વાર્ષિક સોલાર એવોર્ડસનું આયોજન થયું હતું. સોલાર પીવી ઈન્ડસ્ટ્રીના સંપૂર્ણ વેલ્યુ ચેન સિસ્ટમમાં શામેલ શ્રેષ્ઠ કંપનીઓનું બહુમાન કરવું તે આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ હતો. વારી એનર્જીસને આ વાતની જાહેરાત કરતા અત્યંત પ્રસન્નતા થાય છે કે તેમને વર્ષ ૨૦૧૯ માટે બેસ્ટ સોલાર મોડ્યુલ કંપની ઓફ ધ યર ફોર ધ સ્ટેટ ઓફ ગુજરાતના ખિતાબથી નવાજવામાં આવી હતી.

આ એવોર્ડ પ્રમાણિત કરે છે કે વારી કંપની જે છેલ્લા એક દાયકાથી પોતાના ઈપીસી, ઈન્સ્ટોલર્સ, ફાયનાન્સર્સ અને સૌથી મહત્ત્વપૂર્ણ તેના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત સોલાર પીવી મોડ્યુલ્સ અને સેવાઓ આપવા માટે કટિબદ્ધ છે.

ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ

વલસાડ

વલસાડ જિલ્લાના ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં કમાન્ડિંગ ઓફિસર, કોસ્ટગાર્ડ એરસ્ટેશન, નાનીદમણના અધિકારી/ કર્મચારીઓની વાર્ષિક ફાયરિંગ પ્રેક્ટિસ તા.૯ અને ૧૦મી જાન્યુઆરી,૨૦ દરમિયાન સવારે ૮-૦૦ થી સાંજના ૭-૦૦ કલાક સુધી યોજાશે. આ ફાયરિંગ પ્રેક્ટિસ દરમિયાન કોઇપણ વ્યકિતને ઇજા ન થાય તે હેતુસર વલસાડના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.એ.રાજપૂતે એક જાહેરનામા દ્વારા ફાયરિંગ બટ ભીલાડ તા.ઉમરગામ જિ.વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં ઉપરોકત સમય અને તારીખે આજુબાજુના રહીશો તેમજ બહારના કોઇ અનઅધિકૃત વ્યકિતઓને આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઇપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઇને પ્રવેશ કરવા ઉપર મનાઇ ફરમાવી છે. ગોળીબાર પ્રેક્ટિસ દરમિયાન ગોળીબારથી ઇજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા પણ જણાવાયું છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર બનશે.

પારડી ખાતે બાળ સુરક્ષા જનજાગૃતિ અંગે સેમિનાર યોજાયો

વલસાડ

વલસાડ જિલ્લાના પારડી તાલુકા મથકે ખાતે જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા નિવાસી અધિક કલેક્ટર એન.એ.રાજપૂતના અધ્યક્ષસ્થાને બાળ સુરક્ષા અંગે જનજાગૃતિ વર્કશોપ યોજાયો હતો.

આ અવસરે નિવાસી અધિક કલેક્ટર એન.એ.રાજપૂતે બાળ સુરક્ષાના કાયદાઓની લોકોને જાણ થાય તેમજ બાળકો ઉપર થતા અત્યાચારોને રોકી શકાય તે માટેની જાણકારી જન-જન સુધી પહોંચાડવા સૌને મદદરૂપ બનવા અનુરોધ કર્યો હતો.

આ વર્કશોપમાં સંકલિત બાળ સુરક્ષા યોજનાઓ, બાળલગ્ન પ્રતિબંધક ધારો, જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૧૫, પોકસો-૨૦૧૨ અને બાળકોની માનસિકતા અને મૂંઝવણને સમજવા અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

આ વર્કશોપમાં બાળ સુરક્ષા અધિકારી જાસ્મિન પાંચાલ, પારડી તાલુકા વિકાસ અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસર, તાલુકા શિક્ષણાધિકારી, બાળ સુરક્ષા એકમના કર્મીઓ સહિત તાલુકાની આશાવર્કરો તેમજ નર્સ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તા.૧૨મીએ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીની ઉજવણી કરાશે

શાળા સમિતિના વિદ્યાર્થીઓની રેલી યોજાશે

સુરત

સુરત મહાનગર પાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતી ઉજવણી નિમિત્તે તા. ૧૨.૧.૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે મક્કાઈ પુલ સુરત ખાતે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરી વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૦ની પ્રભાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો સ્વામી વિવેકાનંદ સુત્રોને રજુ કરતા બેનરો સાથે રેલી સ્વરૂપે કાર્યક્રમ સ્થળે આવશે. સુરત મહાનગર પાલિકાના પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ અને નગરજનો દ્વારા સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

દિવ્યાંગ બાળકો માટે ભોજન સાથે ડાન્સ પાર્ટીની ઉજવણી

પાર્ટીમાં બાળકોએ હોંશભેર ભાગ લીધો

સુરત

સુરત શહેરના અમરોલી-સાયણ રોડ વિસ્તારમાં આવેલી મૂક બધિર દિવ્યાંગ કલ્યાણ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગ બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. સંસ્થાના ટ્રસ્ટીશ્રી સંદિપ જોશીના સહયોગથી બાબુભાઈ રબારી તથા કૌશિક ઘડીયાળી દ્વારા લોકભાગીદારથી ૬૦ જેટલા દિવ્યાંગ બાળકો માટે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી અને સભ્યોએ બાળકો ભોજન લીધું હતું. જેમાં દિવ્યાંગ બાળકો પણ આનંદ માણી શકે તે હેતુથી ડાન્સપાર્ટી પણ યોજાઈ હતી. જેમાં દિવ્યાંગ બાળકોએ હોંશભેર ભાગ લીધો હતો. સમાજથી વિખુટા દિવ્યાંગોના ઉત્થાન માટે ભાવી કાર્યક્રમોનું પણ આયોજન કરી રહ્યું છે. દિવ્યાંગો માટે રમતોત્સવ જેવી પ્રવૃત્તિ પણ થાય છે. દિવ્યાંગ ટ્રસ્ટના સભ્યશ્રી કૌશિક ઘડીયાળી પ્રોત્સાહન પુરૂ પાડી રહ્યા છે.

મોરામાં ૨૦ લાખ લીટરના ભૂગર્ભ ટાંકાનું ખાતમુર્હૂત કરતા ઝંખના પટેલ

સુરત

હજીરા જુથ પાણી પુરવઠા યોજનાના મોરા સબ હેડવર્ક્સ ખાતે નોટીફાઈડ કાર્યક્રમ અંતર્ગત રૂા.૮૮.૯૪ લાખના ખર્ચે ૨૦ લાખ લી.ક્ષમતાના ભુગર્ભ ટાંકો, પંપરૂમ અને કનેકટીગ મેઈનના કામોનું ૧૬૮-ચોર્યાસીના ધારાસભ્યશ્રીમતિ ઝંખનાબેન પટેલના હસ્તે ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું. આ વેળાએ ધારાસભ્યશ્રી પટેલે જણાવ્યું હતું કે, હજીરા વિસ્તારના ગામોમાં વિકાસની સાથે વસ્તીમાં પણ વધારો થયો છે જેના કારણે પાણીના ટાંકાની ક્ષમતા વધારવી અત્યંત જરૂરી હતી. આજે આ કામ શરૂ થવાથી આગામી સમયમાં ગ્રામ્યજનોને પીવાના પાણીની સમસ્યાથી મુકિત મળશે. આ કામ સાકાર થતા હજીરા નોટીફાઈડ વિસ્તારમાં આવેલા ભટલાઈ, વાંસવા, દામકા, સુવાલી, જુનાગામ અને રાજગરી જેવા છ ગામોના અંદાજે ૨૦,૦૦૦થી વધુ ગ્રામ્યજનોને નિયમિત અને પુરતા પ્રમાણમાં પાણી મળી રહેશે. નોંધનીય છે કે, આ ગામોમાં વસ્તી વધારા ધ્યાને ટાંકાની ક્ષમતા વધારવામાં આવતા ગામોના લોકોમાં ખુશી વ્યાપી છે.

ઈમરાન ખેડાવાલાએ પોતાનાં ખુનથી લખેલું પોસ્ટર બતાવી વિરોધ કર્યો

વિધાનસભામાં બાળકોના મોત મામલે કોંગ્રેસનો હોબાળો, રાજ્યપાલે ગૃહ છોડ્યું

ભારે હોબાળા વચ્ચે વિધાનસભાની કાર્યવાહી મુલતવી રાખવામાં આવી

ગાંધીનગર

શુક્રવારે વિધાનસભાનું એક દિવસીય સત્ર મળ્યુ હતું. જેમાં રાજ્યપાલ દેવવ્રત આચાર્ય સંબોધન કરે તે પહેલાં જ કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યોએ સીએએના વિરોધમાં પોસ્ટર દેખાડ્યા હતા. જેથી રાજ્યપાલ દેવવ્રત આચાર્ય સંબોધન છોડીને ગૃહમાંથી બહાર નીકળી ગયા હતાં.

વિધાનસભાના એક દિવસીય સત્રની શરૂઆત રાજ્યપાલના પ્રવચનથી શરૂ કરવાની હતી. પરંતુ, રાજ્યપાલના પ્રવચન ગૃહમાં શરૂ કરે તે પહેલાં જ કોંગ્રેસના ધારાસભ્યોએ ગૃહની અંદર જ વિરોધનો સુર ઉઠાવ્યો હતો.કોંગ્રેસ પક્ષ દ્વારા તમામ પ્રકારનું અગાઉથી જ આયોજન કરવામાં આવ્યું હતું અને વિરોધ કઈ રીતે કરવો તે અંગેનું પણ આયોજન અગાઉની બેઠકમાં કરવામાં આવ્યું હતું, ત્યારે વિધાનસભા ગૃહની શરૂઆતના ગણતરીની સેકન્ડોમાં જ કોંગ્રેસે પોસ્ટર બતાવીને ગૃહમાં વિરોધનો સૂરએ લગાવ્યો હતો અને સીએએનો વિરોધ ગૃહમાં પણ કર્યો હતો.

વ્યારામાં તા.૧૧'મીથી બે દિવસીય કૃષિ મેળાનું કરાયેલુ આયોજન

કૃષિ પ્રદર્શન સાથે પાક અંગે પરિસંવાદ પણ યોજાશે

વ્યારા

આત્મા પ્રોજેકટ-તાપી, તથા ખેડૂત તાલીમ કેન્દ્ર-વ્યારાના સંયુક્ત ઉપક્રમે તા.૧૧ અને ૧૨ જાન્યુઆરી - શનિ અને રવિવારના દિવસો દરમિયાન ઉનાઇ રોડ સ્થિત ખેડૂત તાલીમ કેન્દ્રના સંકુલમાં કૃષિ મેળાનું આયોજન કરાયું છે.

આ કૃષિ મેળાનું તા.૧૧મી જાન્યુઆના રોજ સવારે ૧૧ વાગ્યે, ૨૩-બારડોલી મતદાર મંડળના સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા ઉદ્ઘાટન કરશે. આ વેળા મુખ્ય મહેમાન તરીકે તાપી જિલ્લા પંચાયતના પ્રમુખ ગજરાબેન ચૌધરી, વાલોડના ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયા, વ્યારાના ધારાસભ્ય શ્રી પુનાભાઈ ગામિત, સોનગઢ-માંડવીના ધારાસભ્ય શ્રી આનંદભાઈ ચૌધરી, નિઝરના ધારાસભ્ય શ્રી સુનિલભાઈ ગામિત સહિતના પદાધિકારીઓ, અને કલેક્ટર શ્રી આર.જે.હાલાણી, આત્મા પ્રોજેક્ટના ચેરમેન-વ-જિલ્લા વિકાસ અધિકારી નેહા સિંઘ, ગુજરાત રાજ્યના ખેતી નિયામક શ્રી બી.એમ.મોદી, સ્ટેટ નોડલ ઓફિસર શ્રી કે.ડી.પંચાલ, સુરતના સંયુક્ત ખેતી નિયામક શ્રી એન.કે.ગાબાણી, નવસારી કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક શ્રી ડો.જી.આર.પટેલ સહિતના ઉચ્ચાધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

તાપી જિલ્લાના ખેડૂત ભાઈ-બહેનોને કૃષિ ક્ષેત્રે નવીનતમ સંશોધનો, હાઈટેક એગ્રીકલ્ચર, ફાર્મ મિકેનાઈઝેશન, બિયારણ તથા ખાતર, અને પ્રાકૃતિક ખેતીની વિસ્તૃત જાણકારી મળી રહે તેવા આશય સાથે આયોજિત આ બે દિવસીય કૃષિ મેળો-વ-પાક પરિસંવાદમાં જિલ્લાના ખેડૂતોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા જણાવાયું છે.

આહવા જનરલ હોસ્પિટલમાં ઓપરેશન ટુલ્સનું લોકાપર્ણ

ઓર્થોપેડિક વિભાગની સેવા વધુ સૂદ્રઢ બની

સુરત

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા, (જિલ્લા સેવા સદન) ખાતે આજરોજ ભારતીમૈયા મેમોરીયલ ફાઉન્ડેશન અને સાપુતારા શિલ્પી હોટલ ઓનર શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાલા ના સૌજન્યથી જનરલ હોસ્પિટલ આહવાને ઓર્થોપેડિક વિભાગના ઓપરેશન થિએટર માટે વપરાતુ ડ્રીલ મશીનનું દાન અર્પણ કરાયું હતું.

જિલ્લા કલેકટર શ્રી એન.કે.ડામોરે ટ્રસ્ટીઓને અભિનંદન આપતા જણાવ્યું હતું કે આ મશીનના લીધે આહવા-ડાંગના ગરીબ દર્દીઓની હાડકાની સારવાર માટે ખૂબ જ ઉપયોગી રહેશે. જેનો લાભ દર્દીઓને સારી રીતે મળી શકશે તેમજ આપણે સૌ સાથે મળીને કામ કરીએ તો પ્રજા સુખાકારી આરોગ્ય સેવાઓ સુદ્રઢ બની રહેશે. વધુમાં ડાંગ જિલ્લામાં આરોગ્ય સેવાઓ સુંદર બની રહે તે માટે જિલ્લાનું આરોગ્ય તંત્ર કટીબધ્ધ છે. રાજય તેમજ કેન્દ્ર સરકારશ્રીની મા કાર્ડ, આયુષમાન ભારત, મા વાત્સલ્ય જેવી યોજનાઓને કારણે આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. છેવાડાના માનવીઓ સુધી સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ પહોંચે તો ખૂબ સારૂ કામ થઈ શકે છે.

ડાંગ જિલ્લાને હાડકાના ઓપરેશન માટે અગત્યનું ટુલ્સ આપવા બદલ ડાંગ કલેકટર શ્રી એન.કે.ડામોર તથા જનરલ હોસ્પિટલ આહવા ના ઈ.ચા.સિવિલ સર્જનશ્રી ડૉ. રશિમકાંત કોંકણીએ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાલા નો આભાર વ્યક્ત કર્યો હતો.

એચડીએફસી બેંક દ્વારા ખેડૂતો માટે ટોલ-ફ્રી નંબર લોન્ચ કર્યો

સુરત

દેશના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં વસતા ખેડૂતો અને કૃષિકારો આર્થિક સેવાઓ પ્રાપ્ત કરી શકે તે માટે એચડીએફસી બેંક લિ. રવિવારે '#HarGaonHamara' ઈન્ટરેક્ટિવ વૉઈસ રીસ્પોન્સ (આઈવીઆર) ટૉલ-ફ્રી નંબર (૧૮૦૦ ૧૨૦ ૯૬૫૫) લૉન્ચ કરવાની જાહેરાત કરી છે.

બેંકિંગ ઉત્પાદનો અંગે પૂછપરછ કરવા/પ્રાપ્ત કરવા ખેડૂતો ફોન મારફતે બેંક સુધી પહોંચી શકે તે માટે આઈવીઆર એ તેમના માટેનું એક વન-સ્ટોપ કૉલિંગ સોલ્યુશન છે. આ ટૉલ-ફ્રી આઈવીઆર સેવા ફક્ત ૧૮૦૦ ૧૨૦ ૯૬૫૫ નંબર ડાયલ કરીને અને પિન કૉડ નંબર શેર કરીને દેશના ખેતી અને કૃષિ સમુદાયને બેંક સાથે જોડવાનું શક્ય બનાવશે. ખેડૂતોને સૌથી નજીકમાં આવેલી બેંકની શાખા આપમેળે જ નકશા પર દર્શાવવામાં આવશે અને બેંકના પ્રતિનિધિ તેની/તેણીની જરૂરિયાતોને પૂર્ણ કરવા તેમના સુધી પહોંચશે.

આ પ્રવૃત્તિ બેંકની '#HarGaonHamara' પહેલનો હિસ્સો છે, જેનો ઉદ્દેશ્ય ભારતના અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચી સરકારના આર્થિક સમાવેશનના દ્રષ્ટિકોણને અનુરૂપ વિવિધ આર્થિક, ડિજિટલ ઉત્પાદનો અને સામાજિક સુરક્ષાની યોજનાઓ અંગે જાગૃતિ પેદા કરવાનો છે. આ પ્રક્રિયામાં '#HarGaonHamara'નું લક્ષ્ય અર્ધશહેરી અને બેંકિંગ સેવાઓથી વંચિત વિસ્તારોમાં ઔપચારિક બેંકિંગ અંગે ખેડૂતોમાં સમજણ પેદા કરવા અને તેમના માટે સહાયક માળખું રચવાનો છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોએ ૨૦૧૭-૧૮ના આંકડા રજૂ કર્યા

આશ્ચર્ય..! દેશમાં ખેડૂતો કરતાં બેરોજગારોએ વધુ આત્મહત્યા કરીઃ NCRB

- દેશમાં રોજ ૮૦ હત્યા-૨૮૯ અપહરણ-રેપની ૯૧ ઘટના
- મહિલાઓ માટે યુપી સૌથી વધુ અસલામત, ૨૦૧૮માં સૌથી વધુ રેપની ઘટનાઓ મધ્ય પ્રદેશમાં
- વર્ષ ૨૦૧૮માં ૧૨૯૩૬ બેરોજગારોએ આત્મહત્યા કરી જ્યારે ૨૦૧૭માં ૧૦૩૪૯ ખેડૂતો, ખેત મજૂરોએ આત્મહત્યા કરી



ન્યુ દિલ્હી

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો (NCRB)એ બેરોજગારીને લઈને ચોંકાવનારા ખુલાસા કર્યા છે. NCRBના ડેટા અનુસાર વર્ષ ૨૦૧૭-૧૮માં ખેડૂતો કરતાં વધારે બેરોજગારોએ આત્મહત્યા કરી છે. NCRB દ્વારા રજૂ આંકડાઓ અનુસાર બેકારી અને બેરોજગારીથી કંટાળીને આત્મહત્યા કરનારાઓની સંખ્યા ખેડૂતોની આત્મહત્યાની સંખ્યાથી વધારે છે. વર્ષ ૨૦૧૮માં ૧૨ હજાર ૯૩૬ બેરોજગારો લોકોએ આત્મહત્યા કરી. જ્યારે ૨૦૧૭માં ૧૦ હજાર ૩૪૯ ખેડૂતો, ખેત મજૂરોએ આત્મહત્યા કરી છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો ગૃહ મંત્રાલય અંતર્ગત આવનાર સંસ્થા અને આ સંસ્થા દેશભરમાં અપરાધ સાથે જોડાયેલા આંકડાઓ અને ટ્રેડ રજૂ કરે છે. NCRBના લેટેસ્ટ આંકડાઓ બતાવે છે કે, ૨૦૧૮માં દેશમાં આત્મહત્યાના મામલાઓમાં ૩.૬ ટકાનો વધારો છે. ૨૦૧૮માં આત્મહત્યાના ૧ લાખ ૩૪ હજાર ૫૧૬ કેસ નોંધાયા છે, જ્યારે ૨૦૧૭માં ૧ લાખ ૨૯ હજાર ૮૮૭ લોકોએ આત્મહત્યા કરી છે.

૨૦૧૭માં ૧૨ હજાર ૨૪૧ બેરોજગાર લોકોને આત્મહત્યા કરી હતી, જ્યારે ખેત વ્યવસાય સાથે જોડાયેલા ૧૦ હજાર ૬૫૫ લોકોએ આત્મહત્યા કરી. જો કે, ૨૦૧૬માં બેરોજગારી કરતાં ખેડૂતોએ વધારે આત્મહત્યાઓ કરી હતી. NCRBના આંકડાઓ અનુસાર ૨૦૧૬માં ૧૧ હજાર ૩૭૯ ખેડૂતો અને ખેત મજૂરોએ પોતાનો જીવ આપી દીધો, જ્યારે આ સમયગાળામાં ૧૧,૧૭૩ બેરોજગારોએ આત્મહત્યા કરી હતી.

૨૦૧૫માં ૧૦૯૧૨ નોકરી, આવકના સાધનની કમીથી ૧૦૯૧૨ લોકોએ આત્મહત્યા કરી, જ્યારે આ સમયગાળા દરમિયાન ખેડૂત આત્મહત્યાના ૧૨૬૦૨ કેસ નોંધાયા હતા.

બેરોજગારો દ્વારા આત્મહત્યાના રજૂ કરેલા સરકારી આંકડાઓથી ઘણા બધા તથ્યો સામે આવી રહ્યાં છે. આ કેટેગરીમાં આત્મહત્યા કરનારાઓ ૮૨ ટકા પુરૂષ છે. આત્મહત્યાના વધારે કેસ કેરલ (૧૫૮૫) તમિલનાડૂ (૧૫૭૯), મહારાષ્ટ્ર (૧૨૬૦), કર્ણાટક (૧૦૯૪) અને ઉત્તર પ્રદેશ (૯૦૨)માં નોંધવામાં આવ્યા છે.

NCRBના આંકડાઓ અનુસાર વર્ષ ૨૦૧૮માં ૫૩૬૩ ખેડૂતો અને ૪૫૮૬ ખેતમજૂરોએ આત્મહત્યા કરી લીધી છે. જો ૨૦૧૮ની વાત કરીએ તો ખેડૂતોની આત્મહત્યામાં ૫૪૫૭ ખેડૂત પુરૂષ હતા, જ્યારે ૩૦૬ મહિલાઓ હતી. ખેત મજૂરની વાત કરીએ તો આત્મહત્યા કરનારાઓમાં ૪૦૭૧ પુરૂષ હતા, જ્યારે ૫૧૫ મહિલાઓ દ્વારા આત્મહત્યા કરી લેવામાં આવી.

મહારાષ્ટ્ર-કર્ણાટકમાં સૌથી વધારે આત્મહત્યા

ખેડૂતોની આત્મહત્યાના સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધવામાં આવ્યા. કુલ આત્મહત્યાઓના ૩૪.૭ ટકા મહારાષ્ટ્રમાં, ૨૩.૨ ટકા કર્ણાટકમાં, ૮.૮ ટકા તેલંગાનામાં, ૬.૪ ટકા આંધ્ર પ્રદેશ અને ૬.૩ ટકા મધ્ય પ્રદેશમાં નોંધવામાં આવ્યા છે. દ્વઝઈમ્ના આંકડાઓ હેઠળ પશ્ચિમ બંગાળ, બિહાર, ઓરિસ્સા, ઉત્તરાખંડ, મેઘાલય, ગોવા, ચંદીગઢ, દમણ અને દીવ, દિલ્હી, લક્ષદીપ અને પોડૂચેરીમાં વર્ષ ૨૦૧૮ દરમિયાન ખેડૂત, ખેત મજૂરે આત્મહત્યા કરી નથી.

વોટિંગમાં ૨૨૪ સાંસદોએ ભાગ લીધો,પ્રસ્તાવના પક્ષમાં ૧૯૪ વોટ પડ્યા

વૉર પાવરને મંજૂરીઃ અમેરિકાની સંસદમાં ઈરાન વિરૂદ્ધ સૈન્ય કાર્યવાહીનો પ્રસ્તાવ પાસ

વૉશિંગ્ટન

કુદ્સ ફાર્સના પ્રમુખ મેજર જનરલ કાસિમ સુલેમાનીના મોત બાદથી ઈરાન અને અમેરિકાની વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ છે. અમેરિકન કૉંગ્રેસે આ જંગને રોકવા માટે સીનેટના નીચલા ગૃહમાં પ્રસ્તાવ પાસ કરી દીધો છે. નોંધનીય છે કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના અધિકાર મર્યાદિત કરવા માટે વૉર પાવર્સ પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો છે. નીચલા ગૃહ (હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ)માં વોટિંગ દરમિયાન પ્રસ્તાવના પક્ષમાં ૧૯૪ વોટ પડ્યા. હવે આ પ્રસ્તાવને સીનેટના ઉચ્ચ ગૃહમાં રજૂ કરવામાં આવશે.

નોંધનીય છે કે, જો અમેરિકન કૉંગ્રેસના ઉચ્ચ ગૃહમાં પણ આ પ્રસ્તાવ પાસ થઈ ગયો તો તેને લાગુ કરવામાં ડોનાલ્ડ ટ્રમ્પના હસ્તાક્ષરની જરૂર નહીં પડે. જોકે, રિપબ્લિકન સાંસદોની બહુમતીવાળી સીનેટમાં આ પ્રસ્તાવ પાસ થવો ઘણો મુશ્કેલ લાગી રહ્યો છે.

હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવની સ્પીકર અને ડેમોક્રેટ સાંસદ નૈન્સી પેલોસીની અધ્યક્ષતામાં અમેરિકન કૉંગ્રસના નીચલા ગૃહમાં વૉર પાવર્સ પ્રસ્તાવ માટે વોટિંગ થયું. આ વોટિંગમાં ૨૨૪ સાંસદોએ ભાગ લીધો. વોટિંગ દરમિયાન પ્રસ્તાવના પક્ષમાં ૧૯૪ વોટ પડ્યા.

ઈરાન સાથેના તણાવની વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રાષ્ટ્રને સંબોધિત કરતાં કહ્યું હતું કે અમે ઈરાનને હુમલાથી જવાબ આપવાને બદલે કોઈ બીજા વિકલ્પ વિશે વિચારી રહ્યા છીએ. ઈરાન પર આર્થિક પ્રતિબંધ લગાવીને દંડ કરીશું. ટ્રમ્પના આ નિવેદનથી એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે ત્રીજા વિશ્વયુદ્ધની ચર્ચાઓ શાંત થઈ જશે. ટ્રમ્પના આ નિવેદનને પશ્ચિમ એશિયામાં તણાવ ઓછો કરવા માટે મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

વરિષ્ઠ પત્રકાર ગૌરી લંકેશનો હત્યારો ઝારખંડમાંથી ઝડપાયો

બેંગ્લુરુ

કર્ણાટકની વરિષ્ઠ પત્રકાર ગૌરી લંકેશના હત્યાકાંડ કેસમાં બેંગલુરૂ એસઆઈટીએ ઝારખંડના ધનબાદ પાસે કતરાસથી આરોપી યુવકને ધરપકડ કરી છે. કરતાસથી એસઆઈટીએ રાજેશ દેવડિકર ઉર્ફે ઋષિકેશ નામના યુવકની ધરપકડ કરવામાં આવી છે. ઋષિકેશને કર્ણાટકની એસઆઈટી ટીમની ધરપકડ કરી છે. ઋષિકેશ ઉર્ફે રાજેશ દેવીડકર મહારાષ્ટ્રના રહેવાસી છે અને કતરાસના જ એક પેટ્રોલ પંપમાં કામ કરતો હતો. ગત આઠ મહિનાથી તે ધનબાદના કતરાસમાં રહેતો હતો. તમને જણાવી દઈએ કે ગૌરી લંકેશની હત્યા સપ્ટેમ્બર ૨૦૧૭ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. હુમલામાં તેમને ચાર ગોળીઓ મારી હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજયું હતું. ૫૫ વર્ષીય પત્રકાર 'લંકેશ પત્રિકા' ચલાવતા હતા. આ મામલે આ ૧૭મી ધરપકડ છે. ઋષિકેશ આ મામલે કોઈ નામજોગ આરોપી ન હતા પરંતુ પહેલાં જ આરોપીઓ સાથે પૂછપરછમાં તેમની સંલિપ્તાની વાત સામે આવી હતી .

સોસાયટી ઓફ ઈન્ડિયન ઑટોમોબાઈલ મેન્યુફેક્ચર્સના ચોંકાવનારા આંકડા

વ્યાપક મંદી વચ્ચે હવે ઑટો સેક્ટર પણ મુશ્કેલીમાંઃ ૨૦ વર્ષમાં સૌથી ઓછુ વેચાણ

ડિસેમ્બરમાં પેસેન્જર વ્હિકલ્સનું કુલ વેચાણ ૧.૨૪ ટકા ઘટીને ૨.૩૫ લાખ નોંધાયું

ન્યુ દિલ્હી

વર્ષાના છેલ્લા મહિનામાં વેચાણ વધારવા માટે ઓટો કંપનીઓએ આકર્ષક ડિસ્કાઉન્ટ ઓફર સહિત ઘણા પ્રયાસો કર્યા તેમ છતાં વેચાણમાં કોઈ વૃદ્ધિ જોવા મળી નથી. સમગ્ર કેલેન્ડર વર્ષ ૨૦૧૯માં ભારતના ઓટો સેક્ટરે છેલ્લા બે દાયકામાં ન જોયેલી મંદીનો સામનો કર્યો છે. વિતેલા વર્ષ ૨૦૧૯માં પેસેન્જર વાહનોનું કુલ વેચાણ ૧૨.૭૫ ટકા ઘટીને ૨૯,૬૨,૦૫૨ યુનિટ નોંધાયું છે જે વેચાણમાં છેલ્લા ૨૦ વર્ષનો સૌથી મોટો ઘટાડો દર્શાવે છે. સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેકચર્સ (SIAM)ના આંકડા મુજબ ડિસેમ્બર ૨૦૧૯માં સ્થાનિક બજારમાં પેસેન્જર વ્હિકલ્સનું કુલ વેચાણ વાર્ષિક તુલનાએ ૧.૨૪ ટકા ઘટીને ૨.૩૫ લાખ યુનિટ નોંધાયું છે. જ્યારે ડિસેમ્બર ૨૦૧૮માં ૨.૩૮ લાખ નંગ ઉતારુ વાહનોનું વેચાણ થયું હતું. ગત મહિને કારનું કુલ વેચાણ ૮.૪૦ ટકાના ઘટાડે ૧.૪૨ લાખ નંગ થયુંછેજ્યારે વર્ષપૂર્વેના સમાન મહિનામાં ૧.૫૫ લાખ નંગ કાર વેચાઈ હતી. જો કે યુટિલિટી વ્હિકલ્સનું વેચાણ ૩૦ ટકાની વૃદ્ધિમાં ૮૫,૨૫૨ નંગ નોંધાયું છે.

તો મોટર સાઈકલનું વેચાણ ૧૨ ટકા ઘટીને ૬૯૭૮૧૯ નંગ રહ્યું છેજ્યારે વર્ષપૂર્વેના સમાન મહિનામાં ૭.૯૩ લાખ યુનિટનું વેચાણ થયું હતું. આમ તમામ પ્રકારના દ્વિચક્રીય વાહનોનું કુલ વેચાણ ૧૬.૬ ટકા ઘટીને ૧૦,૫૦,૦૩૮ યુનિટ રહ્યું છે જ્યારે ડિસેમ્બર ૨૦૧૮માં ૧૨,૫૯,૦૦૭ નંગ ટુ-વ્હિલર વેચાયા હતા. વ્યાવસાયિક વાહનોનું વેચાણ ૧૨.૩૨ ટકાના ઘટાડામાં ૬૬૬૨૨ નંગ રહ્યું છે. આ સાથે ડિસેમ્બર ૨૦૧૯માં દેશમાં તમામ પ્રકારના વાહનોનું કુલ વેચાણ ૧૩.૦૮ ટકા ઘટીને ૧૪,૦૫,૭૭૬ નંગ નોંધાયું છે જ્યારે ડિસેમ્બર ૨૦૧૮માં ૧૬,૧૭,૩૯૮ નંગ વાહનો વેચાયા હતા. વર્ષ ૨૦૧૯માં ઓટો સેક્ટરને છેલ્લા બે દાયકામાં ન જોયેલી મંદીનો સામનો કરવો પડ્યો છે. સિયામના આંકડા મુજબ સમગ્ર કેલેન્ડર વર્ષ ૨૦૧૯માં પેસેન્જર વ્હિકલ્સનું વેચાણ ૧૨.૭૫ ટકા ઘટ્યું છે અને કુલ ૨૯,૬૨,૦૫૨ નંગ વાહનો વેચાયા છે. જ્યારે કેલેન્ડર વર્ષ ૨૦૧૮માં ૩૩,૯૪,૭૯૦ નંગ પેસેન્જર વ્હિકલ વાહનો વેચાયા હતા.

આ હિંસાની કુલ ૧૪ ફરિયાદો મળી,તપાસ દિલ્હી ક્રાઈમ બ્રાન્ચ કરશે

જેએનયુ હિંસા મામલે પોલીસને વધુ બે ફરિયાદ મળી

ન્યુ દિલ્હી

જવાહર લાલ નેહરુ યુનિવર્સિટીમાં ચાલી રહેલા ઘર્ષણને પગલે દિલ્હી પોલીસની કામગીરીમાં વધારો થઈ ગયો છે. પોલીસ હજુ જૂની ફરિયાદોનો નિકાલ કરી શકી નથી ત્યાં શુક્રવારે જેએનયુ હિંસાને લગતી વધુ બે ફરિયાદ કરવામાં આવી છે. ગત સપ્તાહે જેએનયુમાં કેટલાક બુકાનીધારી શખ્સોએ અંદર હિંસા ફેલાવી હતી તે મામલે દિલ્હી પોલીસને વધુ બે ફરિયાદ મળી છે. આ સાથે જ કુલ ફરિયાદનો આંકડો ૧૪ થયો છે.

૫ જાન્યુઆરીના રોજ મોઢા પર માસ્ક પહેરીને જેએનયુમાં કેટલાક શખ્સોએ તોડફોડ અને હિંસા કરી હતી. આ હિંસક હુમલામાં જેએનયુ વિદ્યાર્થી સંગઠનની અધ્યક્ષ આઈશી ઘોષને માથામાં ઈજા પહોંચી હતી. પોલીસે આ ઘટનાના બે દિવસ અગાઉ જેએનયુના સર્વર રૂમમાં તોડફોડના મામલે આઈશી ઘોષ વિરુદ્ધ પણ એક એફઆઈઆર દાખલ કરી છે.

જેએનયુ હિંસાને લગતી ૧૪ એફઆઈઆરની તપાસ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. જેએનયુ હિંસા મામલે એક ફરિયાદ શિક્ષક દ્વારા કરાઈ છે જ્યારે બાકીની ફરિયાદો વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી છે. દિલ્હી પોલીસના મતે કુલ ૧૪ ફરિયાદો મળી છે અને આ તમામ ફરિયાદો તપાસ અર્થે ક્રાઈમ બ્રાન્ચને મોકલાશે.

સમજૂતીના પક્ષમાં ૩૩૦ અને વિરોધમાં ૨૩૧ વોટ પડ્યા

બ્રિટન યુરોપિયન યુનિમાંથી બહાર થશેઃ બ્રેક્ઝિટ ડીલને સંસદની મંજૂરી

લંડન

૩૧મી જાન્યુઆરીએ બ્રિટેન યૂરોપિયન યૂનિયનથી અલગ થઈ જશે અને તેની સાથે જ પાછલા ચાર વર્ષોથી ચાલી રહેલી બ્રેક્ઝિટની દલીલો પર પણ પણ બ્રેક લાગી જશે. બ્રિટનની સંસદ હાઉસ ઑફ કોમન્સે ઈયૂથઈ બહાર નિકળવાના પીએમ બોરિસ જૉનસનની ડીલને ગુરુવારે મંજૂરી આપી દીધી છે. આ સમજૂતીના પક્ષમાં ૩૩૦ વોટ જ્યારે વિરોધમાં ૨૩૧ વોટ પડ્યા. આ વોટ્સની સાથે જ હવે બ્રિટનનો ઈયૂથી નિકળવાનો રસ્તો પણ સાફ થઈ ગયો છે.

હજી 'ઈયૂ-યૂકે વિથડ્રોવલ એગ્રીમેન્ટ બિલ'ને બ્રિટનની ઉપલી સંસદ હાઉસ ઑફ લોર્ડ્સ અને યૂરોપીય સંસદ તરફથી મંજૂરી મળવી પણ જરૂરી છે. જો કે આને બસ એક અનૈપચારિકતા માનવામાં આવી રહ્યું છે. બ્રિટન યૂરોપિયન યૂનિયન ૫૦ વર્ષ જૂની પોતાની સભ્યતા ખતમ કરવા તરફ આગળ વધી રહ્યું છે. બ્રેક્ઝિટ એટલે કે બ્રિટેનનું ઈયૂથી બહાર થઈ જવું છે. વર્ષ ૨૦૧૬માં બ્રેક્ઝિટ પર જનમત સંગ્રહ થયો હતો. જેમાં ૫૨ ટકા લોકોએ બ્રિટનને યૂરોપીયન યૂનિયનથી બહાર કાઢવાની વાતને સમર્થન કર્યું હતું. જ્યારે ૪૮ ટકા લોકો બ્રેક્ઝિટના વિરોધમાં હતા. આ જનમત સંગ્રહના કારણે તત્કાલીન બ્રિટિશ પીએમ ડેવિડ કેમરુનની ખુરશી પણ ચાલી ગઈ હતી.

ઉત્તરાખંડમાં બરફ વર્ષાએ ૨૫ વર્ષનો રેકોર્ડ તોડ્યોઃ દિલ્હીમાં ૭ ડિગ્રી

ન્યુ દિલ્હી

ઉત્તરાખંડમાં આ વખતે જબરદસ્ત બરફ વર્ષા થઈ રહી છે. આ વખતની બરફ વર્ષાએ છેલ્લા ૨૫ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. મોસમ વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાંય વર્ષોની તુલનામાં આ વર્ષે સૌથી વધુ બરફ વર્ષા જોવા મળી છે.

ઉત્તરાખંડમાં આ વખતે જબરદસ્ત બરફ વર્ષા થઈ રહી છે. આ વખતની બરફ વર્ષાએ છેલ્લા ૨૫ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. મોસમ વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાંય વર્ષોની તુલનામાં આ વર્ષે સૌથી વધુ બરફ વર્ષા જોવા મળી છે. કુમાઉથી લઈને ગઢવાલ સુધીના ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફની સફેદ ચાદરની સાથે સાથે નીચાણવાળા વિસ્તારોમાં પણ બરફ વર્ષા થઈ છે. પહાડોમાં બરફ વર્ષા અને મેદાનોમાં વરસાદ પડવાથી ઉત્તરાખંડમાં સખત ઠંડી પડી રહી છે.

આ વર્ષે જે બરફ વર્ષા થઈ તેણે છેલ્લા અનેક વર્ષોનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ પ્રકારનો હિમ પ્રપાત ઘણા લાંબા સમય બાદ જોવા મળ્યો છે. મોસમ વિભાગના ડિરેકટર વિક્રમસિંહનું કહેવું છે કે આ વખતે બરફ વર્ષાથી સારી ખેતી થશે .જો કે અત્યારે મેદાનમાં ધુમ્મસની સાથે આવેલી ઠંડી લોકોને ધ્રુજાવી રહી છે. ૬થી૮ જાન્યુઆરી સુધી ઓછી ઊંચાઈવાળા વિસ્તારોમાં પણ બરફ વર્ષા થઈ છે. ટિહરી, ઉત્તર કાશી, ચકરાતા, જોશીમઠ કે અંદરના જિલ્લાઓમાં પણ ભારે બરફ વર્ષા થઈ છે. મુક્તેશ્વરમાં સારી એવી બરફ વર્ષા જોવા મળી છે.

સીએએ સમર્થન

પહેલા પાનાથી ચાલુ

રીતે જોતાં ગુજરાતની વસ્તી કરતાં ઓછી સંખ્યામાં પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવ્યાં હતા.

ઉદ્યોગઃ રાજયમાં ૨૦૧૮-૧૯ની તુલનાએ બમણું એટલે કે ૨૪,૦૧૨ કરોડનું સીધુ વિદેશી મૂડીરોકાણ ૨૦૧૯-૨૦ના પ્રથમ ૬ માસમાં થયું છે.

બંદરોઃ ભાવનગર ખાતે વિશ્વનું સૌ પ્રથમ એવું સીએનજી ટર્મિનલ ૧૯૦૦ કરોડના ખર્ચે આકાર લેશે.

પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામિણ) - આ યોજના હેઠળ અત્યારસુધીમાં કુલ ૨,૮૧,૮૦૦ આવાસો મંજૂર કરવામાં આવ્યાં છે.

કૃષિઃ પ્રધાનમંત્રી કિસાન નિધિ યોજના હેઠળ ગુજરાતમાં ખેડૂતોને ૬ જાન્યુ. ૨૦૨૦ સુધીમાં ચાર હપ્તાના કુલ ૨,૮,૩૯.૩૪ કરોડનું ચુકવણું લાભાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવ્યું છે.

જો કે રાજયપાલ વિધાનસભામાં કોંગ્રેસે તેમના સંબોધન વખતે હોબાળો મચાવતાં તેઓ પોતાનું સંબોધન પુરૂ કરી શક્યા નહોતા.

આર્થિક મંદી

પહેલા પાનાથી ચાલુ

૭૫૮ કરોડનો ખર્ચ કર્યો હતો. તો ચૂંટણી પંચના રિપોર્ટમાં કોંગ્રેસે જણાવ્યું છે કે, ૨૦૧૮-૧૯ માં તેને ૯૧૮ કરોડની આવક થઈ છે, જે ગત વર્ષની તુલનામાં ૩૬૧% વધારે છે. ગયા વર્ષે કોંગ્રેસને ૧૯૯ કરોડની આવક થઈ હતી. કોંગ્રેસે આ વર્ષે ૪૬૯ કરોડનો ખર્ચ કર્યો હતો, જ્યારે ગયા વર્ષે ૧૯૭ કરોડનો ખર્ચ કર્યો હતો. કોંગ્રેસે ચૂંટણી આયોગને જણાવ્યું છે કે, ૯૧૮ કરોડની આવકમાં ચૂંટણી બૉન્ડ દ્વારા પાર્ટીને ૩૮૩ કરોડ મળ્યા હતા, જે ૨૦૧૭-૧૮ મળ્યા.

ભારે હોબાળો

પહેલા પાનાથી ચાલુ

ચર્ચા થવી જોઈએ.

તરત જ કોંગ્રેસના તમામ ધારાસભ્યો પોતાના સ્થાન પરથી ઉભા થઈ ગયા અને ખિસ્સામાંથી કાગળના બેનરો કાઢીને સરકારની સામે દર્શાવતા હોબાળો મચી ગયો હતો અને બાળ મૃત્યુ દર અટકાવો....બળાત્કાર અટકાવો...ખેડૂતોને ન્યાય આપો તેવા સૂત્રોચ્ચારો કરતાં ભાજપના સભ્યો પાટલીઓ થપથપાવીને વિપક્ષના સૂત્રોના અવાજને દબાવવાનો પ્રયાસ કર્યો હતો.

કોંગ્રેસના સભ્યો હાથમાં બેનરો લઈને વેલમાં ધસી આવતાં તરત જ ચ ફરજ પરના માર્શલો અંદર ધસી આવ્યાં હતા અને મંત્રીઓની પાટલીઓની આગળ સુરક્ષા માટે ઉભા રહી ગયા હતા. અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ વેલમાંથી સભ્યોને બહાર લઈ જવા માર્શલોને ઈશારો કર્યો હતો. જો કે તે દરમ્યાન રાજ્યપાલે સંબોધન ટૂંકાવતા કોઈને બહાર લઈ જવાયા નહોતા.

ઈન્ટરનેટ પર પ્રતિબંધ

પહેલા પાનાથી ચાલુ

ત્યારે જ ઈન્ટરનેટ બંધ થવું જોઈએ. ક્રિમિનલ પ્રોસિજર કોડ (સીઆરપીસી) ની કલમ ૧૪૪ લાદવાના સરકારના નિર્ણય સામે પણ થયેલી રીટ અરજીઓની સુનાવણીમાં કોર્ટે ઠરાવ્યું કે કલમ ૧૪૪નો અમલ કરવો એ ઉપચારાત્મક અને નિવારક પગલાં છે અને તેનો ઉપયોગ ફક્ત ત્યારે જ થઈ શકે જો હિંસાની શક્યતા હોય અને જાહેર સલામતીમાં જોખમ હોય.

આ કેસમાં મુખ્ય અરજદાર કાશ્મીર ટાઈમ્સ અખબારના સંપાદક અનુરાધા ભસીન હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ ગુલામ નબી આઝાદ દ્વારા દાખલ કરેલી અરજી સહિત આ મામલે બીજી ઘણી અરજીઓ જોડવામાં કરવામાં આવી હતી. ૫ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ કલમ ૩૭૦ નાબૂદ થયા પછી, સમગ્ર રાજ્યમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ છે. ખીણના લોકોનો ઇલેક્ટ્રોનિક સંપર્ક ફક્ત બ્રોડબેન્ડ દ્વારા કરવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા કેટલાક દિવસો પછી લેન્ડલાઈન ફોન અને પોસ્ટપેઇડ મોબાઈલ્સ પરના પ્રતિબંધો પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. જમ્મુ-કાશ્મીરમાં, ઈન્ટરનેટ પરના પ્રતિબંધોને લઈને સંસદના બંને ગૃહોમાં શિયાળુ સત્રમાં ભારે હોબાળો થયો હતો.

સરકારે ઈન્ટરનેટ પર પ્રતિબંધોને આ કારણોસર ન્યાયી ઠેરવ્યો હતો કે સરહદ પારથી આવતા ભારત વિરોધી ઉશ્કેરણીજનક મેસેજિંગના પ્રસારને પ્રતિબંધ દ્વારા રોકવામાં આવ્યાં છે. અને સમગ્ર ખીણમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હિઝબુલ આતંકી સંગઠનના સૂત્રધાર બુરહાન વાનીની હત્યા પછી ૨૦૧૬ની સાલમાં લગભગ ત્રણ મહિના માટે ખીણમાં ઈન્ટરનેટ બંધ કરાયું હતું તેવો ઉલ્લેખ પણ ત્યારેદલીલો વખત કર્યો હતો.

૧૪મી જાન્યુઆરી એટલે મકરસંક્રાતિ

આકાશ રંગબેરંગી પતંગો આચ્છાદિત થઈ જશે

મકરસંક્રાતિ ઉત્સવમાં તલના લાડુના મહત્ત્વ પાછળ નૈસર્ગિક કારણ છૂપાયેલુ છે

સુરત

૧૪મી જાન્યુઆરી એટલે મકરસંક્રાંતિ. યુવાનો અગાશી પર પંતગ, દોરી, ઊંધિયા તાલે સમગ્ર દિવસ પતંગ ચગાવવાનો લાહવો લે છે. મહાકવિ કાલિદાસે આ યથોચિત જ કહ્યું છે કે, ઉત્સવપ્રિયા: ખલુ મનુષ્યા:. કેમ કે ઉત્સવો સૌ કોઇને પ્રિય છે. આપણા ઉત્સવો એટલે આપણું જીવન. ઉત્સવો કોઇ ને કોઇ જીવન દર્શન રજૂ કરી જાય છે. મકરસંક્રાંતિ પણ આવું જ કંઇક દર્શન કરાવી જાય છે. પરંતુ એક માત્ર મકરસંક્રાંતિ સૂર્યની ગતિ પર આધાર રાખીને ઉજવાતો તહેવાર છે. પોષ મહિનામા સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે તેથી આપણે આ તહેવારને મકરસંક્રાંતિ કહીએ છીએ. સૂર્ય સહેજ ઉત્તર તરફ ખસતો જાય છે એટલે તેને ઉત્તરાયણ કહીએ છીએ.

હવે એક નવાઇની વાત એ છે કે આપણી તિથિ પ્રમાણે ઉજવાતા તહેવારોમાંથી માત્ર મકરસંક્રાંતિ અંગ્રેજ મહિનાની તારીખ પ્રમાણે આવે છે. જાન્યુઆરીની ચૌદમી તારીખે પોષ મહિનામાં આ પર્વ આવે છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ પ્રમાણે આપણે મકરસંક્રાંતિ ઉજવીએ છીએ અને પતંગ ચગાવીએ છીએ પરંતુ ખરેખર પતંગોત્સવ ચીન દેશમાંથી ઉતરી આવ્યો છે. ચીનવાસીઓ અંતરિક્ષમાં વસતા પોતાના પૂર્વજો અને દેવતાઓ સુધી સંદેશ પહોંચાડવા ફાનસ ચગાવતા અને પ્રાર્થના કરતા. ધીમે ધીમે આ એક રાષ્ટ્રની સીમાને લાંઘીને પતંગપર્વ આવ્યો છે. આજે મકરસંક્રાંતિ ભારતમાં મહાઉત્સવ બની ગયો છે.

પતંગ ચગાવવાની પ્રથા પાછળ એક વિશિષ્ટ યોજના રહેલી છે. પતંગ ચગાવવા ખુલ્લા મેદાનમાં, છત પર કે અગાશીમા જવુ પડે એટલે ઠંડીના દિવસોમાં આમ સહજ રીતે જ થઇ જાય છે સૂર્યસ્નાન ! જુઓ, શરીર સ્વાસ્થ્યને આનંદ સાથે સાંકળી લેવાની કેવી અદ્ભુત કુદરતી ગોઠવણ ! રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ પ્રકારે આજે પતંગ મહોત્સવ ઉજવાય છે.

આપણા ગુજરાત રાજયમાં સરકારે મકરસંક્રાંતિ પર આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન ઘણાં વર્ષોથી શરૂ કર્યું છે અને ગુજરાતના મુખ્ય શહેરોમાં સમગ્ર વિશ્વના પતંગબાજોને વિવિધ પ્રકારની પતંગો ચગાવવા માટે નિમંત્રિત કરવામાં આવે છે. પતંગોત્સવ નિહાળવા માટે હજારો લોકો એકઠા થઇ પતંગોત્સવનો આનંદ માણે છે. સૂર્યના સંક્રમણ સાથે આપણું જીવન સંકળાયેલુ છે એ દૃષ્ટિએ આ ઉત્સવનું સાંસ્કૃતિક રીતે અનોખુ મહત્વ છે. સૂર્ય પોતાની આળસ ખંખેરી અંધકાર ઉપર આક્રમણ કરવાનો દ્રઢ સંકલ્પ આ દિવસે કરે છે એટલે કે દિવસો ધીમેધીમે લાંબા થતા જાય છે અને રાત્રી ટૂંકી.

સારા કાર્યો કરવા માટેના શુભ દિવસોની શરૂઆત પણ થાય છે. સારા કાર્યો કરવા માટેના શુભ દિવસોની શરૂઆત પણ થાય છે. ૧૪મી ડિસેમ્બર શરૂ થયેલા કમુર્હૂર્ત (કમૂરતા)નો ૧૪મી જાન્યુઆરીએ મકરસંક્રાંતિના દિવસે અંત આવે છે. હિંદુઓ મકરસંક્રાંતિ પછી જ પોતાનુ મૃત્યુ આવે તેમ ઝંખે છે. યમરાજને ઉત્તરાયણ સુધી રોકી રાખનાર ભીષ્મ પિતામહ આનુ શ્રેષ્ઠ ઉદાહરણ છે. આનંદોત્સવની સાથે મનના સંકલ્પો બદલવા જોઇએ. વિચારક્રાંતિ લાવવી જોઇએ એવો સંદેશ પણ મકરસંક્રાંતિ આપી જાય છે. જે કોઇપણ કઠિન કાર્યને સહજ શકય બનાવે છે. આ વાતની સ્મૃતિ રૂપે કદાચ સંક્રાંતિના દિવસે તલગોળના લાડુ એકબીજાને આપવાની પ્રથા શરૂ થઇ હશે. તલમા સ્નગ્ધતા છે. રૂક્ષ-કઠોર બનેલા સંબંધોમાં તલ સ્નગ્ધતા લાવી શકે અને ગોળની મીઠાશ મનની કડવાશ દૂર કરે. આમ સ્નેહ અને મીઠાશનુ પ્રતીક એટલે તલ અને ગોળ. મહારાષ્ટ્રમાં તો લોકો એકબીજાને તલગોળ આપે છે. તલના લાડુમાં પૈસા મૂકીને આપવાની પ્રથા ગુપ્તદાનનો મહિમા સમજાવે છે. માણસો ગરીબોને યથાશક્તિ દાન આપે છે, પશુઓને ઘૂઘરી ખવડાવાય છે, શ્રીમંતો સુવર્ણદાન પણ કરે છે.

આ ઉત્સવમાં તલના લાડુને મહત્વ મળ્યુ તેનુ નૈસર્ગિક કારણ પણ છે. શિયાળાની સખત ઠંડીમાં શરીર જકડાઇ ગયુ હોય, લોહીનું ભ્રમણ મંદ થવાની સંભાવના રહે, શરીર શુષ્ક થાય ત્યારે સ્નગ્ધતાની જરૂર રહે. સ્નગ્ધતાનો ગુણ તલમાં રહેલો છે. આયુર્વેદના મતે આ ઋતુમાં તલ આદર્શ ખોરાક છે. તાત્વિક-ધાર્મિક દૃષ્ટિએ જોતા અદૃશ્ય ઇશ્વરીયશક્તિ કોઇ અજ્ઞાત અગાશીમાં ઊભા રહીને આપણી જીવનરૂપી પતંગ ચગાવે છે. આપણુ જીવન અસ્વસ્થ ન થઇ જાય તે માટે પ્રભુને પ્રાથના કરવાની રહે,

"હૈ પ્રભુ ! મારો જીવનપતંગ ઝોલે ન ચડે તે માટે મેં તારા હાથમાં તેનો દોર આપ્યો છે, સંભાળજે." આ પર્વ નિમિત્તે સૂર્યનો પ્રકાશ, તલગોળની મીઠાશ અને પ્રભુ પર વિશ્વાસ આપણા જીવનમાં સાકારિત થાય તો જ એ આપણા જીવનનું યોગ્ય સંક્રમણ.

વીર નર્મદ યુનિ.માં ઓછા માર્ક્સના કારણે રોષ, વિદ્યાર્થીઓ ધરણા પર બેઠા

સુરત

વીર નર્મદ યુનિવર્સિટીમાં સ્ટુડન્ટના ધરણા સાથે સુત્રોચાર કરવામાં આવ્યા હતા. બીકોમ સેમેસ્ટર-૫માં ઓછા માર્ક્સ આપવામાં આવ્યા હોવાના કારણે વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો છે. મોટી સંખ્યા વિદ્યાર્થીઓ યુનિવર્સિટી ખાતે એકઠા થયા હતા અને આવેદન પત્ર પાઠવી પેપર સંતોષકારક રીતે તપાસવા રજૂઆત કરી હતી.

વિદ્યાર્થીઓના જણાવ્યા પ્રમાણે, બીકોમ સેમેસ્ટર-૫ના પરિણામથી વિદ્યાર્થીઓમાં અસંતોષ ફેલાયો છે. જેમાં માર્કેટઇલ લો, એકાઉન્ટ અને ઓડિટિંગ વિષયોમાં વિદ્યાર્થીઓએ લખેલ અને પોતાની મહેનત મુજબ માર્ક્સ મળ્યા નથી. ઘણા વિદ્યાર્થીઓને બે-ત્રણ માર્ક્સ માટે ગ્રેસિંગ આપવામાં આવ્યું નથી. જેથી વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળ્યો છે. યુનિવર્સિટીની ભૂલના કારણે વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અસર થઈ શકે છે. જેથી પેપર સંતોષકારક રીતે તપાસવા માટે રજૂઆત કરવામાં આવી છે.

તાતી થૈયામાં દુકાનદારે તંબાકુ નહીં આપતા ફટકા વડે હુમલો

ઉશ્કેરાયેલા ચાર જણાએ ફટકારતા દુકાનદાર હોસ્પિટલમાં

સુરત

તાતીથૈયામાં દુકાનદાર ઉપર ગત રોજ ચાર વ્યક્તિઓ દ્વારા તંબાકુ બાબતે લાકડાના ફટકાથી હુમલો કરવાના અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના સંદર્ભે પોલીસ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મુળ યુપીના વતની અને તાતીથૈયા ખાતે રહેતા રાજકરણ મેગરાજભાઈ પટેલ પ્રથમ પાર્કમાં પોતાની દુકાને હતા . ગઇ કાલે નજીકમાં રહેતા વિહુભાઈ તથા દાદાભાઈ તેમની દુકાને જઇ તંબાકુ માગેલ ત્યારે દુકાનદારે તેને તંબાકુ ન હોવાનું જણાવી તે તંબાકુ નહીં આપતા બોલાચાલી થઈ હતી. દરમ્યાન દુકાનદાર ઉપર વિહુભાઈ અને દાદાભાઈ પત્ની સાથે અછાનક ઉશ્કેરાઇ જઈ લાકડાના ફટકા મારી હાથના ભાગે ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત દુકાનદારને સારવાર અર્થે નજીકની સંજીવની હોસ્પિટલે ખસેડાયા હતા. બનાવ અંગે કડોદરા પોલીસે ચારની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ખટોદરા પોલીસે બે મોબાઈલ ચોર પકડ્યા

સુરત

ભટાર ચાર રસ્તા પાસેથી ખટોદરા પોલીસે બે મોબાઈલ ચોરને ઝડપી પાડી ૧૨ જેટલા ચોરીના મોબાઈલ કબજે કર્યા હતા. ખટોદરા પોલીસે બાતમીના આધારે ભટાર ચાર રસ્તા પાસેથી આરોપી મુસ્તુફા ઉર્ફે મસ્તાન સલીમ શેખ, શંકર કવિરાજ દલાઈ (રહે. કોસાડ આવાસ)નાની ધરપકડ કરી હતી.આ બંને આરોપી પાસેથી ખટોદરા પોલીસ રૂપિયા ૬૯૦૦૦ની કિંમતના ૧૨ મોબાઈલ ફોન કબજે કર્યા હતા.

અંત્રોલીમાં ટ્રેન અડફેટે અજાણ્યા યુવકનું મોત

કડોદરા

પલસાણા તાલુકાના અંત્રોલી ગામની સીમમાં જતી રેલવે ટ્રેક ઉપર ગત સાંજે એક અજાણ્યો પુરૂષ ટ્રેનની અડફેટે આવી જતા ઈજાગ્રસ્ત યુવકનું મોત નીપજ્યું હતું. અંત્રોલી ગામની સીમમાંથી રેલવે ટ્રેક પસાર થાય છે. ગઈકાલે સાંજના સુમારે અજાણ્યો પુરૂષ ઉ.વ.૩૫નો રેલવે ટ્રેક ઉપર થાંભલા નં.૯૦૫ પાસે કોઈ ટ્રેનની અડફેટે આવી જતા માથાના ભાગે ગંભીર ઈજા થતા સ્થળ પર તેમનું મોત નીપજ્યું હતું. ખબર આપનાર સ્ટેશન માસ્તરની ફરિયાદના આધારે પોલીસે નોંધ કરી વધુ આગળની તપાસ હાથ ધરી છે.

લીંબાયતમાં બે મિત્રો પર ચપ્પુથી હુમલો

સુરત

લીંબાયત વિસ્તારમાં બે મિત્રો નજીવી બાબતે મિત્રને જ ચપ્પુના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી નાસી ગયાનો બનાવ લીંબાયત પોલીસ મથકે નોંધાયો હતો. લીંબાયત કૈલાશનગરની બાજુમાં બાલાજીનગરમાં રહેતા બેબાબેન દેવીદાસ નિકમે આરોપી કિરણ સુંગરિયા, આકાશ ઉર્ફે દાદુ સંજય લોઢે રહે. મહાદેવનગર, લીંબાયત, વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદીના દિકરાના મિત્ર થાય છે. આરોપીઓએ ફરિયાદીના દિકરાને શિવકૃપા સોસાયટી ઘર નં.૮૩ની સામે પકડી ધારદાર અને તિક્ષ્ણ ચપ્પુના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી નાસી ગયા હતા.

બાકી વેરાની વસુલાત અંગે ૧૦ મિલ્કતો સીલ

સુરત

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૯-૨૦ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે આજ તા.૦૯/૦૧/૨૦૨૦ ના રોજ મિલ્કતોમાં રીકવરી કરતા કરણ ઈન્ડસ્ટ્રી, વેડરોડ તથા નવી જી.આઈ.ડી.સી., ફુલપાડા વિગેરે વિસ્તારમાં ૧૦ મિલ્કતોને સીલ કરવામાં આવેલ જે પૈકી સ્થળ ઉપર એડવાન્સ ચેકના રૂા. -૪,૮૦,૦૦૦/—વસુલ કરવામાં આવેલ છે.

તા.૧૮'મીએ વ્યારામાં પુરવઠા તંત્રની બેઠક

વ્યારા

આગામી તા.૧૮મી જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યે જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણીના અધ્યક્ષ સ્થાને જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ, સહિત પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર માટેની જિલ્લા તકેદારી સમિતિની બેઠક આયોજીત કરવામાં આવી છે. જિલ્લા સેવા સદનના સભાખંડમાં આયોજિત આ બેઠકમાં સમિતિના સભ્યોને પૂરતી વિગતો સાથે, સમયસર ઉપસ્થિત રહેવા જિલ્લા પુરવઠા અધિકારી નૈતિકા પટેલ દ્વારા જણાવાયું છે.

નવસારી આયોજન સમિતિની બેઠક મળશે

નવસારી

નવસારી જિલ્લા આયોજન મંડળની જિલ્લા કાર્યવાહક આયોજન સમિતિની બેઠક તા.૨૦/૦૧/૨૦૨૦ ના રોજ સાંજે ૪-૩૦ કલાકે જિલ્લા કલેકટર આદ્રા અગ્રવાલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાશે. જેમાં સબંધિત તમામને સમયસર ઉપસ્થિત રહેવા જિલ્લા આયોજન અધિકારી, નવસારીની યાદીમાં જણાવાયું છે.

બોર્ડ વિદ્યાર્થીઓ માટે પ્રિ-બોર્ડ પરીક્ષાઓનું આયોજન કરાયું

નવસારી

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી નવસારી દ્વારા આગામી માર્ચ-૨૦૨૦ માં લેવાનાર પરીક્ષામાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓમાં પરીક્ષા પ્રત્યે રહેલો ભય દૂર થાય તેમજ બોર્ડની પરીક્ષાને અનુરૂપ મહાવરો થાય તથા જિલ્લાની શાળાનું પરિણામ ઉંચુ આવે તે માટે પ્રિ-બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મુખ્ય વિષયોની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા માટે મુખ્ય વિષયના નિષ્ણાંત શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા પરીક્ષાનું સમયપત્રક પ્રમાણે આ પરીક્ષા દર અઠવાડિયે લેવામાં આવશે. તેમ જિલ્લા શિક્ષણાધિકારી, નવસારીની યાદીમાં જણાવાયું છે.

પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંગે ૧૬'મીએ બેઠક મળશે

નવસારી

આગામી ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૦ પ્રજાસત્તાક દિનની ઉજવણી અંગેનો જિલ્લાકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ નવસારી જિલ્લાના ખેરગામ ખાતે રાખવામાં આવ્યો છે. જે ઉજવણીના આયોજન અંગે તા.૧૬/૦૧/૨૦૨૦ ના રોજ બપોરે ૪-૦૦ કલાકે જિલ્લા કલેકટર આદ્રા અગ્રવાલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, નવસારીના સભાખંડ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. બેઠકમાં સબંધિત વિભાગના તમામ અમલીકરણ અધિકારીશ્રીઓએ સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.



નજીકના દિવસોમાં મકરસંક્રાંતિ પતંગ પર્વ આવી રહ્યો છે. ત્યારે પતંગ ઉડાવવા યુવકોમાં અનેરો ઉત્સાહ વ્યાપી ગયો છે. મહાવીર કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓ દ્વારા પતંગો ઉડાવી પતંગ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હોવાનું તસ્વીરમાં જણાય છે.

વલસાડના ખોરાક ઔષધ નિયમનતંત્રએ ૩ વેપારીઓ સામે ભેળસેળના તેમજ ૩ સામે એફ.એસ.એ. એકટ હેઠળ કેસ દાખલ કર્યા

વલસાડ

વલસાડના ખોરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા માહે ડિસેમ્બર-૨૦૧૯ દરમિયાન ખાદ્ય પદાર્થો દ્વારા વલસાડ જિલ્લાના મ્યુનિસીપલ વિસ્તારના ૧૨ નમૂનાઓ પાસ થયા છે તથા ગ્રામ્ય વિસ્તારના ૩૦ નમુના પાસ અને ૦૩ નમુના નાપાસ જાહેર થયો હોવાનું ખોરાક અને ઔષધ નિયમનતંત્રના ડેઝીગ્નેટેડ ઓફિસર દ્વારા જણાવાયું છે.

વાપી તાલુકાના દિપક વિઠ્ઠલદાસ નંદા મે.સુર્યવંશી મેગા સ્ટોર, તપોવન-૩, દુકાન નં-૯,૧૦, મુખ્ય પોસ્ટ ઓફિસ પાસે વાપી. તા.વાપી પાસેથી લેવામાં આવેલા હીંગ પાવડર ૧૦૦ ગ્રામ પેક સુર્યવંશી બ્રાન્ડનો નમૂનો તેમજ ઝૈદુરુદ્દીન ગુલામઅલી ખભારીયા, રોયલ ડાઈન પ્લોટ નં૭, સર્વે નં-૧૯૩૪, શ્રેયસ ટાવર નજીક, વૈશાલી ક્રોસ રોડ ને.હા. નં-૮ વાપી. તા.વાપી પાસેથી લેવામાં આવેલા બટર (લુઝ)નો નમૂનો લેબોરેટરી પૃથ્થકરણ દરમિયાન સબસ્ટાન્ડર્ડ અને મીસ બ્રાન્ડેડ જણાયા છે. જયારે નારણભાઈ રામજીભાઈ નંદા (એફ.બી.ઓ અને પાર્ટનર) સન એગ્રો ફુડસ, પ્લોટ નં-૬૮, વાઈબ્રન્ટ બીઝનેશ પાર્ક, મુ.વાપી. તા.વાપી પાસેથી લેવામાં આવેલા પામોલીન ઓઈલ (લુઝ)નો નમૂનો લેબોરેટરી પૃથ્થકરણ દરમિયાન સબસ્ટાન્ડર્ડ જણાયા છે.

આ ઉપરાંત માતેશ્વરી પ્રસાદ રામનારાયણ દ્વિવેદી (એ ફ.બી.આ-જનરલ મેનેજર) ગોલોકા ડેરી પ્રોડકટસ પ્રા.લી.(ઉત્પાદક) પ્લોટ નં-૫૬ જનગરીયા રોડ, મુ. ખારવેલ, તા.ધરમપુર જી.વલસાડ તથા અન્ય ૩ (ત્રણ) તહોમતદારો પાસેથી લેવામાં આવેલા ક્રિમ ચીઝ (લુઝ)નો નમૂનો લેબોરેટરી પૃથ્થકરણ દરમિયાન સબસ્ટાન્ડર્ડ, મિહીર જીવનભાઈ મદલાણી (પ્રોપરાઈટર) મે.સોમનાથ ઓઈલ ડેપો. દુકાન નં-૧,૨ ને.હા નં-૮, ઝૈનબ કોમ્પલેક્ષ, પારડી તથા અન્ય ૪ (ચાર) તહોમતદારો પાસેથી લેવામાં આવેલા સુર બ્રાન્ડ વનસ્પતિ કું. પેકનો નમૂનો લેબોરેટરી પૃથ્થકરણ દરમિયાન સબસ્ટાન્ડર્ડ અને મીસ બ્રાન્ડેડ તથા ગોપાલસિંહ બુધસિંહ રાજપુરોહિત (પ્રોપરાઈટર) મે.ખેતેશ્વર લો પ્રાઈસ કિરાના (રીટેલર) ૧૩૯૬, બેંક ઓફ બરોડા સામે પ્રભુ ફળીયા, ધરમપુર જી-વલસાડ તથા અન્ય ૧(એક) પાસેથી લેવામાં આવેલા કચ્છ કેસરી ચક્કી ફ્રેશ વ્હીટ આટા (ફોર્ટીફાઈડ આટા) પેકનો નમૂનો લેબોરેટરી પૃથ્થકરણ દરમિયાન મીસ બ્રાન્ડેડ જણાયા છે. આ તમામ સામે એફએસએસએ એકટ-૨૦૦૬ હેઠળ ૪૬(૪)ની નોટીસ અને પી.એફએ.એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સુરત રેલ્વે પોલીસનો ભાગેડુ આરોપી દિપક ઉર્ફે ખેખડો કડોદરામાં પકડાયો

બાતમીના આધારે કડોદરા પોલીસે આરોપી શોધી કાઢયો

સુરત

કડોદરા ચાર રસ્તા પાસેથી બાતમીના આધારે કડોદરા પોલીસે સુરત રેલ્વે પો. સ્ટેશનના ગુનામાં નાસતા ફરતા આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવાની શોધમાં હતા ત્યારે મહેશભાઈ બાબુભાઈ તથા દીપક ભાઈ રમેશભાઈનાઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે સુરત રેલ્વે પો. સ્ટેના ગુનામાં સંડોવાયેલો નાસતો ફરતો આરોપી કડોદરા આવવાનો છે.

બાતમીના આધારે પોલીસ કડોદરા ચાર રસ્તા પાસે વોચમાં હતા ત્યારે ત્યાંથી પસાર થતા વર્ણન વાળા ઈસમની અટક કરી તેની આકરી પુછ પરછ કરતા તેને પોતાનું નામ દિપક ઉર્ફે ખેખડા રામચંદ્ર ચૌધરી ઉ.વ.૨૭ મુળ મહારાષ્ટ્રનો અને હાલ રહે કડોદરા શ્રી નિવાસ સાંઇ સ્ટ્રીટ બ્લિડંગમાં રૂમ નં ૩૦૩માં રહેતો હતો. આથી પોલીસે તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

૧૪ વર્ષની પુત્રી પર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવનાર નરાધમ બાપને ફાંસીની સજા

સુરત

રાજયમાં કૂદનેભૂસકે બાળકીઓ અને મહિલાઓ પર બળાત્કારના કેસો વધતા જાય છે, ત્યારે સુરતની એક ઘટનાએ તમામનું ધ્યાન ખેચ્યું છે. આ ઘટનામાં ૧૪ વર્ષની દીકરીને ગર્ભવતી બનાવી મોતને ઘાટ ઉતારનાર પિતાને સેશન્સ કોર્ટમાં ફાંસીની સજા સંભળાવી છે, આ સાથે જ સમાજમાં એક દાખલો બેસાડે તેવી આ ઘટના કહી શકાય તેમ છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, સુરતના ડુમસ રોડ પર ગત ૩૦-૬-૨૦૧૭ના રોજ અવાવરુ જગ્યાએથી ૧૪ વર્ષીય કિશોરીની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. આ ઘટનામાં પોલીસે તપાસ કરતાં પોલીસે મૃતક કિશોરીના પિતા કસૂરવાર સાબિત થયા હતા, જેથી તેમની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપી પિતાએ પોતાની જ ગર્ભવતિ દીકરીની હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. બાદમાં ગર્ભ કોને છે તે જાણવા ડીએનએ ટેસ્ટ થયો હતો જેમાં બાળકી સાથે પિતાએ જ ૬ મહિના સુધી શારીરિક શોષણ કરીને ગર્ભવતી બનાવ્યાનું સામે આવતાં પાછળથી પોસ્કો અને દુષ્કર્મની કલમ ઉમેરાઈ હતી. સમગ્ર કેસ સેશન્સ કોર્ટમાં ચાલતાં એપીપી દિંગત તેવરેની દલીલો અને પુરાવાના આધારે સેશન્સન જજ પીએસ કાલાએ આરોપી પિતાને ફાંસીની સજા સંભળાવી હતી.



દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, ગુજરાત પ્રવાસન વિભાગ અને જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન કરવામા આવ્યું છે. અડાજણ રિવરફ્રન્ટ બાજુના પ્લોટમાં મેયર જગદીશ પટેલના હસ્તે પતંગોત્સવનો પ્રારંભ કરાયો હતો. આ પતંગોત્સવમાં ભારતના ઉત્તર પ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ, કેરલ, બંગાળ, બિહાર, લક્ષદ્વીપ, સિક્કિમ સહિતના ૪૦ જેટલા પતંગ બાજો આવ્યા છે. જ્યારે ફ્રાન્સ, યુ.કે., યુકેન, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, રશિયા, સિંગાપોર, સ્વોવેનિયા, સ્પેન, શ્રીલંકા, ટુશિનિયા, ટર્કી, થાઈલેન્ડ, વિયેતનામના ૫૦ જેટલા ઈન્ટરનેશનલ પતંગબાજો વિવિધ રંગ અને આકારના પતંગો ઉડાવી જુદા જુદા કદ-આકારના પતંગો ઉડાવવાના કરતબો રજૂ કર્યા હતા.

સુરતમાં વિદેશી પતંગરસિકોએ ૨૦૦ કિલોના પતંગ ચગાવ્યા..!!

સુરત

સુરત શહેરની ઉત્સવપ્રિય જનતા અને પતંગ રસિયાઓ માટે ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં દેશ વિદેશથી પતંગ બાજોએ ભાગ લીધો હતો. હવા સારી હોવાથી વિદેશી પતંગબાજો ને પતંગ ચગાવવાની મજા આવી હતી.

યુકેનથી ગુજરાતના પતંગ ઉત્સવમાં પ્રથમ વખત ભાગ લેવા આવેલા પતંગબાજો સુરતમાં પતંગ ઉત્સવ જોઈ ઉત્સાહિત થયા હતા.સારી હવા અને અવનવી પતંગોને જોઈએ યુકેનના આ પતંગબાજો પોતાના પતંગથી લોકોને મનોરંજન કરવામાં પાછળ રહ્યાં નહીં સાથે લોકોને ઉતરાયણની શુભકામનાઓ પણ આપી હતી.સૂર્યપુત્રી તાપી નદીના કિનારે સુરત મહાનગરપાલિકા દ્વારા ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલનું આયોજન કરાયું હતું. જેમાં મેયર, મનપાના ડેપ્યુટી કમિશનર, સાંસદ સહિતના પદાધિકારીઓ હાજર હતા. આ ફેસ્ટિવલમાં ૧૬ દેશોના ૩૯,ગુજરાતના ૫૨ અને સમગ્ર ઈન્ડીયામાંથી ૩૯પતંગ બાજોએ ભાગ લીધો હતો.ફ્રેન્ચ, નેધરલેન્ડ, નેપાલ, ન્યૂઝીલેન્ડ, રસિયા, સિંગાપોર, સ્પેઈન, શ્રીલંકા, તુર્કી, થાઈલેન્ડ, યુકે, યુએસએ, વિયેતનામ, સહિતના દેશોમાંથી પતગબાજોએ ભાગ લઈ આનંદ માણ્યો હતો.પતંગ રસિયાઓ માટે ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલનું આયોજનજો કે વિદેશની સાથે સુરતના પતંગબાજોના પતંગ પણ આકર્ષણ નું કેન્દ્ર બન્યા હતા.૨૦૦ કિલોનો પતંગ બનાવ્યો હતો જે ને ચગાવવા ૬ થી ૭ લોકો જોડાયા હતા. આ મહોત્સવમાં દેશ-વિદેશના ૧૧૦ પતંગબાજો દ્વારા અવનવી અને રંગબેરંગી પતંગો ઉડાવી આકાશ રંગબેરંગી જોવા મળ્યું હતુ.

પતંગ બજારમાં મંદી... માંજાની ખરીદીમાં ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો

સુરત

સુરતીઓના મનગમતા તહેવાર ઉતરાયણ પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે પતંગ બજારમાં મંદી જોવા મળી રહી છે. દર વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે પતંગ અને બોબીનમાં ૧૫થી ૨૦ ટકાનો વધારો થયો છે. જ્યારે ગ્રાહકોમાં ૪૦ ટકાનો ઘટાડો થયો હોવાની વાત વેપારીઓ કરી છે. ઉતરાયણના એક - બે દિવસ અગાઉ ખરીદી નીકળે એવો આશાવાદ વેપારીઓ સેવી બેઠા છે. નવા વર્ષની સાથે આ ઉત્તરાયણ પર્વ દરમિયાન ૨૦૨૦ના સાડા છ ફૂટ થી દસ ફૂટ સુધીના પતંગ આકાશમાં જોવા મળશે. જ્યારે બનતી દુર્ઘટનાને લઈ સરકાર દ્વારા બેન્ડ કરવામાં આવેલ ચાઈનીઝ તુક્કલના બદલે હવે ઈલેક્ટ્રિક તુક્કલ બજારમાં આવ્યા છે. જે પતંગ રસિયાઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

મોંઘવારી અને મંદીના માર વચ્ચે આ વખતની ઉતરાયણને લઈ લોકોનો ઉત્સાહ ઓછો જોવા મળી રહ્યો છે. સુરતના સૌથી જૂના અને જાણીતા ગણાતા ડબગરવાડ પતંગ બજારમાં ગ્રાહકોની પાંખી હાજરી જોવા મળી રહી છે. સુરતના ભાગલ વિસ્તારમાં આવેલા ડબગરવાડ વિસ્તાર જે પતંગ અને માંજાની ખરીદી માટે જાણીતું છે. ઉતરાયણના એક અઠવાડિયા અગાઉ ડબગરવાડના આ પતંગ બજારમાં માંજા અને પતંગની ધૂમ ખરીદી જોવા મળતી હોય છે. પરંતુ બદલાતા સમયની સાથે હાલ અહીં ખરીદીનો માહોલ મંદ જોવા મળી રહ્યો છે.દર વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે પતંગ અને બોબીનના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થયો છે. અહીં દર વર્ષની જેમ આ વર્ષે પણ પતંગ અને માંજાની ખરીદી કરવા લોકો સુરત સહિત બીલીમોરા જેવા શહેરોમાંથી આવી રહ્યા છે.પરંતુ ભાવમાં વધારાના પગલે ખરીદીમાં મોટો કાપ મૂકી રહ્યા છે.

ખૂન કેસમાં ભાઈનું નામ સંડોવી દેવાતા કોર્ટના ખર્ચા માટે મારામારી

યુવકને માર મારી ઉઠાવી જવાનો પ્રયાસ કરતા ચોક પોલીસમાં ગુનો દાખલ

સુરત

ખૂન કેસમાં ભાઈનું નામ આવતા કોર્ટ કચેરીના ખર્ચા માંગી એક યુવકનું અપહરણનો પ્રયાસ કરી મારમારી જાનથી મારી નાંખવાની ધમકી બે મિત્રોએ આપ્યાની ફરિયાદ ચોક બજાર પોલીસ મથકે નોંધાઈ હતી.

ચોકબજાર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ફરિયાદી પોતાના કામ ઉપર જતો હતો. ત્યારે આરોપી દિગ્વિજય સિંહ દીપસિંહ ચૌહાણી રહે. ભુવનેશ્વર સોસાયટી, ડભોલી, દિગ્વિજયનો મિત્ર મોરી મોટરસાયકલ ઉપર ધસી આવી તારો ભાઈ ક્યાં છે ? જેના કારણે મારા ભાઈનું નામ ખૂનકેસમાં આવેલ છે. કોર્ટ કચેરીનો ખર્ચો આપવો પડશે, તેમ કહી ફરિયાદીને માર મારી અપહરણ કરવાનો પ્રયાસ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ચોક પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

મોબાઈલ ફોનમાં એપ્લીકેશન ડાઉનલોડ કરાવી રૂપિયા પડાવી લીધા

એપ્લીકેશન ડાઉનલોડ થતા જ ૪૦ હજાર ઉપડી ગયા

સુરત

સાયણ જીવનરક્ષણ હોસ્પિટલના ઈલેક્ટ્રીશિયનનું પે-ટીએમનું કેવાયસી અપડેટ કરવાના બહાને એનીડેસ્ક નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી એસબીઆઈના એકાઉન્ટમાંથી રૂા.૪૦ હજાર રૂપિયા ઓનલાઈન શોપિંગ કરી વિશ્વાસઘાત કરી અજાણ્યો મોબાઈલ ફોન ધારક ફરાર થઈ ગયો હોવાનો બનાવ ઓલપાડ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઓલપાડ તાલુકાના સીમલથુ ગામના સુથાર ફળીયામાં હિરેનકુમાર ધનસુખભાઈ ગજજર રહે છે. તેઓ સાયણ જીવનરક્ષા હોસ્પિટલમાં ઈલેક્ટ્રીશિયનનું કામ કરે છે. ગતરોજ અજાણ્યા મોબાઈલ ફોન ધારકે તેમના મોબાઈલ ફોન પર ફોન કરીને પે-ટીએમનું કેવાયસી અપડેટ કરવાના બહાને એનીડેસ્ક નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી તેમના એસબીઆઈ બેંકના ખાતામાંથી ઓનલાઈન શોપિંગ કરી રૂા.૪૦ હજારની છેતરપિંડી કરી આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસે આઈટી એક્ટ તથા આઈપીસી ૪૨૦ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજ્યભરમાં પાંચ વર્ષમાં ૩ હજારથી વધુ ચેઈન સ્નેચિંગનાં કિસ્સા, ૩ના મોત

ગાંધીનગર

વિધાનસભાના એક દિવસીય સત્રમાં આજે રાજ્યમાં વધી રહેલા ચેઈન સ્નેચિંગના બનાવો મામલે ચોંકાવનારો ખુલાસો થયો હતો. કોંગ્રેસના ધારાસભ્ય બ્રિજેશ મેરજાએ ચેઈન સ્નેચિંગ દરમિયાન પાંચ વર્ષમાં નાગરિકોને થયેલી ઈજા અને ગંભીર ઈજાના કારણે થયેલા મૃત્યુ અંગે સવાલ કર્યો હતો. જેના જવાબમાં ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યું કે ૩૦ જૂન ૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ચેઈન સ્નેચિંગની ૩,૧૩૧ ઘટનાઓ બની છે. આ ઘટનાઓ દરમ્યાન ૩ વ્યક્તિઓના થયા છે. રાજ્યમાં આ પ્રકારના બનાવો ન બને તે માટે વર્તમાન સરકાર દ્વારા કડક સજાની જોગવાઈઓ કરવામાં આવી છે.

આ મામલે ગૃહ રાજ્યમંત્રીએ આગળ જણાવ્યું કે, રાજ્યના ધાર્મિક સ્થળો જાહેર માર્ગ, રેલ્વે સ્ટેશન શાકમાર્કેટ તેમજ એસટી સ્ટોપ જેવા વિસ્તારોમાં પોલીસ દ્વારા રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ, મોબાઈલ પેટ્રોલિંગ અને બાતમીદારો સાથે સંપર્ક રાખીને શકમંદ વ્યક્તિઓ ઉપર નજર રાખવામાં આવે છે. આ ઉપરાંત પોલીસ પોઈન્ટ પણ રાખવામાં આવે છે. તેની સાથે અવાર નવાર નાગરિકોને તકેદારી રાખવાની સુચના આપવામાં આવે છે.

રાજકોટ શહેરમાં પણ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ચેઈન સ્નેચિંગના ૧૭૬ બનાવો નોંધાયા છે. જો કે આ ઘટનાઓમાં રાજકોટના કોઈ નાગરિકને ગંભીર ઈજા કે મૃત્યુ થયા હોવાનું નોંધાયું નથી.

પીળા રંગની ટી-શર્ટ પહેરીને ન આવતાં વિદ્યાર્થીને શિક્ષિકાએ ફટકાર્યો

સુરત

સુરતના લિંબાયત વિસ્તારમાં થોડા સમય થયેલા એક વિવાદમાં શિક્ષક દ્વારા બાળકીને છેડતીનો મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. ત્યારે શિક્ષિકા દ્વારા બાળકને મારવાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. ગોડાદરામાં સાંઈધામ સોસાયટીમાં રહેતા ધનંજય રામરાજ યાદવ બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેમનો ૯ વર્ષનો દીકરો અંશુ દેવધ રોડ પર આવેલી નિર્મલા નવોદય સ્કૂલમાં ધોરણ-૨માં અભ્યાસ કરે છે. ગઈકાલે શાળાએથી પાછા આવીને શિક્ષિકા દ્વારા મારવામાં આવ્યાની ફરિયાદ પરીવાર ને કરી હતી.

આ બાળકને પીળી ટી-શર્ટ નહીં પહેરવાને લઈને તેને ગત અઠવાડિયે માર મારવામાં આવ્યો હતો અને આજે પણ શિક્ષિકાએ માર માર્યો છે. બાળકીની આ ફરિયાદને લઈને પરિવાર બાળક સાથે શાળાએ પહોંચ્યો હતો અને શિક્ષિકા પૂજા પાંડે દ્વારા માર મરાયા અંગે ફરિયાદ કરી હતી. પરિવારની રજૂઆત હતી કે, બાળકના માપનો ડ્રેસ હાલ સ્ટોરમાં ઉપલબ્ધ નથી તેથી તે ખરીદી શકાયો નથી. પરંતુ તે કારણે બાળકને માર મારવો ન જોઈએ. પરંતુ શિક્ષિકાએ કોઈ સંતોષજનક જવાબ આપ્યો ન હતો. જેને લઈને પોતાના બાળકને માર મારવાના મામલે પિતા દ્વારા શિક્ષિકા વિરુદ્ધ લિંબાયત પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવી હતી જેને લઈને પોલીસે શિક્ષિકા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

મિલેનિયમ માર્કેટની વેપારી પેઢી ઝોયા ટેક્સનું કરોડો રૂપિયામાં ઉઠમણું

પેમેન્ટ ફસાતા સંખ્યાબંધ વેપારીઓ સલાબતપુરા પોલીસ મથકે દોડી ગયા

સુરત

કાપડ બજારમાંથી કરોડો રૂપિયાની ખરીદી કરી ઉઠમણું કરનારા વેપારીઓએ ચાર દલાલ વિરૂદ્ધ વેપારીઓએ સલાબતપુરા પોલીસે ધામો નાંખતા પોલીસે રૂપિયા ૧.૩૭ કરોડની ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કડોદરા ગામ શિવ પેલેસમાં રહેતા અને જોબકામ કરતા અનિલ બાલુભાઈ માકાણીએ આરોપી સુરેશ અશોક ચુડાસમા ઝોયા ટેક્સ, મિલેનિયમ માર્કેટ, શંકર દિપચંદ હાસાણી (દલાલ), મનીષ લાલજી વીરડીયા (જોબકામ નાના વરાછા), શત્રુઘ્ન પરસોત્તમ બોરડ (સરથાણા), રમેશભાઈ (કે.ડી. ભાટીયા, ડાઈંગ મિલ, મિલેનિયમ માર્કેટ), દલાલ મુકેશ પોપટ બલર, ભાવેશ, પરેશભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ પ્રથમથી જ છેતરપિંડી કરવાના ઈરાદે ફરિયાદી તથા અન્યો વેપારીઓનો વિશ્વાસ કેળવી રૂપિયા ૧,૩૭,૬૯,૦૩૯ની કિંમતનો માલ ખરીદી એમ્બ્રોડરી વર્ક કરાવી આજદિન સુધી પેમેન્ટ નહીં ચૂકવી વેપારીઓએ ઉઠમણું કરી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ઓરણામાં વ્યસન મુક્તિ સેમિનાર સાથે ધાબળા વિતરીત કરાયા

શ્રી રંગ સેવાતીર્થ ફાઉન્ડેશનના સહયોગથી કાર્યક્રમ યોજાયો

સુરત

સુરત જિલ્લા પંચાયતની ટોબેકો કંટ્રોલ સેલ અને કામરેજ તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઓરણા ખાતે વ્યસન મુક્તિ સેમિનાર અને શ્રી રંગ સેવાતીર્થ ફાઉન્ડેશનના સહયોગથી ટીબી, લેપ્રસી, સિકલસેલ અને જરૂરિયાતમંદ દર્દીઓને ફ્રી ગરમ ધાબળા (બ્લેંકેટ) વિતરણ કરવામાં આવ્યું હતું.

આ વેળાએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હસમુખ ચૌધરી દ્વારા ટીબી, લેપ્રસી, સિકલસેલ અને વ્યસન મુક્તિ વિશે દર્દીઓને ઊંડાણ પૂર્વક સમજ આપવામાં આવી હતી. કોઈ પણ પ્રકારના વ્યસનથી દૂર રહેવા અને પોતાના બાળકોને તમાકુના સેવનથી દૂર રાખવા માટેનું માર્ગદર્શન આપવામાં

આવ્યું હતું. સામાજિક કાર્યકર ભગીરથસિંહ દાયમા દ્વારા શ્રી રંગ સેવાતીર્થ ફાઉન્ડેશન- તરસાલી દ્વારા કરવામાં આવતી પ્રવુતિની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. રકતપિત્ત અધિકારી ડો.રોહિત ભીગરાડીયાએ રક્તપિતના દર્દીઓએ રોજીંદા જીવનમાં શું કાળજી રાખવી તેના અંગે માર્ગદર્શન આપ્યું હતુ. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ મહેમાનોના હસ્તે ૨૦૦ દર્દીઓને ધાબળા (બ્લેંકેટ) વિતરણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં ડિસ્ટ્રિક્ટ ટીબી ઓફિસર ડો.ધવલ રાઠોડ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.મહેન્દ્રસિંહ ભાટી અને શ્રી રંગ સેવાતીર્થ ફાઉન્ડેશનના પ્રમુખશ્રી કનુભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

મહાનગર પાલિકાના વિવિધ પ્રોજેક્ટ અંગે વર્લ્ડ બેંકના પ્રતિનિધિ સુરતમાં

વર્લ્ડ બેંકની ટીમ સાથે વિવિધ પ્રોજેક્ટ અંગે વિસ્તૃત ચર્ચા કરાશે

સુરત

ગત રોજ સુરત મહાનગરપાલિકા ખાતે વર્લ્ડ બેંકના પ્રતિનિધિશ્રીઓ દ્વારા તેઓની ટીમ સાથે શહેરના વિવિધ પ્રકલ્પોએ ગ્રાંટલોનની પ્રક્રિયા બાબતે સુરતની મુલાકાતે આવેલ હતા. વર્લ્ડ બેંકની ટીમે સુરત મહાનગરપાલિકાના મા.કમિશનરશ્રીના અધ્યક્ષ સ્થાને મીટીંગ કરાયેલ હતી, જેમાં કમિશ્નરશ્રીએ ટીમને આવકાર સાથે શહેરના આગામી આવનાર પ્રકલ્પો બાબતે વિસ્તૃત માહિતી આપી હતી. કમિશ્નરશ્રી દ્વારા આગામી પ્રકલ્પોની ગ્રાંટલોન મેળવવા બાબતોની સઘન ચર્ચા કરી તમામ બાબતોની માહિતી આપેલ. સંયુકત ચર્ચાને અંતે વર્લ્ડ બેંકના પ્રતિનિધિશ્રીઓ દ્વારા સુરત મહાનગરપાલિકાના આગામી વિવિધ પ્રકલ્પોએ ગ્રાંટ/લોન બાબતે તમામ પ્રકારે ઉત્સુકતા દર્શાવેલ છે. વર્લ્ડ બેંકની ટીમના પ્રતિનિધિશ્રીઓ દ્વારા તેઓને જરૂરી માહિતી બાબતે મહાનગરપાલિકાના વિવિધ વિભાગો તથા આઉટર રીંગરોડ (સુડા) ને સંલગ્ન વિભાગના અધિકારીશ્રીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. વર્લ્ડ બેંકની આ ટીમ તા.૧૦/૦૧/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકાના મહત્વકાંક્ષી પ્રકલ્પો જેવા કે, તાપી નદી ઉપર કન્વેન્શનલ બરાજ, તાપી રીવર ફ્રન્ટની માહિતી તથા સુરત શહેરના વોટર રીસર્ચ મેનેજમેન્ટ, વેસ્ટ વોટર મેનેજમેન્ટ રીસાઈકલીંગ એન્ડ રિયુઝ, વોટર સપ્લાય અને ડ્રેનેજ વિભાગના પ્રકલ્પોની માહિતી અંગે પણ ચર્ચા કરનાર છે.

ડિસેમ્બર મહિનામાં સ્મીમેરમાં ૮૧૮ મેજર ઓપરેશન કરાયા

એક મહિનામાં ૬૩૫૩૬ આઉટડોર દર્દીઓની સારવાર

સુરત

સ્મીમેર હોસ્પીટલમાં માહે ડીસેમ્બર ૨૦૧૯ દરમ્યાન ૫૩૧૬ ઈન્ડોર તથા ૬૩૫૩૬ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી.૪૧૦૩ નાના તથા ૮૦૮ મોટા ઓપેરશના હાથ ધરવામાં આવ્યા હતા. ૧૬૫૧૭ એક્ષ-રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૧૮૮૦ અને જુના ૧૮૩૮ દર્દીઓ સહીત કુલ ૩૭૧૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૪૬૭ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૯૨૯ તથા આંખ વિભાગમાં ૪૧૯૧ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૨૨૫૫૫ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.



મોડાસામાં યુવતી પર સામૂહિક બળાત્કાર ગુજારી પીડિતાની નિર્દય રીતે હત્યા કરી દેવાના ચકચારીત કેસમાં દોષિતોને તાકીદે પકડી પાડી કડક સજા ફટકારવાની માંગણી અંગે સ્વાભિમાન સંસ્થા દ્વારા સુરત જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

૪૦ લાખનું ૧ કરોડ વ્યાજ ચૂકવ્યું છતાં પઠાણી ઉઘરાણી, ત્રણ મહિલાની ધરપકડ

સુરત

અલથાણના ડિસ્કવરી કોમ્પ્લેક્ષમાં રહેતા અને સચીન જીઆઈડીસીમાં લક્ષ્મી વીલા ટેક્સટાઈલ નામે કાપડનું કારખાનું ધરાવતા નવીનચંદ્ર ગોરધન ટોપીયાએ વર્ષ ૨૦૧૫માં ધંધાકીય હેતુ માટે જમીન દલાલ અને ફાયનાન્સનો ધંધો કરતા વલ્લભ મોહન વઘાસીયા પાસેથી વ્યાજે પૈસા લીધા હતા.

વલ્લભે પત્ની નિશા વઘાસીયા અને વડોદરાના અલકાપુરી વિસ્તારમાં રહેતા સંબંધી સંગીતા ગિરીશ પટેલ (રહે. આંગન એપાર્ટમેન્ટ, અકોટા, વડોદરા, કુંજનબેન કૃણાલ અરવિંદ પટેલ (રહે. રાયપુરા, ભાઈલીગામ, વડોદરા) અને દિવ્યા દિલીપ પટેલ (રહે. શીલાલેખ સોસાયટી, શાહીબાગ, અમદાવાદ)ના નામે કુલ રૂ. ૪૦ લાખ ૨ ટકાના વ્યાજે આપ્યા હતા. જેની સામે નવીને રૂ. ૩૦ લાખના ચેક, એક કોરો ચેક અને પ્રોમીસરી નોટ લખી આપી હતી.

શરૂઆતમાં સમયસર વ્યાજ ચુકવનાર નવીન ધંધામાં મંદી હોવાથી વ્યાજ નહિ ચુકવી શકતા વલ્લભે ૨ ટકાને બદલે ૫ ટકા વ્યાજની ગણતરી શરૂ કરી હતી અને ઉઘરાણી કરી જાનથી મારી નાંખવાની ધમકી ઉચ્ચારી હતી. જેથી નવીને વ્યાજે લીધેલા રૂ. ૪૦ લાખ સામે બજાર કિંમત મુજબ રૂ. ૧ કરોડની કિંમતની ઉધના દરવાજા સ્થિત શ્લોક બિઝનેસ સેન્ટરમાં ખરીદેલી દુકાનનો વેચાણ દસ્તાવેજ ફાયનાન્સર વલ્લભ વઘાસીયાના નામે કરી આપ્યો હતો. તેમ છતા વલ્લભે નવીને આપેલા ચેક અને પ્રોમીસરી નોટ પરત આપ્યા ન્હોતા.

તેજ પવન ફુંકાતા કાતિલ ઠંડીનો અનુભવ સાથે તાપમાનનો પારો ચાર ડીગ્રી વધી ગયો

નવસારીમાં ૧૩ અને સુરતમાં ૧૬ ડીગ્રી લઘુતમ તાપમાન

સુરત

ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી અને પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના પગલે શીત લહેરની અસરથી રાજ્યના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આજે દક્ષિણ ગુજરાત શીત લહેરમાં ઠુઠવાયુ છે. ગતરોજની સરખામણીએ તાપમાનમાં નજીવો વધારો છતાં ફુલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૭.૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૬.૦ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬.૫ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના ૮ કિલોમીટરની ઝડપે ફુંકાયેલ શીત લહેરથી શહેરીજનો ફુલગુલાબી ઠંડીનો અનુભવ કર્યો હતો. ગતરોજની સરખામણીએ આજે ૩ ડીગ્રી તાપમાન વધ્યું હોવા છતાં પવનના લીધે ઠંડીનો અનુભવ થયો હતો.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૩ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે ગતરોજ ન્યુનતમ તાપમાન ૮.૫ ડીગ્રી નોંધાયું હતું. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં વધારો છતાં પણ શીત લહેરની અસરથી કડકડતી ઠંડીનો અનુભવ થયો હતો. હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ ઠંડી વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

મિડલ સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આંતર ક્રિકેટ સ્પર્ધા યોજાઈ

તાપીમૈયા ક્રિકેટ ગ્રાઉન્ડ પર ક્રિકેટ ટુર્નામેન્ટ

સુરત

ગોપીપુરા મિડલ સ્કૂલ એલ્યુમની એસોસિએશન દ્વારા સ્કૂલના પૂર્વ તથા હાલના વિદ્યાર્થીઓ વચ્ચે લગાતાર પાંચમાં વર્ષે મરહુમ પ્રશાંત ગાંધી મિડલ સ્કૂલ પ્રિમિયર લીગ ટેનિસ ક્રિકેટ સ્પર્ધા પીપલોદ ખાતેના તાપીમૈયા ક્રિકેટ ગ્રાઉન્ડ પર યોજવામાં આવી હતી.

દસ ઓવર્સની મેચ ધરાવતી આ નોકઆઉટ સ્પર્ધામાં ૫૫ વર્ષથી વધુ વયના સ્પર્ધકો સહિત કુલ આઠ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેનું ઉદ્ઘાટન ચેરમેન મૃણાલભાઈ શુકલા અને વાઈસ ચેરમેન મુકેશભાઈ વરીઆવાએ કર્યું હતું. મિડલ સ્કૂલના આચાર્ય પ્રફુલ્લભાઈ પટેલ સહિત વિશાળ સંખ્યામાં મિડલ સ્કૂલના ભૂતપૂર્વ તેમજ હાલના વિદ્યાર્થીઓ, વાલીઓ, મહાનુભાવો તથા આમંત્રિત મહેમાનોએ ઉપસ્થિત રહી સ્પર્ધક ટીમોનો ઉત્સાહ વધાર્યો હતો.

સ્પર્ધાની સફળતા માટે નિશાંત કેરીવાલા, અંકુર ચપડીયા, ધવલ મોતીવાલા, બાલકૃષ્ણ અત્તારવાલા સહિત કમિટીના સર્વે સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. નિશાંત કેરીવાલાના જણાવ્યા મુજબ નોકઆઉટ ધોરણની આ સ્પર્ધાની અંતિમ બે મેચો આગામી રવિવારે યોજાશે અને ત્યારબાદ ચેમ્પિયન ટીમને ટ્રોફી એનાયત થશે.

સુરત જિલ્લામાં ચાઈનીઝ દોરા-તુક્કલ પર પ્રતિબંધ

સુરત

આગામી મકરસંક્રાંતિના તહેવારને ધ્યાને લઈ સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ.ડી.વસાવાએ એક જાહેરનામા દ્વારા સમગ્ર ગ્રામ્ય(જિલ્લા) વિસ્તારમાં તા.૨૫/૦૧/૨૦૨૦ સુધી જરૂરી કોઈપણ વ્યકિત/સંસ્થા કે કંપનીએ સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ) તથા તુક્કલ/પતંગ ઉડાડવાના હેતુંથી ચાઈનીઝ માઝા/પ્લાસ્ટીક દોરીનું ઉત્પાદન, સગ્રહ, વેચાણ કે વપરાશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ પ્રકારના ચાઈનીઝ તુક્કલ કોઈપણ પ્રસંગે ઉડાડી શકાશે નહી કે અન્ય કોઈ પણ રીતે ઉપયોગ કરી શકાશે નહી. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

પત્નીને કોલગર્લ દર્શાવી બીભત્સ ફોટા પતિને મોકલતા ફરિયાદ નોંધાઈ

સુરત

સુરતના સિટીલાઇટ વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષીય પરિણીતા હાઉસ વાઇફ છે. સપ્ટેમ્બર મહિનામાં પરિણીતાના પતિના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અજાણ્યાએ પોસ્ટ લખી હતી. તેમાં લખ્યું હતું કે તારી પત્નીના બિભત્સ ફોટો મારી પાસે છે તારે જોવા છે.

જોકે આ યુવક દ્વારા ત્યાર બાદ પરિણીતાને પણ મેસેજ કરીને તને શરમ આવવી જોઈએ કહીને બિભત્સ ફોટા કોઈને મોકલતા તેમ કહીને આ ફોટા તારા પતિને મોકલીશ કરીને ધમકી આપવામાં આવતી હતી. ઉપરાંત અન્ય એક ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી પરિણીતાના દિયરને પણ મેસેજ કરી પરિણીતાના ચારિત્ર્ય બાબતે ખોટા મેસેજો મોકલ્યા હતા.

ત્યારબાદ અન્ય એક ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી મેસેજ આવ્યો હતો. તારા ફોટો તારા પતિને મોકલીશ. તેવા મેસેજ મોકલ્યા હતા. જોકે આ પરિણીતાના એક મિત્ર દ્વારા જાણકારી આપવામાં આવી હતી કે તમારી પત્નીના ફોટા નેટ પર જોવા મળ્યા છે. તેમાં લખ્યું હતું કે અર્જન્ટ કોલ કરો અને પરણીતાને કોલગર્લ દર્શાવવામાં આવી હતી. જોકે આ મામલે તાતકાલિક ફરિયાદ કરો તેવું મિત્ર દ્વારા જાણકારી બાદ આ યુવાને પરિણીતાના પતિને પણ આ ફોટા મોકલી આપ્યા હતા. જોકે ફોટા જોતા પરિણીતાએ પોતાના પતિને કહ્યું હતું કે આ લગ્ન પહેલાના ફોટા છે. પરિણીતાએ તેના પતિને આપ્યા હતા. જોકે આ ફોટા ક્યાંથી બહાર ગયા તે મામલે વિચારમાં પડી ગયા હતા જોકે આ યુવાન આવા ફોટા મોકલીને પરિણીતાના લગ્નજીવનમાં ભંગાણ પડાવવાની કોશિશ કરી રહેલા યુવાન વિરુદ્ધ સાઈબર ક્રાઇમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે તપાસ શરુ કરી છે.

ઈનામનું પ્રલોભન આપી યુવક પાસેથી ૧.૫૫ લાખ પડાવી લીધા

ઓલપાડનો યુવક આબાદ છેતરાયો

સુરત

ઓલપાડ તાલુકાના ઓરમા ગામ ખાતે રહેતા એક યુવકના મોબાઈલ ફોન પર ડમી કંપનીના અજાણ્યા ઈસમે રૂા.૧૨.૬૦ લાખનું ઈનામ લાગ્યુ છે તેમ જણાવી ઈન્ટરનેટના માધ્યમથી રૂા.૧.૫૫ લાખ ઉપાડી લઈ વિશ્વાસઘાત કર્યો હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઓલપાડ તાલુકાના ઓરમા ગામ ખાતે ઈક્સમુલહક પઠાણ રહે છે. તેમનું ખાતુ રાષ્ટ્રીયકૃત બેંકમાં છે. ગત ૨૭મી નવેમ્બરના રોજ ન્યુટ્રેફી હેલ્થના નામથી એક ડમી કંપની ઉભી કરી એક અજાણ્યા ઈસમે તથા એક અજાણી મહિલાએ તેમના મોબાઈલ ફોન પર રૂા.૧૨.૬૦ લાખનું ઈનામ લાગ્યું છે. તેમ જણાવી ઈનામની રકમના બહાને નંબરો મેળવ્યા હતા. ત્યારબાદ આ બંને અજાણ્યા ઈસમો ઈન્ટરનેટના માધ્યમથી ખોટા ડમી ઈમેલ આઈડી તથા સીમકાર્ડ દ્વારા બેંક ખાતામાંથી રૂા.૧.૫૫ લાખ ઉપાડી લઈ વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. ઓલપાડ પોલીસે વિશ્વાસઘાતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તેજસ એક્સપ્રેસ ટ્રેન ૧૯ જાન્યુઆરીથી શરૂ

અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ અને મુંબઈ સેન્ટ્રલથી અમદાવાદ તરફ જતા પ્રવાસીઓના હિત માટે ભારતીય રેલ્વે દ્વારા તેજસ એક્સપ્રેસ ટ્રેન ૧૯ જાન્યુઆરીથી શરૂ થાય છે.?

ગુરૂવાર છોડી બાકીના બધા દિવસ ટ્રેન સેવા ઉપલબ્ધ હશે. ગાડી નંબર ૮૨૯૦૨ દ્વારા અમદાવાદ થી સવારે ૦૯:૪૦ વાગ્યે ઉપડી બપોરે ૦૧:૧૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. ગાડી નંબર ૮૨૯૦૧ દ્વારા મુંબઈ સેન્ટ્રલ થી બપોરે ૦૩:૪૦ વાગ્યે ઉપડી રાત્રે ૦૯:૫૫ વાગ્યે અમદાવાદ પહોંચશે.

ટ્રેનની વિશેષતાઓ

- www.irctc.co.in અને આઈ. આર. સી. ટી. સી. રેલ કનેક્ટ મોબાઈલ એપ્લિકેશન દ્વારા જ બુકિંગ થશે.
- આધુનિક સુવિધાઓથી સજજ ખૂબ આરામ દાયક સફર
- ભાડું ગતિશીલ રહેશે.
- ઓનબોર્ડ ઈન્ફોટેનમેન્ટ સેવાઓ.
- તત્કાલ પ્રીમિયમ કે તત્કાલ ક્વોટા જેવી કોઈ સેવા નથી.
- રેલ ટ્રાવેલ ઈન્સ્યુરન્સ વિના મૂલ્યે.
- કન્ફોર્મેડ ટિકિટ કે વેઇટલિસ્ટેડ ઈ ટિકિટ રદ કરતા સંપૂર્ણ રિફંડ મળશે.
- ઉચ્ચ ગુણવત્તાવાળા ખોરાક / પીણાં, જેમાં આરઓ પાણી,ચા-નાસ્તા, બપોરના વગેરેનો સમાવેશ થાય છે.
- ટ્રેનમાં ૨ એક્ઝુકેટિવ ક્લાસ ચેર કાર, અને ૮ ચેર કાર, ડબ્બાઓ નો સમાવેશ કરવામાં આવ્યો છે.
- જો ટ્રેન મોડી પડશે તો IRCTC દ્વારા પ્રવાસીઓને વળતર પણ ચુકવવામાં આવશે.

બન્ને બાજુના પ્રવાસ દરમ્યાન આ સ્ટેશન પર ટ્રેન ઉભી રહેશે. મુંબઈ સેન્ટ્રલ, બોરીવલી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, નડિયાદ, અમદાવાદ. ટિકિટનું બુકિંગ ૧૭ જાન્યુઆરી ૨૦૨૦ થી શરૂ થશે. પ્રવાસીઓના હિતને લક્ષમાં લઈ નવી ટ્રેન રજુ કરવા બદલ ભારતીય રેલ્વે તંત્ર અને અધિકારીઓને અભિનંદન.

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને લોકદ્રષ્ટિ ચક્ષુબેંક દ્વારા જૈન મહાસતીજી ની યાત્રામાં મુલાકાત કરી ચક્ષુદાન અને દેહદાનની જાગૃતિનો મેસેજ આપ્યો



જૈન મહાસતીજી દ્વારા કચ્છ થી મુંબઈ સુધી પોતાની યાત્રાનો પ્રારંભ કર્યો હોય ત્યારે આજ રોજ બપોરના સમયે સુરતના કીમ મુકામે આવેલ સાગર વિહાર ધામમાં તેઓ પહોચ્યા હતા. તે સમયે કિમના બાજુના શિયાલજ ગામમાં ચક્ષુદાન લઈને પાછા ફરતા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને લોક દ્રષ્ટિ ચક્ષુબેંકના પ્રેસિડેન્ટ તથા સુરત જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ ડો. પ્રફુલ ભાઈ શિરોયા તેમજ લોકદ્રષ્ટિ ચક્ષુબેન્કની ટિમ બાલુકાકા જૈન,કીમ ગામના ડો.દિવ્યરાજસિંહ રાઠોડ તેમના આશીર્વાદ માટે સાગરવિહાર ધામની મુલાકાત કરી હતી.જે મુલાકાત દરમ્યાન ડો.પ્રફુલભાઈ દ્વારા લોકદ્રષ્ટિ ચક્ષુબેંક ના કર્યો વિષે સાધ્વીજી ને વિગતવાર ચર્ચા કરીને સંસ્થાના સેવાકીય હેતુ વિષે વાત કરી હતી.જેના થી પ્રભાવિત થઈને મહાસતીજી એ લોકોને ચક્ષુદાન તથા દેહદાનનો મહિમા લોકોને સમજાવતો મેસેજ આપ્યો તથા જૈન ધર્મમાં ચક્ષુદાન તથા દેહદાનનો શું મહિમા રહેલો હે તેની વિગત વાર સમજ આપતો મેસેજ આપવામાં આવ્યો અને મહાસતીજી દ્વારા લોકોને ચક્ષુદાન તથા દેહદાન કરવાની અપીલ કરવામાં આવી હતી.

માલિકે શારીરિક સંબંધો બાંધવા કર્મચારીને બ્લેકમેઈલ કરતા ફરિયાદ નોંધાઈ

સુરત

સુરતના અલથાણ વિસ્તારમાં રહેતી અને ખાનગી સંસ્થામાં નોકરી કરતી ૨૯ વર્ષીય પરિણીતા ચાર વર્ષ પહેલાં એક ખાનગી સંસ્થામાં નોકરી કરતી હતી ત્યારે તે સંસ્થાના માલિક નરેશ ચાંપાભાઈ વાગડિયા સાથે તેનો પ્રેમ સંબંધ બંધાયો હતો અને તેમની વચ્ચે શરીર સંબંધ પણ બંધાયો હતો જોકે પોતે પરણિત હોવાને લઈને આ યોગ્ય નહિ લગતા તેને માલિક સાથેના સબધ પુરા કરી નાખ્યા હતા. પણ માલિક નરેશ આ પ્રેમ સંબંધ ચાલુ રાખવા માટે સતત દબાણ કરતો હતો.

માલિકના દબાણમાં આવી આ યુવતિએ પોતાની નોકરી છોડી દીધી હતી. જોકે, ત્યારે બાદ આ યુવતિના પ્રેમમાં પાગલ થયેલો માલિક યુવતિને ધમકી આપતો હતો કે, તે તેના પતિને તેમના સંબંધ વિશે જણાવી દેશે. નરેશ યુવતિને કથિત રીતે તેના ઘર પાસે આવીને હેરાન પણ કરતો હતો. સોશિયલ મીડિયા પર પણ મળવા માટે અને શરીર સંબંધ બાંધવા માટે દબાણ કરતો હતો.

દરમિયાન નરેશે અજાણ્યા નંબર પરથી યુવતિના પતિને મેસેજ કરીને યુવતિ સાથેના સંબંધની માહિતી આપી દીધી હતી. આ ઘટના બન્યા બાદ યુવતિએ તેના પતિને નરેશ વાગડિયા વિશેની તમામ હકીકત જણાવી દીધી હતી. જેના પગલે પૂર્વ પ્રેમીના આ પ્રકારના માનસિક ત્રાસથી ત્રાસેલી પરિણીતાએ તેના પતિ સાથે જઈ ઉમરા પોલીસ સ્ટેશનમાં નરેશ ચાંપાભાઈ વાગડિયા વિરુદ્ધ છેડતીની ફરિયાદ નોંધાવી હતી. ઉમરા પોલીસે ફરિયાદ નોંધીને આરોપી વિરૂદ્ધ તપાસ શરૂ કરી છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્સિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

સ્ટેચ્યુ ઓફ યુનિટી પછી પ્રવાસીઓમાં સૌથી વધુ આકર્ષણ જમાવતું ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક



● ગરુડેશ્વર તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓના બાળકો ને મફત વિઝીટ કરાવાઈ,આ પાર્કનો મુખ્ય ઉદ્દેશ 'સહી પોષણ દેશ રોશન'ના થીમનો છે.

● ટ્રાયલ બેઝ થી ચાલુ કર્યું છતાં બે મહિનામાં ૧૫ હજાર થી વધુ પ્રવાસીઓ નોંધાયા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે ૨૦ હજાર સ્કેરફૂટ માં વિકસાવેલ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક હાલ પ્રવાસીઓનું સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. હાલ તેને ટ્રાયલ બેઝ માટે શરૂ કરવામાં આવ્યું છે છતાં ૧૫ હજાર થી વધુ પ્રવાસીઓ નોંધાઈ ચુક્યા છે. આજના બાળકો જંકફૂડના ખોરાક સામે ન્યૂટ્રિશિયનની માહિતી આપતું આ થીમ પાર્ક ભારતમાં પ્રથમ પાર્ક છે જે બાળકો માં ખુબ આકર્ષણ જમાવી રહ્યું છે.આ સાથે ગરુડેશ્વર તાલુકાના ૫૦૦૦ થી વધુ પ્રાથમિક શાળાના બાળકોને મફતમાં નર્મદા નિગમના સ્ફ ડો.રાજીવ ગુપ્તા અને નર્મદા ડીડીઓ ડો.જીન્સી વિલિયમ્સ દ્વારા વિનામૂલ્યે ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક બતાવવામાં આવ્યુ .

ચિલ્ડ્રન પાર્કનું મેન્જમેન્ટ કરતા પ્રતીક માથુરે જણાવ્યું હતું કે આ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક એ એક અનોખો થીમ પાર્ક છે જે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખાસ બનાવડાવ્યો છે. આ પાર્કનો મુખ્ય ઉદ્દેશ 'સહી પોષણ દેશ રોશન'ના થીમ હેઠળ બાળકોને તંદુરસ્ત આહાર અને ગુણવત્તાયુક્ત પોષણ અંગે મહત્વપૂર્ણ માહિતી આપવાનો છે.તે સાથે ઉચ્ચ ગુણવત્તાવાળા મનોરંજન સાથે ટેક્નોલોજીથી સમૃદ્ધ પ્રદર્શનો યોજવાનો છે. આ અનોખો થીમ પાર્ક ભારતમાં આ પ્રકારનો પહેલો પાર્ક હશે અને તે માત્ર ભારતના જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના બાળકો અને માતા-પિતાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે. જેમાં મુખ્ય આકર્ષણ તેની ન્યુટ્રિ ટ્રેઈન છે જે ૬૦૦ મીટર લાંબા ટ્રેક પર દોડી રહી છે. અને જે બાળકોને વિવિધ સ્ટેશનોની સફર કરાવી રહી છે. આ સ્ટેશન્સ પોષણના આવશ્યક તત્વોના આધારે તૈયાર કરવામાં આવ્યા છે. આ ટ્રેન પાંચ સ્ટેશનનો પર જાય છે જેમાં કાયા પૌષ્ટિક અહાર છે, શાકભાજી ફળ ની માહિતી આપે છે બીજું દૂધ,ત્રીજું ઘરની રસોઈ, ચોથું પાણીનું મહત્વ અને રમત ગમત સાથે ગેમઝોન બાળકો માટે હોટ ફેવરિટ બની રહ્યું છે.

દેવલિયા ચોકડી પાસેથી ચોરાયેલી બાઈકના આરોપીઓનો નિર્દોષ છુટકારો



આરોપી તરફના વકીલ તૌસીફ ઠાકોરની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી, ૧૫ મૌખીક પુરાવા તેમજ ૪ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરતા નિર્દોષ છુટકારો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગત તા.૨૯/૦૩/૨૦૧૭ ના રોજ રાત્રે તિલકવાડા ની દેવલિયા ચોકડી પાસેની નર્મદા હોટલ સામે મહેશ દામોર નામક વ્યક્તિએ પોતાની બાઈક પાર્ક કરી હોય એ હોટલ માં ગયા બાદ આવીને જોતા તેમની બાઈક જેની કિંમત ૩૫,૦૦૦/-રૂપિયા ની કોઈ ચોરી કરી ગયું હોવાની જાણ થતાં આ બાબતે તેમણે તિલકવાડા પો.સ્ટે.માં ફરિયાદ આપી હતી ત્યાં ચોરીનો ગુનો રીતેશ ઉર્સિંગભાઈ ડુ.ભીલ તથા અરવિંદ રેશમાભાઈ ભીલ વિરુદ્ધ દાખલ થતા આ કેશ તિલકવાડા કોર્ટમાં ચાલતા કોર્ટે આરોપીઓ વિરૂધ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કર્યો હતો.આ કેસમાં આરોપી ઓના બચાવ પક્ષે જાણીતા વકીલ તૌસીફ એ.ઠાકોર હાજર રહી ૧૫ મૌખીક પુરાવાઓ તેમજ ૪ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરતા વકીલ તૌસીફ એ.ઠાકોરની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી તિલકવાડા જયુ.ફ.ક. મેજીસ્ટ્રેટે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

નાંદોદના એક ગામમાં સ્કૂલ વર્દીના રીક્ષા ચાલકની વિધવા મહિલા સાથે દાદાગીરી બાદ અભયમ્ મદદે પહોંચ્યું

અગાઉ જે રીક્ષામાં બાળકો જતા હોય તે રીક્ષાવાળા વ્યસની હોય બીજી રીક્ષાવાળા સાથે મોકલતા વિધવા મહિલા ઉપર હુમલો કરી બહાર નીકળીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપતા મામલો પોલીસ મથકે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નજીકના એક ગામમાં રહેતી વિધવા મહિલા તેના બે બાળકો અને સાસુ સાથે રહેતી હોય શાળા એ જતા બાળકોને પાડોશી ની રીક્ષામાં શાળા એ મોકલતા હતા પરંતુ એ રીક્ષા વાળા વ્યસની હોય સમયસર ન પહોંચતા મહિલા એ અન્ય એક રીક્ષાવાળાને વર્દી મારવા કહેતા પાડોશી રીક્ષાવાળો ચિડાયો અને મારી રીક્ષામાં કેમ બાળકોને મોકલવાનું બંધ કર્યું તેમ કહી આ વિધવા મહિલા ઉપર હુમલો કરી તેના ઘરના દરવાજા તોડી નાંખી ધમકી આપી કે બહાર નીકળીશ તો જાન થી મારી નાંખીસ જેથી ડરી ગયેલા સાસુ વહુને પોતાનું અને બાળકોનું રક્ષણ કેવી રીતે કરવું તે સમજ ન પડતા આખરે અભયમ મહિલા હેલ્પલાઈનમા ફોન કરતા રાજપીપળા અભયમ ટીમ સ્થળ પર પહોંચી બંને વચ્ચે સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ રીક્ષા ચાલકે જણાવ્યુ કે તમારે ફાવે તે કરો મારી રીક્ષામા બાળકો નહી મોકલે તો તેમને સ્કૂલમા જવા નહી દઈશ તેવી ધમકી આપી જેથી આ મહિલા ગભરાઈ જતા પોલીસ રક્ષણ માટે અભયમને જણાવતા અભ્યમ ટીમે રાજપીપળા પો.સ્ટે.મા મામલો સોંપી વિધવા મહિલાની મદદ કરી હતી.



નાંદોદના રૂંઢ ભીલવાડા ગામની નદીમા નાહવા પડેલા આધેડનું ડૂબી જતાં મોત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લાના નાંદોદ તાલુકામાં કરજણ નદીમાં નાહવા ગયેલા આધેડ વ્યક્તિનું ડૂબી જતાં મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર રૂંઢ ભીલવાડા ગામના મનહરભાઈ ભઈલાલભાઈ વસાવા(ઉ.વ.૫૫) ગત ૭ જાન્યુઆરી ના રોજ સાંજે ૫ વાગે રૂંઢ ભીલવાડની નદીમા નાહવા પડ્યા હતા તે દરમ્યાન પાણીના વહેણમા તણાઈ જતા ઉંડા પાણીમા ગરકાવ થતા તેઓ ડુબી ગયા હોય તેમની શોધખોળ ચાલુ હતી ત્યારે તા.૯ જાન્યુઆરીના રોજ નર્મદા નદીમાથી તેમનો મૃતદેહ મળતા રાજપીપળા પોલીસે અ.મોત દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગરુડેશ્વરના લીમખેતર ગામે પરણીતાને ત્રાસ આપનાર સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ



પરણીતા પર ખોટો શક કરી છુટાછેડા ન લે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્રાસ આપનાર ૬ વિરુદ્ધ ગુનો દાખલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ફુલવાડી ગામની આશાબેન કાંતિભાઈ તડવીના ગરુડેશ્વર ના લીમખેતર ગામમાં લગ્ન થયા બાદ દસ વર્ષ સુધી સારી રીતે રાખ્યા બાદ તેમનો પતિ ઈન્દ્રજીત નાનજીભાઈ તડવી આશાબેન પર ખોટો શક વહેમ રાખી ઝઘડો કરી શારિરીક માનસિક ત્રાસ આપતો હતો તથા અન્ય સાસરિ વાળાઓ પણ છુટાછેડા ન લે તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી એક બીજાની મદદ કરતા હોય કંટાળેલી આશાબેને રાજપીપળા મહિલા પો.સ્ટે.માં પતિ-ઈન્દ્રજીત, સસરા-નાનજીભાઈ બોખરભાઈ તડવી, સાસુ- રૂપાબેન નાનજી ભાઈ તડવી, બે કાકા સસરાઓમાં- ઈશ્વરભાઈ બોખર ભાઈ તડવી તથા ભાણાભાઈ બોખર ભાઈ તડવી તેમજ જેઠ-વિક્રમભાઈ રામાભાઈ તડવી(તમામ રહે-લીમખેતર) વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે આ ૬ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

નર્મદા ખાણ ખનીજ વિભાગનો માઈન્સ સુપરવાઈઝર ૨૦ હજાર લાંચ લેતા ઝડપાયો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાંથી ઓવરલોડ રેતી ભરીને બેરોકટોક મોટી હાઈવા ટ્રકો સુરત જતી હોવાની બુમો ઉઠી હતી.ઓવરલોડ હોવાને લીધે પોલીસ,ખાણખનીજ અને RTO થી બચવા માટે ટ્રક ચાલક બેફાન સ્પીડથી ટ્રક હંકારતા હોવાથી નર્મદા જિલ્લામાં અકસ્માત મોતના ઘણા બનાવો બન્યા પણ છે.નર્મદા જિલ્લામાં ખાણ ખનીજ વિભાગની રેહમોંજર હેઠળ છોટાઉદેપુરના બોડેલીથી વાયા રાજપીપળા થઈ સુરત રોજની અઢળક ટ્રકો પસાર થતી હોય છે.ત્યારે નર્મદા જિલ્લા ખાણ ખનીજ વિભાગનો માઈન્સ સુપરવાઈઝર દીપેશ કાંતિભાઈ દીવેટીયા ટ્રક ચાલક પાસેથી ૨૦ હજારની લાંચ લેતા સુરત ACB ના હાથે રંગેહાથ ઝડપાયો હતો.આ ઘટના નર્મદા જિલ્લા ખાણખનીજ વિભાગ ભ્રષ્ટાચારમાં ખરડાયેલું હોવાનું પુરવાર કરે છે.

સુરત વિસ્તારના એક જાગૃત નાગરિક



છોટાઉદેપુરના બોડેલીથી રેતી ભરી સુરત ખાતે લાવી ધંધો કરે છે.ગઈ ૦૭/૦૧/૨૦૨૦ના રોજ તેઓની ટ્રક રેતી ભરી સુરત ખાતે લાવતા હતા તે દરમ્યાન રાત્રીના આશરે દસેક વાગે એ ટ્રક કેવડીયા નજીક માઈન્સ સુપરવાઈઝર દીપેશ કાંતિભાઈ દીવેટીયાએ રોકીને જણાવ્યું કે ટ્રકમાં ઓવરલોડ રેતી ભરેલ છે જેથી તમારી ગાડી જમા થઈ.તો ટ્રક ચાલકે એમ કહ્યુ કે મારી ગાડી ઓવરલોડિંગ નથી તેમ કહી આજીજી કરવા છતાં પણ દીપેશ દિવેટિયા માન્યા નહિ અને ગાડી જમા ન કરવી હોય તો ૩૦,૦૦૦ રૂપિયા આપી દો તેમ કહેતા ટ્રક ચાલકે રકઝક કરતા ૨૦ હજારમાં મામલો પત્યો હતો, બે-ત્રણ દિવસમાં રૂપિયા આપી જજો નહી તો તમારી ગાડી જમા કરી દેવા દીપેશ દિવેટિયાએ જણાવ્યું હતું.

બાદ એ ટ્રક ચાલકે સુરત ACB માં આ મામલે ફરિયાદ કરી હતી.એ ફરિયાદને આધારે સુરત ગ્રામ્ય ACB PI આર.કે.સોલંકીએ છટકાનું આયોજન કર્યું હતું.અને ૧૦મી જાન્યુઆરીએ રાજપીપળાના વાવડી રોડ પર આવેલી ARTO ના કેમ્પસમાં દીપેશ દિવેટિયા ટ્રક ચાલક પાસેથી લાંચની રકમ રૂપિયા ૨૦,૦૦૦ /- સ્વીકારતા રંગે હાથ ઝડપાઈ ગયો હતો.બાદ સુરત ACB ના અધિકારીઓએ કાયદેસરની કાર્યવાહી કરી આરોપી દીપેશ દિવેટિયાને નર્મદા ACB ને સોંપ્યો હતો.

કેવાયસી અપડેટ કરવાના બહાને મહિલા સાથે ૧.૭૫ લાખની ઠગાઈ

સુરત

જહાંગીરપુરાની મહિલા બેંક એકાઉન્ટમાંથી રૂા.૧.૭૫ લાખ ગાયબ થઈ ગયા હતા. અજાણ્યા મોબાઈલ ફોન ધારકે પેટીએમનું કેવાયસી કરવાના બહાને બેંકની વિગતો મેળવી રૂપિયા ટ્રાન્સફર અથવા ઉપાડી લેવાયા હતા.

રાંદેર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ જહાંગીરપુરા કેનાલ રોડ, બ્લ્યુબેલ્સ એપાર્ટમેન્ટમાં રહેતાં તોરલબેન જયેશભાઈ મિસ્ત્રીને અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો. આ અજાણ્યા વ્યક્તિએ પેટીએમના કેવાયસી રદ હો રહા હૈ, કેવાયસી અપડેટ કરવાના પડેગા તેમ જણાવી ફરિયાદીને ગુગલ પ્લે સ્ટોર ઉપરથી વ્યુઅર એપ્લીકેશન ઈન્સ્ટોલ કરાવી પેટીએમ મારફતે ગોલ્ડ સ્કીમ ઓપ્શનમાં એક રૂપિયો ટ્રાન્સફર કરાવી બેંકની વિગતો મેળવી ફરિયાદીના બે બેંક એકાઉન્ટમાંથી રૂા.૧,૭૫,૦૦૧ ઉપાડી લઈ વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. રાંદેર પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

કડોદરા જીનિંગ પ્રોસેસ મિલના ગેટ સાથે દોડતી ટ્રક અથડાઈ

ટ્રક જોરદાર રીતે અથડાતા ગેટ ધરાશાયી

સુરત

કડોદરા ખેડૂત સહકારી જીનિંગ પ્રોસેસિંગ મિલના મુખ્ય ગેટ સાથે એક ટ્રક ચાલકે પોતાની ટ્રક અથડાવી રૂા.૯૦ હજારનું નુકસાન કરી ટ્રક મૂકીને ચાલક ફરાર થઈ ગયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પલસાણા તાલુકાના વડતલા ગામના વટેકા ફળીયામાં પવન પટેલ રહે છે તેઓ કડોદરા ખેડૂત સહકારી જીનિંગ સોસાયટીમાં નોકરી કરે છે. ગતરોજ રાત્રિના સુમારે જીજે-૬-વીવી-૪૮૨૫ નંબરના ટ્રક ચાલકે પોતાની ટ્રક પૂરપાટ ઝડપે હંકારી જીનિંગ સોસાયટીના ગેટને અથડાવી રૂા.૯૦ હજારનું નુકસાન કરી ચાલક ટ્રક મૂકીને ફરાર થઈ ગયો હતો. પવન પટેલે કડોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વરાછામાંથી જુગાર રમતા છ ઝડપાયા

સુરત

વરાછા પોલીસે બાતમીના આધારે જવાહરનગરમાં જુગાર રમતાં છ જણાની ધરપકડ કરી રોકડા રૂપિયા ૩૬૫૦૦ કબજે કર્યા હતા.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ જુગાર રમતા ભીખા મકવાણા, રમેશ બલદાણીયા, ધનજી બારૈયા, મેહુલ જાંબુસા, વિજય મકવાણા, વિજય જોગરાણાની જુગારધારા અન્વયે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે દાવ પર લાગેલા રોકડા ૬૫૦૦ અને અંગઝડતીમાં રોકડા રૂપિયા ૩૦,૦૦૦ કબજે કર્યા હતા.

મોડાસામાં યુવતી પર ગેંગરેપ અને હત્યા કેસમાં ન્યાય માટે માંગણી

સ્વાભિમાન સંસ્થા દ્વારા સુરત જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત

સુરત

ગુજરાતના મોડાસામાં રહેતી એક દલીત સમાજની યુવતીનું અપહરણ કરી સામૂહિક બળાત્કાર ગુજારવાના બનાવમાં સ્વાભિમાન સંસ્થાના પ્રમુખ જયંતીભાઈ વાઘેલાએ સુરત જિલ્લા કલેક્ટરના માધ્યમથી મુખ્યમંત્રીને એક આવેદનપત્ર સુપરત કર્યું હતું અને આવેદનપત્રમાં જવાબદારો સામે તાકીદે પગલા ભરવાની માંગણી કરી હતી.

જિલ્લા કલેક્ટરને સુપરત કરવામાં આવેલા આવેદનપત્રમાં જણાવાયું હતું કે, સૈતાની તાકાતો ખાસ સમુદાયો એવા દલિત સમાજનાં લોકો પર શારીરિક તેમજ માનસિક અત્યાચારો કરવામાં પીછેહટ નથી કરતા. દલિત સમાજના લોકો પર દર્દનાક ભયંકર અત્યાચારો કરી આ સમાજનું અસ્તિત્વ મીટાવાની પૂર્વજોર કોશિશ ચાલી રહી છે. જેના ભાગ સ્વરૂપે મોડાસામાં દલિત સમાજની એક દિકરીનું સરેઆમ અપહરણ કરવામાં આવ્યું. તેમજ તેની સાથે દર્દનાક ગેંગરેપ કરવામાં આવ્યું. ત્યાંથી પણ મન ના ભરાય આ હવસખોરોએ તેની કરપીણ હત્યાને અંજામ આપ્યો. આ બાબતની ફરિયાદ શુદ્ધા સ્થાનિક પોલીસ સત્તાવાળાઓએ હાથ ના લીધી હોય જે ઘણી દુઃખની વાત છે. ગુજરાતની વર્તમાન સરકાર બેટી બચાઓ બેટી પઢાઓના નારા લઈને ચાલનારી સરકાર આજે બેટીને ભણાવવા કે બેટીને બચાવવામાં સાવ નિષ્ફળ ગઈ છે.

આ છતા પણ આ ગુજરાતની રૂપાણી સરકારનું પેટનું પાણી પણ હાલતુ નથી. કેમકે આ તો દલિત સમાજની દિકરી સાથેનો બનાવ હોય માટે સરકાર આ મામલામાં સંવેદનશીલ નથી જે ઘણી શર્મની વાત છે. જો આપણામાં થોડી ઘણી પણ માનવતા હોય તો મુખ્યમંત્રી અને ગુજરાતના ગૃહમંત્રી તાકીદે રાજીનામું આપે અને હત્યારાઓને પકડીને તાકીદે ફાંસીના ફંદા સુધી મોકલે જેથી આ બેટીની આત્માને શાંતિ મળે તેમજ બીજી વખત આવા અધર્મીઓના પાકે તેવી ખાસ કાળજી લેવા પોલીસ ખાતાને તાકીદ કરવી જો આ બાબતે ગંભીરતાથી કાર્યવાહી ના કરવામાં આવે તો આવનારા સમયમાં જવલન આંદોલન કરવામાં આવશે.